
કુમાર

ડિસેમ્બર ૧૯૪૫ · ૨૬૪

આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ



ઘરશણગાર ચિત્રકાર: રમેન્દ્રનાથ ચક્રવર્તી

તંત્રી · બચુભાઈ રાવત

કુમાર

ડિસેમ્બર ૧૯૪૫

અંક ૨૬૪

પ્રકાશન તા. ૧૫-૧૨-૧૯૪૫

ચિત્રો

ઘરશણગાર — રમેન્દ્રનાથ ચક્રવર્તી પૂઠું

ત્રણ પેઢી — કનુ દેસાઈ ત્રિરંગી મુખચિત્ર

અંધ ગાયક — રમેન્દ્રનાથ ચક્રવર્તી પૂઠનું ત્રીજું પાનું

મોહનમૂર્તિ — સૌ. ભદ્રા દેસાઈ „ „ „

કાવ્યો

દુઃખનું કેટલું જોર — રાજેન્દ્ર શાહ ૨૭૧

અગમ્યને — પતીલ ૨૭૧

મહાગાયકને — રતિલાલ છાયા ૨૭૧

ચરિત્ર

ચીઆંગ-કાઇ-શેક — યશવન્ત શુક્લ ૨૭૨

વાર્તા

હલકારો — રમણિક મેઘાણી ૨૭૪

લેખો

મૂર્તિશાસ્ત્ર પરિચય [૬] — અમૃતલાલ વ. પંડ્યા ૨૮૦

રૉંટજન-ક્ષ-કિરણો — સુરેન્દ્ર ધોળકિયા ૨૮૧

ધૂળ વિષે કાંઈક વધુ — કાન્તિલાલ છ પંડ્યા ૨૮૯

રસદર્શન [૨૧] — હરિપ્રસાદ વ્ર. દેસાઈ ૨૯૧

વિભાગો તથા પ્રકીર્ણ

કોણ કેટલું જીવે છે — (ચિત્રજ્ઞાન) ૨૭૦

આપણી રાષ્ટ્રીય મિલ્કત — „ ૨૭૦

Our Friends Abroad (પરદેશી મિત્રોના પત્રો) — ૨૮૮

અથાણું — ૨૮૮

નવાં પુસ્તકો — ૨૯૦

હૂપાહૂપનાં પરાક્રમો (ચકોરની કટાક્ષકથા) — ૨૯૨

માધુકરી — ૨૯૩

આ માસ ઇતિહાસમાં — ૨૯૬

છેલ્લું પાનું — ૨૯૭


વાર્ષિક સાંકળિયું — ૨૯૮


લેખકોને

વર્તમાન સંજોગોમાં લેખો ઘણા ટૂંકા અને મુદ્દાસર હોવા જરૂરી છે; તેમજ પોતાના લેખને માટેનો ઉત્તર, અથવા અસ્વીકૃત લેખ પાછો મેળવવા ઈચ્છા હોય તો લેખ સાથે પૂરતું પોસ્ટેજ મોકલવું પણ આવશ્યક છે.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન. એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.





બીજા દેશોને મુકાબલે આપણા દેશનું જીવિતપ્રમાણ કેટલું છે અને આપણા દેશની મિલકત પ્રજામાં કયા પ્રમાણમાં ફાળે આવે છે, એ બતાવતા બે આલેખ [ચી. ન. વિદ્યાવિહારના સૌજન્યથી]

દુ:ખનું કેટલું જોર?

ભાઇ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર.
ભાઇ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?

ભારનું વાહન કોણ બની રહે નહિ અલૂણનું કામ
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન;
સજલ મેઘની શાલ પે સોહે રંગધનુષની કોર
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?

જલભરી દૃગ સાગર પેખે, હસતી કમળ ફૂલ,
કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાય દુકુલ:
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?

આપણે ના કંઇ રંક, ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર:
આભ ઝરે ભલે આગ, હસીહસી ફુલ ઝરે ગુલમ્હોર
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?

રાજેન્દ્ર શાહ

અગમ્યને

· વસંતતિલકા ·

યા તો મને જિગર આપ તું આશનાનું,
યા જોર આપ જુલમો તુજ સાંખવાનું:
પેદા થયો પ્રથમ ખ્યાલ મહીં તહારા,
તે બાદ તેકું જગમાં થયું જન્મવાનું.

સો જિંદગી તુજ પરે મુજ જાઉં વારી,
જો એક વાર નજરે તું પડે મહારી;
પૂરી થશે ક્ષણ મહીં અમ વિશ્વયાત્રા—
પૂરી હજી થઇ શકી નથી શોધ તારી.

તારું સ્વરૂપ નવ ખ્યાલ મહીં સમાતું,
દીસે ન સાચું સઘળું અહીં જે જણાતું:
દે હાથ મૂકી નિજ સૂક્ષ્મ વિચારશક્તિ,
રહેતી લગાર સુધ ના, ગુમ ક્યાં થવાતું ?

તારા મહેલ ભણી કો પગલી ન પ્હોંચી,
કેડી ન પ્હોંચી અથવા પગથી ન પ્હોંચી:
કેવી ગલી મહીં મુકામ કરી રહ્યો છે
કે જેહના તરફ કોઇ ગલી ન પ્હોંચી ?

છે તારું માલિકપણું હકથી પુરાના,
થાશે કદી ન રદ—જાય ભલે જમાના:
રાખે ખુમારી અમને તું વિસર્જવાની,
તો કેમ કોડ અમને ન ફના થવાના ?

છે જે પસંદ તુજને અમને ય હો તે
ને જેહ તારી મરજી અમ ધ્યેય હો તે!
બક્ષેલ તારું તુજ કાજ ગુજારવામાં
ના ઢીલ હો—નવ કદીય અદેય હો તે!

પતીલ

આપનું લવાજમ

આ અંક સાથે પૂરું થાય છે

સિવાય કે આપ વર્ષ દરમ્યાન અધવચ્ચેથી ગ્રાહક થયા હો. એ વિષેની વિગતે જાહેરાત પૃ. ૨૮૩ ઉપર આપી છે તે સંપૂર્ણપણે વાંચી જવા અને તેમાં દર્શાવ્યા મુજબના ખબર વેળાસર અમને પહોંચાડવા વિનતિ છે. આશા છે કે આપ એટલો સહકાર અવશ્ય આપે.

મહાગાયકને

(ભૈરવ)

ધ્વનિત કરો સ્વરલિપિ!
એવી ધ્વનિત કરો સ્વરલિપિ!
હે! મહાગાયક!
ધ્વનિત કરો સ્વરલિપિ!

વીણ નખલી વીણ અંગુલિ બાજે
જનગણમન ઉરગીતિ;
નહિ નાયક, નહિ વાહક તો યે
સભર એની રસ-રીતિ!
એવી ધ્વનિત કરો સ્વરલિપિ!–હે૦


સૂરજ, ચંદર રાસ ચગે સુણી
ચગતી પૃથ્વી-પરિધિ;
નવલખ સૂરે વ્યોમ ભરી દે
તારક-તેજ-સમિતિ!
એવી ધ્વનિત કરો સ્વરલિપિ!–હે૦

ફૂલહિંડોલે કોયલ ડોલે,
ડોલે તરુકુલ-વીથિ;
વિશ્વહૃદયનાં ક્ષુબ્ધ સિંહાસન
ગાઓ મેળ અતિથી!
એવી ધ્વનિત કરો સ્વરલિપિ!–હે૦

સાયર ડોલે, મેદિની ડોલે,
ડોલે આભ-અદિતિ;
આનંદ છંદ અખંડ ઝરે ઓ
થલથલ પ્રેમ-પ્રતીતિ!
એવી ધ્વનિત કરો સ્વરલિપિ!–હે૦

રતિલાલ છાયા

ચીન જેવા વિશાળ ને ઘોરતા દેશને જાગ્રત અને



'યુનાઇટેડ નેશન્સ ચાર્ટર' ઉપર ચીન વતી સહી કરતા ચ્યાંગ (USIS)

ભારતની માફક ચીન પણ અત્યંત પ્રાચીન દેશ છે. કાળમાં પાછા ને પાછા જઈએ તો ૪૦૦૦ વર્ષ સુધી તો સહેજે પહોંચી જવાય એટલો બધો પુરાતન એ દેશ છે. આજે સુધરેલા ગનાતા પાશ્ચાત્ય દેશો હયાતીમાં પણ નહોતા, અથવા હતા તો અર્ધ પ્રાકૃત અવસ્થામાં જેમતેમ જીવતા હતા, ત્યારે ચીનની સંસ્કૃતિનો મધ્યાહ્ન તપતો હતો. શાણો સૉલોમન યુરોપની ધરતી પર અવતર્યો પણ નહોતો ત્યારે ચીનવાસીઓ લાકડાના હળથી ખેતી કરતા હતા, લાંબા રેશમી ઝભ્ભા પહેરતા હતા અને કાવ્યો લખતા હતા. મહાન આલ્ફ્રેડ જ્યારે નિરક્ષર ઇગ્લંડ પર રાજ્ય કરતો હતો ત્યારે ચીનવાસીઓ છાપેલાં પુસ્તકો વાંચતા હતા. પોર્સિલેન (માટીકામ)નાં કારખાનાં ઇંગ્લંડમાં તો બસો વર્ષ ઉપર જ નંખાયાં, પણ આજથી બે હજાર વર્ષ પહેલાં ચીનના એક એક પોર્સિલેનના કારખાનામાં ત્રણસો ત્રણસો ભઠ્ઠીઓ બળતી. ચીન જઈ આવીને માર્કો પોલોએ પોતાના લોકો સમક્ષ જ્યારે એની સમૃદ્ધિ અને સંસ્કૃતિનું—એના દબદબાભર્યા દરબારોનું, જાહેર મકાનોનું, સ્નાનાગારો અને આરામગૃહોનું, રાંધવાકરવામાં વપરાતા કોલસાનું તથા એની મોટીમોટી ખાણોનું, દારૂખાનાનું અને એવી તો કંઇ યે વાતોનું જ્યારે વર્ણન કરેલું ત્યારે લોકોના તો માન્યામાં પણ એ નહિ આવેલું.

પણ પોતાની સંસ્કૃતિ ને ઉચ્ચતાના અભિમાનમાં ચીનવાસીઓ પુરાઈ રહ્યા. દુનિયાના બીજા ભાગોમાં શું થઈ રહ્યું છે તે જોવા કે જાણવાની એમને પડી નહોતી. પોતાના સિવાયના સૌ એમને મન જંગલી હતા. વળી દેશ મોટો હતો, પણ એના પુષ્કળ ભાગલા પડી ગયા હતા. કન્ફ્યૂશ્યસના સમયમાં જ સવાસો જેટલાં રાજ્યો હતાં. દરેક રાજ્યનો એક એક રાજા હતો. ઇ. સ. પૂર્વે ૨૨૦માં આ સઘળાં રાજ્યોએ 'શી' નામે સમ્રાટની આણ સ્વીકારી ને ચીનની આજની સીમાઓ સુધી એ સમ્રાટે પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું છતાં પેલાં રાજ્યો ને રાજાઓ તો રહ્યા જ. આજે પણ ચીન અઢાર રાજ્યોનો બનેલો વિશાળ ભૂમિખંડ છે.

પણ પોતાની ઉચ્ચતાના અભિમાનમાં મસ્ત ને આત્મસંતુષ્ટ ચીન જ્યારે ભૂતકાળના સુવર્ણયુગોનું સ્મરણ કરી રહ્યું હતું ત્યારે દુનિયાના બીજા ભાગો પોતાનો સુવર્ણયુગ સર્જવા મથી રહ્યા હતા. વેપાર કરવામાં ચીનવાસીઓને નાનમ લાગતી હતી ને કવિઓ તથા વિદ્વાનોના એ દેશમાં 'સૈનિક' તિરસ્કારનો વિષય હતો. એટલે જેમ હિંદમાં તેમ ચીનમાં પરદેશીઓ આવ્યા ત્યારે ચીનની આંખ ઊઘડી નહિ. અને જ્યારે ઊઘડી ત્યારે ઘણું મોડું થઇ ગયું હતું. ઈ. ૧૮૪૧ની સંધિથી કૅન્ટન, એમોય, ફુચાઉ નિંગપો અને શાંઘાઇ વગેરે બંદરો બ્રિટનના વેપાર માટે ખુલી ગયાં ને એક ખડકાળ ટાપુ ઉપર બ્રિટને હૉંગકૉંગ ઊભું કર્યું. રશિયા, ફ્રાન્સ, જર્મની અને જાપાન પણ ભાગ પડાવવાને આવી લાગ્યાં અને હાથ આવ્યા તે પ્રદેશો લઈ લઈને બેસી ગયાં.

ચીનવાસીઓને આ ગમતું તો નહોતું જ. એટલે વારંવાર પરદેશીઓ સાથે ઝઘડાઓ થવા લાગી. ૧૮૫૭માં ને ૧૮૯૪માં તો ખૂનખાર બખેડા ઊભા થયા. પણ એકેએક બખેડાનો લાભ પરદેશીઓને જ મળવા લાગ્યો. ૧૯૦૦માં જેને 'બૉક્સર બળવો' કહેવામાં આવે છે તે ફાટી નીકળ્યો. પરદેશીઓને તથા તેમને પક્ષે ભળેલા ચીનાઓને દેખ્યા ત્યાંથી પકડીપકડીને ઠાર કરવામાં આવ્યા. એમની કચેરીઓ બાળી મેલવામાં આવી અને ભયંકર સામુદાયિક કતલો થઇ. પરંતુ ચીનનું કાંઈ વળ્યું નહિ અને હતા તેથી બૂરા એના હાલ થયા. એનું માનસ જૂનું હતું, એનાં સાધનો જૂનાં હતાં; દેશમાં કુસંપ હતો અને પ્રમાદ પણ હતો.

પરંતુ પશ્ચિમના સંપર્કનો અનાયાસ લાભ એને એ થયો કે ચીનના રડ્યાખડ્યા યુવાનો પશ્ચિમના દેશો જાતે જઈ જોઇ આવ્યા ને ત્યાં જઇને તાલીમ પણ મેળવી આવ્યા. પરદેશીઓ દેશની કાંધે ચઢી બેઠા હતા તે એ લોકોથી જોયું જતું તો નહોતું, પણ એમને કાઢવા માટે શું કરવું જોઇએ તે હવે એમને બરાબર સ્પષ્ટ થયું હતું. એ માટે સૌથી વધુ મથન કરનાર, અનેક પ્રકારની યાતનાઓ ને સંકટો સહેનાર, ને જોખમો માથે લઇલઇને ફરનાર એક મહાપુરુષ ચીનને સુભાગ્યે મળી ગયો. એ મહાપુરુષ તે ડૉ. સુન યાટ સેન. 'ક્રાન્તિના જનક' તરીકે ચીન આજે એનાં સ્મરણને પૂજે છે. એણે 'કુઓમિન્ટાંગ' (રાષ્ટ્રીય પક્ષ) નામની સંસ્થાની સ્થાપના કરી. ક્રાન્તિને સિદ્ધ કરવા માટે ડૉ. સુન-યાટ-સેને 'ત્રણ સિદ્ધાન્તો'ને નામે મશહૂર કાર્યક્રમ દેશ આગળ મૂક્યો. એ ત્રણ સિદ્ધાન્તો તે 'પ્રજાની એકતા', 'પ્રજાનું સાર્વભૌમત્વ' અને 'પ્રજાનો નિર્વાહ'. કામ કપરૂં હતું, વિઘ્નસંતોષીઓ ને વિરોધીઓનો પાર નહોતો. છતાં ડૉ. સુન યાટ-સેને થાક્યા કે હાર્યા વિના અવિરત શ્રમથી, જાનને જોખમે પણ કામ ચાલુ રાખ્યું ને લોકોને સંગઠિત કરીને રાષ્ટ્રીય સરકારની સ્થાપના કરી. ચીનની એકતા, ચીનની અખંડતા, ચીનનો ઉત્કર્ષ, એ જ એ રાષ્ટ્રવીરના જીવનની એકમાત્ર ધૂન હતી. અંગત મહત્ત્વાકાંક્ષાથી એ સર્વથા અલિપ્ત હતા. ચીનની એકતાના હિતમાં એમણે એકવાર પ્રમુખપદનો પણ ત્યાગ કરી દીધો હતો. પરંતુ ૧૯૨૫ના માર્ચની ૨૫મીએ જ્યારે એ 'ક્રાન્તિના જનકે' કૅન્સરના દર્દથી દેહ છોડ્યો ત્યારે એમનું કાર્ય હજી પરિપૂર્ણ થયું નહોતું.

પણ સદ્ભાગ્યે એમના જીવનકાળમાં જ એમનું અધૂરૂં કાર્ય પૂરૂં કરે તેવો શિષ્ય અને સાથીદાર એમને આવી મળ્યો હતો. ચીનના ૪૦૦૦ વર્ષના પ્રમાણિત ઇતિહાસમાં અપૂર્વ એવું સંગઠન એણે પ્રેર્યું થાક્યા, હાર્યા કે કંટાળ્યા વિના, પ્રેમ ને ધીરજથી લોકોમાં ફરીફરી, પ્રચંડ જનશક્તિને એણે સૂતી જગાડી, ને આત્મરક્ષણ ને આત્મગૌરવ-

સ્વતંત્ર કરી જગતનાં મહાન રાષ્ટ્રોની હરોળમાં લાવી મૂકનાર · ચીનના આત્માના વ્યક્ત રૂપ સમો

ચ્યાંગ-કાઇ-શેક

ચીની ભાષામાં એનો અર્થ થાય છે: 'નિશ્ચલ ખડક.' અને પોતાની શ્રમસહિષ્ણુતા, ધ્યેયૈકયનિષ્ઠા, ધીરજ અને ખંતથી કપરી વિપત્તિઓનો સામનો કરી પાર ઊતરી આવવામાં એ નામ એણે સાર્થક કરી બતાવ્યું છે.

નો મંત્ર એને આપ્યો. દુનિયાનાં બીજાં રાજ્યો જ્યારે ઘોરતાં હતાં ત્યારે એણે જાપાનના ભય સામે એમને ચેતવ્યાં ને એકલે હાથે અનેક વિષમતાઓ સામે જુદ્ધ ખેડી જાપાનની દુર્જેયતાનો ભ્રમ પણ તેણે જ ભાંગ્યો ચીનના આત્માના વ્યક્તરૂપ સમા એ મહાભાગ નરનું નામ ચીઆંગ-કાઈ-શેક. ચીઆંગ એ કુળનામ છે ને હંગેરી ને જાપાનની પેઠે વ્યક્તિના નામની આગળ મુકાય છે. કાઇ-શેક એનું પોતાનું નામ છે. કાઈ-શેકનો અર્થ ચીની ભાષામાં 'નિશ્ચલ ખડક' એવો થાય છે. એ નામ એણે સાર્થક કરી આપ્યું છે. ગાંભીર્ય, ધ્યેયૈકનિષ્ઠા, શ્રમસહિષ્ણુતા, ધાર્મિકતા અને સ્વસ્થતાના ગુણોને લીધે કોઈ પણ દેશમાં જન્મ પામીને ચીઆંગ કાઇ-શેકે પોતાની પ્રતિભા વડે મામ મુકાવ્યો હોત. પણ ચીન જેવા વિશાળ ને ઘોરતા દેશને જે નિષ્ઠા, ધીરજ ને ખંતથી એણે જાગ્રત ને સ્વતંત્ર કર્યો, એટલું જ નહિ જગતનાં મહાન રાષ્ટ્રોની હરોળમાં લાવીને મૂકયો તે તો જે વિરલ પરાક્રમો ઇતિહાસને ચોપડે ચઢયાં છે તે પૈકીનું એક વિરલ ને અદ્‌ભુત પરાક્રમ છે.

ઈ. ૧૮૮૭ના ઑક્ટોબરની ૩૧મીએ, ચેકિયાંગ પ્રાંતના ફેંધુઆ જિલ્લાના નિંગો નજીક આવેલા ચિકાઉ નામના ગામડામાં કાઈ-શેકનો જન્મ થએલો. એનું બાળપણ ત્યાં જ વીત્યું હતું. એનો પિતા સુ—આન ગામડાનો નાનો વેપારી હતો. જોકે એના વડવાઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. કાઈ-શેક એના ત્રીજા લગ્નનું ફળ હતું.

દીકરાને મોટો થએલો જોવાને બાપ જીવ્યો નહિ. ઈ. ૧૮૯૫માં કાઇ-શેકને ૯ વર્ષનો મૂકીને ભરજુવાનીમાં સુ-આન ગુજરી ગયો ને તેના ઉછેરનો સઘળો ભાર માતા પર આવી પડયો નાનો કાઇ-શેક બડો તોફાની હતો. એની વિલક્ષણતાની ભાત નાનપણથી જ એણે પાડવા માંડેલી. ભણવામાં એનું ચિત્ત ચોંટયું નહિ. એ રમતગમતમાં જ પરોવાઈ રહેતો. હિંદની માફક ચીનમાં પણ બાળકોના ભણવાગણવા વિષેનો નિર્ણય કુટુંબના પુરુષ વડીલો જ કરતા હોય છે; અને લાકડાની તલવાર તથા લાકડાના ભાલાથી હોંસેહોંસે રમતા નાનકડા કાઇ-શેકને જોઇને એના દાદાએ એને લશ્કરી તાલીમ આપવાનો નિર્ણય કરી નાખ્યો. તેમ છતાં એના શિક્ષણની સઘળી વ્યવસ્થા મોટે ભાગે એની માતાએ જ કરેલી. ચીનવાસીઓએ જ્યારે પ્રચંડ ઉત્સાહથી ચીઆંગનો ૫૦મો જન્મદિન ઊજવેલો ત્યારે એણે પોતાની માતાને જે અંજલિ આપેલી તે પરથી ચીઆંગની નિઃસીમ માતૃભક્તિ ને કૃતજ્ઞબુદ્ધિનો તથા એ મહાપુરુષના ઘડતરમાં એ મહાન નારીનો કેવો ફાળો હતો તેનો ખ્યાલ આવી શકશે:

'મને નવ વર્ષનો મેલીને મારા પિતા મૃત્યુ પામ્યા ત્યાંથી માંડીને તે હું ૨૫ વર્ષનો થયો ત્યાં સુધી—પૂરાં સત્તર વર્ષ લગી, મારી માતા એક દહાડો ઠરીને બેઠી નથી, એક દહાડો એણે ચિન્તા વગર ગાળ્યો નથી. મારે ભાગતા ફરવું પડતું તેથી મારી કુશળતા વિષે એ ખૂબ ઉદ્વિગ્ન રહેતી તોપણ એ શાન્ત ને સ્વસ્થ રહેતી, ને ઘરની સંભાળ રાખવી, ઘરની પ્રતિષ્ઠા વધારવી એને પોતાનું કામ માનતી.

મારે કેમ વર્તવું તે એણે મને શીખવેલું. મહેનતનું કામ જાતે કેમ કરવું તે પણ એણે જ મને શીખવેલું. એ મને કહેતી કે આ દુનિયામાં ગમે ત્યાં જાઓ પણ બેહાલી, ભય, દુઃખ એ તો સઘળે રોજની વાતો થઈ પડી છે અને આત્મશ્રદ્ધા ને આત્મોન્નતિ વડે જ એમાંથી છુટાય એમ છે. કુટુંબમાંથી જ રાષ્ટ્રનો ઉદ્‌ભવ થાય છે એ પાઠ પણ એણે જ મને ભણાવ્યો. એ કહેતી કે સપૂત હોય તેને માત્ર માબાપો પ્રત્યેનો જ નહિ પણ દેશ પ્રત્યેનો ધર્મ પણ બજાવવાનો છે, દેશને જ એણે જાત સમર્પી દેવાની છે. જેણે પોતે જ આત્મનાશ નથી વહોર્યો તે બીજાનું સત્યાનાશ વાળી શકે નહિ; એ જ રીતે જે દેશ પોતાને હાથે જ પોતાનો વિનાશ નથી કરતો તેનો, બીજો કોઈ દેશ વાળ પણ વાંકો કરી શકે નહિ

કઠોર વાસ્તવિકતાના વાતાવરણમા અમે માદીકરો જીવન વ્યતીત કરતાં હતાં. તેમ છતાં મારા જીવનને સન્માર્ગે વાળવા માટે મારી માએ મારા અંતરમાં આ બોધવચનો કોતર્યા હતા માનવઇતિહાસમાંથી અન્યાય અને જુલમનો લોપ કરવાનું પણ એણે જ મને શીખવ્યું હતું. આવું છે મારી માતાનું ઋણ '

ફેંધુઆ અને લુંગચીંગની હાઈસ્કૂલમાં અભ્યાસ કરી રહી પેકીંગ નજીક આવેલી મિલિટરી ઍકેડેમીમાં ચીયાંગ દાખલ થયા ત્યાં એમની શક્તિઓ ઝળકી ઊઠી એટલે આગળ અભ્યાસ માટે ચીની વિદ્યાર્થીઓ માટેની ટોકિયોની મિલિટરી ઍકેડેમીમાં એમને ૧૯૦૭માં મોકલવામાં આવ્યા. ૧૯૦૯માં એ જાપાની સૈન્યમાં જોડાયા. ગંભીર અભ્યાસનિષ્ઠ વિદ્યાર્થી તરીકેની એમની પ્રતિષ્ઠા બંધાઇ હતી. ખરી વાત એ હતી કે વત્સલ, સંસ્કારી ને પ્રભાવશાળી પણ ગરીબ માતાના એ ધ્યેયનિષ્ઠ પુત્રને નિરૂદ્દેશ, અવ્યવસ્થિત, વિલાસી જીવન પોસાય એમ જ નહોતું. નાનપણથી જ એમના જીવનમાં આત્મનિગ્રહ અને યોજનાનાં તત્ત્વો ભળ્યાં છે આજે પણ એ સવારમાં પાંચ વાગ્યે ઊઠી જાય છે ને દિવસનાં બીજાં કાર્યો હાથમાં લેતાં પહેલા અર્ધો કલાક કસરત કરે છે. સાંજના છ વાગ્યે એ ફરવા નીકળી પડે છે ને દોઢ કલાક ચાલે છે. રાતે એ વહેલા સૂઇ જાય છે એમના અતિશય વ્યવસાયી જીવનમાં આરામને પણ એવું સુનિશ્ચિત સ્થાન છે કે કામની મિનિટે મિનિટનો એ પૂરેપૂરો કસ કાઢે છે. ગૂંચવણભરી પરિસ્થિતિમાં એ આકળા થઇને ધમપછાડા કરતા નથી, પરંતુ શાન્તિથી અદબ વાળી ધ્યાનમગ્ન સ્થિતિમાં આંઠા લગાવે છે.

ટોકિયો જતાં પહેલાં જ એ ક્રાન્તિકારી બની ચૂકયા હતા. એમ થાય એ સ્વાભાવિક હતું. બસો વર્ષથી રાજ કરતું જુલમી મંચુ સામ્રાજ્ય ચીનને અંદરથી કોરી રહ્યું હતું ને પરદેશીઓ બહારથી કરડી રહ્યા હતા તેનો વિચક્ષણ ચીઆંગને પ્રત્યક્ષ અનુભવ હતો.- એ જુલ્મી સામ્રાજ્યનો અંત આવ્યા વિના ચીનનો ઉદ્ધાર અશક્ય હતો. ડૉ. સુનયાટ-સેનના અવિરત શ્રમને લીધે ચીનનો બુદ્ધિશાળી વર્ગ આટલું સમજતો થયો હતો. પણ સ્વાર્થ, કુસંપ અને પ્રમાદને લીધે પરિસ્થિતિ ઝટ સુધરતી નહોતી. ડૉ. સુન-યાટ-સેન ને ચીઆંગનો ભેટો પહેલવહેલો જાપાનમાં થયો. ચીનના આ ભાવિ ઉદ્ધારકને ડૉ. સુને નિમિષમાત્રમાં ઓળખી લીધો અને છેવટ સુધી બંને એકમેકના વિશ્વાસુ સાથીદારો બની રહ્યા.

ક્રાન્તિની પહેલી રણહાક ૧૯૧૧માં પડી. મંચુ વંશનો એ મૃત્યુઘંટ હતો. જાપાની લશ્કરમાંથી એ દિવસની (અનુસંધાન પૃ૦ ૨૮૫મે)

મૂળ લેખક : તારાશંકર બદ્યોપાધ્યાય

હલકારો

અનુવાદક
રમણિક મેઘાણી

દાક્તાર દર્દીને જોવા ઊપડ્યા છે.

શ્રાવણી અંધારી રાત છે. ઘટાટોપ મેઘથી છવાએલા આકાશમાં તારા નથી. સામાન્ય અંધકારમાં જે આછું અજવાળું હોય છે તે પણ નથી. ઘનઘોર વાદળાંઓની કાળી છાયામાં—ગાઢ અંધકારમાં પૃથ્વી જાણે ખોવાઇ ગઇ છે.

ચારે બાજુ જળબંબાકાર મેદાનમાં દેડકાં ડ્રાઉંડ્રાઉં કરી રહ્યાં છે. રસ્તાની બાજુનાં વૃક્ષોના પાંદડે પાંદડેથી ટપ ટપ કરતાં જળબિન્દુ સરી રહ્યાં છે. આસપાસનાં ઝાડ-ઝાંખરાંમાંથી તમરાંનું સંગીત સંભળાઈ રહ્યું છે. અને એની સાથે લાંબા કરુણ સૂર જેવો ગાડાનાં પૈડાંનો એકધારો કિ..ચૂડ, કિ...ચુડ કિચુડાટ ભળી જાય છે.

દાક્તાર એકીટશે સામેના અંધારા તરફ નિહાળી રહ્યા છે. દૂર જાણે એક આગિયો અમુઝ જ્યોતે જલતો લાગે છે અને ખૂબ ઝડપથી એ આ બાજુ જ આવી રહ્યો છે!

'પેલું દેખાય છે એ ફાનસ છે કે શું?' દાક્તારે ગાડાખેડુને પૂછ્યું. ગાડાખેડુ અટલ આ મેઘલી રાત્રે મીઠી ઊંઘમાં ઝૂલતો હતો. એક વાર જોર કરીને આંખો ઉઘાડી સામે જોઇ એ બોલ્યો, 'કોણ જાણે મોશાય! આહૂઁ, આહૂઁ, આ ગોધલાને ય શું કહેવું?' કહી એકવાર બંને બળદને પરોણો વીંઝી એ ફરી ઝોલા ખાવા માંડ્યો.

હા, એ ફાનસ જ હતું. ધીરેધીરે એનું અજવાળું વધવા ને સ્પષ્ટ થવા લાગ્યું. બિન્દુ શો એ આકાર ધીરેધીરે મોટો થઈ રહ્યો હતો, દાક્તાર ચિંતાતુર થઈ ઊઠ્યા કે આવી રાત્રે આમ દોડતું દોડતું કોણ આવતું હશે? દર્દીના ઘરનું તો કોઇ નહિ હોય ને?

ત્યાં તો 'રણ ઝણ રણ ઝણ' કરતો ઘંટડીનો આછો રણકાર દાક્તારને કાને પડ્યો. એમણે પડકાર્યો, 'કોણ આવે છે એ?'

ઉત્તર મળ્યો: 'હું હલકારો, સરકાર બહાદુરની ટપાલ લઇને.' આટલું કહેતાં તો એ નજીક આવી પહોંચ્યો. ઘંટડીનો અવાજ સ્પષ્ટ થયો. એના હાથમાંના ફાનસના અજવાળામાં દાક્તારે જોયું, પાંત્રીસેક વર્ષનો કાળો ને ઠીંગણો એવો એક આધેડ જુવાન ખભે ટપાલનો થેલો ઝુલાવતો, એકધારો આગળ વધી રહ્યો હતો. એને માથે ફાળિયું બાંધેલું હતું. હાથમાં ભાલો હતો ને ભાલાના ફણા સાથે બાંધેલ ઘંટડી પગલાના તાલસર વાગતી હતી.

'કોણ દીનુ?' દાક્તારે પૂછ્યું.

દીનુ ડોમ* ટપાલનો હલકારો- મેઇલ રનર-હતો. સાત માઈલ દૂરના આદમપુર સ્ટેશનથી ટપાલ લઇને એ હરિપુર પોસ્ટ ઑફિસે જતો હતો. ચાલતાંચાલતાં જ એણે જવાબ આપ્યો, 'હા.'

'રાત કેટલી ગઈ હશે?' દાક્તારે પૂછ્યું.

'જી. રાત તો પૂરી થવા આવી; ત્રણેક પહોર બાકી હશે.' આટલું કહેતો તો એ ક્યાંય દૂર નીકળી ગયો. ઘંટડીનો અવાજ ધીરેધીરે આછો થતો જતો હતો અને ફાનસનો પ્રકાશ ફરીને આછો થતો થતો એક બિન્દુ જેટલો થઇ રહ્યો હતો

ને દાક્તારનું ગાડું અંધકારમાં જાણે રોતુંરોતું ચાલ્યું ગયું.

હલકારો એની રોજિંદી ટેવ મુજબ ઝપાટાબંધ ચાલ્યો જતો હતો. એના હાથમાંના ફાનસની જ્યોત એની ઝડપી ચાલને અંગે ધ્રુજતી હતી ને એના ધુમાડાથી ફાનસની ચિમની કાળી પડી ગઈ હતી. એના હાથમાંનો ભાલો મજબૂત રીતે પકડેલો હતો. ફાળિયું એણે દાઢી ફરતું લઇને બુક નાની જેમ માથે બાંધ્યું હતું. એથી એનું માથું બચી ગયું હતું. પરંતુ એનું આખું શરીર વરસાદે ભીંજાઈ ગયું હતું. ત્યાં તો ઓચિંતો વરસાદ જોરથી તૂટી પડ્યો.

તોપણ દીનુ એકધારો આગળ વધ્યે જતો હતો. આમ દોડાદોડ ચાલવાની એને ટેવ જ પડી ગઇ છે. માર્ગમાં એક પળનો યે પોરો ખાવાનો એને વિચાર નથી—રજા નથી. ગતિ સુદ્ધાં એ ધીમી નથી કરી શકતો. ટપાલ માસ્તર કહે છે કે એક મિનિટનો યે ફેર પડે તો હજારો માણસોનું શુંનું શું યે થઈ જાય, દીનુ!

એનું હૃદય શંકાથી ફડકો અનુભવતું, ને સાથોસાથ ગૌરવ પણ. એની પોળનો નૌતમ ડોમ ચોકિયાત હતો. દીનુ એને કહેતો, 'ભાઈ તારું ચોકિયાતનું કામ બહુ મજાનું. ઘરમાં સૂતાંસૂતાં બે હાકોટા પાડે એટલે પત્યું; નોકરી પુરી! પણ મારું આ કામ તો સરકારી ટપાલનું! એક પળનો ફેર પડ્યો એટલે સીધી હાથકડી જ પડે હાથમાં.'

આકાશનાં ઘટાટોપ વાદળાં વચ્ચેથી અંધારને વિદારીને અજગરની લસલસતી જીભની જેમ વીજળી ચમકી જતી હતી, ને સાથોસાથ વર્ષાનાં વાદળ ગંભીરધીરાં ગાજતાં હતાં દૂરપૂલ ઉપરથી માલગાડીનો અવાજ આવતો હોય એમ દીનુને લાગ્યું. એકાએક એક ગજબના નીલ પ્રકાશે એની આંખો જાણે અંજાઇ ગઈ, ને સાથોસાથ જ એક મહા ભયંકર કડાકા સાથે બધું જ જાણે ધ્રૂજી ઊઠ્યું. પલવાર માટે ભયવિહ્વળ થઇને એ ગણગણી ઊઠ્યો, 'રામ. રામ.. રામ...!

દૂર ક્યાંક વીજળી પડી હતી. પળેક પછી પાછો સ્વસ્થ બની એ ફરી એની સદાની ગતિએ ચાલી નીકળ્યો. ભાલા પરની ઘંટડીનો રણકાર શરૂ થયો 'રણુઝણુ, રણુઝણુ, રણુઝણુ . . .'

એ જ્યારે પોસ્ટ ઑફિસે પહોંચ્યો ત્યારે સવાર પડી ગઈ હતી. મેઘઘેર્યાં આકાશનાં ઘટાટોપ વાદળાં હવે એકદમ સ્પષ્ટ દેખાતાં હતાં. ટપાલનો થેલો નીચે મૂકી બીડી ચેતાવી એ બોલ્યો, 'ઓહ! શું વીજ પડી છે બાપુ, ગજબની વીજ! બાપ રે બાપ!'

પોસ્ટ માસ્તર બોલ્યા, 'અરે! હું તો પથારીમાંથી ચમકીને ઊભો થઇ ગયો હતો, દીનુ.' પછી દીનુ તરફ જોઇને એમણે કહ્યું, 'અરે, તું તો તદ્દન ભીંજાઇ ગયો છે ને! થોભ, જરા વીમાનાં અને રજિસ્ટર્ડ કાગળ-પાર્સલ જોઈ લઉં ને તને રજા આપી દઉં. ઘેર જઇને ઝટ કપડાં બદલી નાખજે.'

'જરા તમાકુ આપજો ને મોશાય! ચલમ ભરું.' દીનુ બોલ્યો.

માસ્તર રજિસ્ટર ટપાલ જોવા લાગ્યા. બીજી બાજુ ટપાલી ખટખટાટ કાગળો પર છાપ મારવા લાગ્યો. દીનુ ચલમમાં તમાકુ ભરી દમ પર દમ ખેંચવા મંડ્યો. એને સખત ટાઢ વાની હતી, પણ ઉપાય નહોતો. વીમા તથા રજિસ્ટર્ડ કાગળો વગેરે મેળવ્યા વિના એને છુટ્ટી ન મળી શકે.

'કાં? જરા છાપું આપજો, જોઉં! લડાઇના શા ખબર છે?' આટલી વહેલી સવારમાં પણ થોડાક જણ ટપાલ ઑફિસને બારણે આવીને ઊભા છે. કાલીબાબુને છાપાંનો અજબ શોખ છે. કહોને કે નશો જ છે. ને બીજા હતા ગોવિંદરાય. એ સ્કુલમાસ્તર હતા. મફત મળતાં સૅમ્પલોનો એમને ભારે શોખ હતો. કોઇ પણ જાહેરખબરમાં 'ફ્રી—વિના મૂલ્યે' શબ્દ જોતાં જ એ ત્યાં કાગળ લખતા. જર્મનીથી એમણે તદ્દન વિનામૂલ્યે પોતાની જન્મકુંડળી તૈયાર કરાવી મંગાવી

* ડોમ=કોળી વાઘરી જેવી એક જાતિ.

રણ ઝણ ... રણ ઝણ ... રણ ઝણ ... એના ભાલા સાથે બાંધેલી ઘંટડીના એ અવાજ સાથે એ રોજ ને રોજ કેટલા સમાચાર લાવતો હતો, કેવા સમાચાર લાવતો હતો ...



હતી ! એ પણ રોજ વહેલા આવે છે. રખેને કોક બીજાનું એમના નામે આવેલા નમૂનાઓ તકડાવી ન જાય ! બીજા આવ્યા છે. હાથના વાંકાચૂંકા અક્ષરોવાળા પત્રો (પ્રિયતમાનાસ્તો) લેવા થોડાક જુવાનિયાઓ. પ્રૌઢ રામનાથ ચાટુજ્જે પણ આજે આવ્યા છે. દૂર દેશાવરમાં એમનો જમાઇ ખૂબ માંદો છે. એ ફિકરકંઠિત બની એક બાજુ ઊભા છે. ટપાલી એકએક કાગળ ઠેકાણું વાંચી જુદા પાડતો, ને એ નિરાંતનો એક શ્વાસ લેઇ મૂકી 'હાશ' કરતા કે એ કાગળ એમનો નથી.

રજિસ્ટર્ડ ટપાલ બધી જોવાઇ ગઈ. દીનુને હવે રજા હતી. એ એના ઘર ભણી ઊપડ્યો. એના હાથમાં થોડાં રંગીન કવર હતાં—કાગળો કાઢીને કોઈએ ફેંકી દીધેલાં. એને આમતેમ ફેરવતો જોતો એ ચાલ્યો જતો હતો.

'ઢોરને નીરણમાં આટલું મોડું શીદ કરે છે, દીનુ ? જરા વહેલાસર નીરતો રહેજે.' પોસ્ટ માસ્તરે કહ્યું. પોસ્ટ માસ્તરનાં ઢોરને નીરણ દીનુએ નાખવાનું હોય છે. 'હવેથી વહેલું નીરીશ.' કહી એ ચાલ્યો ગયો.

રસ્તામાં એણે રામનાથને ત્યાં બૈરાંને છાતીફાટ રડતાં સાંભળ્યાં. એ ધ્વનિના મર્મભેદી વેદનાસ્પર્શે આ પ્રભાતનું આવળું આકાશ જાણે રડુંરડું થઈ રહ્યું હતું. દીનુ એક વાર મનોમન ગણગણ્યો 'આહ !'

ઘેર આવી પાંચ વર્ષની દીકરી લક્ષ્મીના હાથમાં મેલાં રંગીન કવરો આપતાં એ બોલ્યો, 'કેવાં મઝાનાં છે, બેટા ? ને આ છબિ યે કેવી સરસ છે ! અને આમાં સુગંધી પણ કેવી મીઠી આવે છે ! આ વિલાયતના કાગળમાં આવ્યા છે. સમજી ને ?'

બાપુએ આપેલાં કવર હાથમાં લઇ દીકરી મુગ્ધ દૃષ્ટિએ એને આમતેમ ફેરવતી, જોતી કે સૂંઘતી બોલી, 'કાગળ એટલે શું બાપુ?'

'શાહીથી કાગળમાં બધું લખ્યું હોય ને, એ બેટા.'

'શું લખ્યું હોય, બાપુ ?'

'બીજું શું ? 'આજ તમે કેમ છો ? અમે મઝામાં છીએ. . . .'

'બીજું ?'

બીજું શું હોય, એનો જવાબ દીનુને શોધ્યા છતાં ન મળ્યો. એ મૂંગો જ રહ્યો. દીકરીએ ફરી પૂછ્યું, 'બીજું શું હોય, બાપુ ?'

વિના કારણ ગુસ્સે થઇ એણે જવાબ આપ્યો, 'ખબર નથી, જા. બીજું તે શું હોય ?' દીકરી શાન્ત હતી. પિતાને ગુસ્સામાં જોઇ એણે ફરી ન પૂછ્યું કવર લઇને એ ચાલી ગઇ.

દીનુએ ઘરવાળીને પૂછ્યું, 'નિતાઈ ક્યાં છે? સીમમાં ગયો છે કે શું?'

નિતાઇ એનો એકનો એક દીકરો છે. પત્નીએ જવાબ આપ્યો, 'ખબર નથી. કાલ સાંજનો બહાર ગયો છે તે હજુ યે પાછો નથી આવ્યો. રાત આખી પીઠામાં દારવો પીધો છે ને ઢોલ વગાડી વગાડી બરાડા પાડ્યા છે બધાએ. બે વાર હું એને બોલાવવા યે ગઇ'તી; પણ એ તો ઉલટો મને મારવા જ દોડ્યો.'

દીનુનો મિજાજ ગયો. રોષે ભરાઇને એ બોલ્યો, 'સાળો નવાબનો દીકરો, નવાબનો ! હરામજાદાને ખાવું મારા પરસેવાની કમાણીમાંથી, ને ફરવું મિજાજી બનીને નવાબી કરતાં ! આજથી એને ઘરમાં પગ ન મૂકવા દેતી. બસ, કહી દઉ છું તને, સમજીને !'

'તે એ તમે જ કહેજો એને. મારાથી એને નહિ કહી શકાય.'

રુક્ષ સાદે દીનુએ તો પૂછ્યું, 'કેમ ? તું કેમ નહિ કહી શકે ?'

'કહીને માર કોણ ખાય ? એક તો એની આંખો જાણે અંગારા સળગે એવી; ને એમાં એને જાણી જોઇને શા માટે છંછેડું ?'

દીનુ બરાડી ઊઠ્યો, 'હેં ? શું કહ્યું ? તને મારશે ? એ હરામજાદો તે કેવો મોટો મરદનો દીકરો છે ? હું એને જોઈ લઈશ ' કહી એ જાતે જ દાતરડું લઈ નીરણ માટે ઘાસ વાઢવા સીમમાં જવા ઊપડ્યો. સ્ત્રીએ પાછળથી સાદ પાડ્યો, 'એ . . જુઓ તો ખરા ! તમારા ઢંગ તો જુઓ ! ખાધું નથી, પીધું નથી, ને હાલ્યા છો મોટા મરદ ગુસ્સો કરીને ! ખાઇને જાવ. રાત આખી દોડાદોડ કરતા આવ્યા છો . . .'

એ પાછો વળ્યો ને બોલ્યો, 'તારો પણ આ ટકટક કરવાનો સ્વભાવ જ થઇ ગયો છે ! ઠીક લાવ, પેલી દારવાની હાંડી જરા ઓરી લાવ અત્યારે એ જ પીને જાઉં. શું પાણી પડ્યું છે રાતે ! ને જમીન પણ કાંઈ હબડ-ખાબડ છે ! ધ્યાન ન રાખીએ તો પટકાઈ જ પડીએ !'

એની ઘરવાળી સ્થૂલાંગી છે. જરા ગંભીર બની એ બોલી, 'જુઓ કહી દઉં છું કે આજથી બહુ દોડવાનું નથી.' ને દીનુના હાથમાં હાંડી આપતાં મોં મલકાવી એણે કહ્યું, 'થોડા જરાક ઓછા કરતા હો તો ?'

એકીસાથે આખી હાંડી ખાલી કરી એ બહાર નીકળી ગયો. ટપાલ લઇને પાછા ફર્યા બાદ સવારમાં થોડોક દારૂ પીધા વિના એને નથી ચાલતું. એ કહે છે કે આ તો મારી ચા છે.

બેએક કલાક પછી કાદવ-કચરાથી ખરડાએલા શરીરે, માથે ભારો એક ઘાસ ને ફાળિયામાં સીમના તળાવમાંથી પકડેલી થોડીક માછલી લઈ એ ઘેર આવ્યો. ઘેર પહોંચતાં જ એણે એના નવાબપુતર નિતાઇને ઘોઘરા સાદે ગાતો સાંભળ્યો :

> પ્રીત થઇ રે શૂળ, સખીરી પ્રીત થઈ રે શૂળ . . . .

દીકરાના ઢંગ જોતાં જ દીનુ તાડુક્યો, 'એઇ નવાબજાદા ! સીમમાં ઘાસ નથી, શું ?'



આ વાર્તાના લેખક શ્રી તારાશંકર બંદ્યોપાધ્યાય આધુનિક બંગાળી વાર્તાનવેશોમાં ઘણા આગળપડતા ગણાય છે. ઈ. ૧૯૨૮–૨૯માં (૨૯ વર્ષની ઉંમરે) ઉત્સાહી કૉંગ્રેસ કાર્યકર તરીકે આગ-છાવણીઓમાં ઘૂમતાં એક વ્યક્તિત્વભરી વૈષ્ણવ સ્ત્રી એમની નજરે પડી. (જેનું આલેખન એમણે એમની એક નામીચી કથા 'રાજકમલ'ની મુખ્ય નાયિકા તરીકે કર્યું છે.) એ જ અરસામાં 'કાલી કલમ' નામના એક માસિકમાં બે અગ્રણી વાર્તાલેખકોની વાર્તાઓ એમના વાંચવામાં આવી. આ પરથી એમને પોતાના જ અનુભવો—મધ્યમ સ્થિતિના બંગાળી સમાજનું જે જીવન પોતાની ચારે તરફ ધબકી રહ્યું હતું તેનું આલેખન વાર્તાઓમાં ઉતારવાની ચાનક ચડી. (૨૫૩મા અંકમાં આવી ગયેલી આ જ લેખકની વાર્તા 'મધુ માસ્તર' વાચકોને યાદ હશે.) બંગાળની અસ્ત પામતી જમીનદારીમાં પણ તેમને સારી વાર્તાસામગ્રી મળી. અને ત્યાંના કંગાલ ખેડુતોના જીવનનો હૂબહૂ ચિતાર તથા જમીનદારી જીવનના પડદા નિર્દયપણે ચીરતું આલેખન એમની કલમે આપ્યાં છે. એમની વાર્તાઓની પ્રસંગગૂંથણી પરથી જ લાગે કે એમની કલમ નાટ્યાનુકૂલ છે, અને એમણે 'કાલિંદી', 'દુઈ પુરુષ', 'પથેર ડાક' વગેરે લોકપ્રિય નાટકો લખ્યાં પણ છે; પરંતુ એ વધુ લોકપ્રિય તો એમની વાર્તાઓથી જ થયા છે.

બાપની વાતને ઉડાવતો નિતાઈ બોલ્યો, 'ઉંહ, સીમમાં જઈને શું કરવું છે? સીમમાં ઘાસ વાઢ્યે કોઈનો દિ વળ્યો સાંભળ્યો છે?'

દીનુ અવાક્ થઈ ગયો!

પણ નિતાઈની વાત પૂરી નહોતી થઈ. એ બોલ્યે જતો હતો, 'ઢગલો એક ધાન ઉગાડીને વેચીએ ત્યારે માંડ એક રૂપિયો મળે! ઈ ખેતર-સીમમાં ફાયદો શો?'

નિતાઈની મા બોલી, 'આ રોયો તો નવાબજાદો જ છે. મોઢામાં રોજ રૂપિયાની ને રૂપિયાની જ વાત છે! પણ બોલ તો, એક રાતો પૈસો યે કદી દીધો છે, કમાઈને?'

નિતાઈએ કમરેથી રૂપિયો કાઢી ઠણકાર કરતો ફગાવ્યો, જાણે રૂપિયાની એને કંઈ કિંમત જ ન હોય એમ. ને પછી એ બોલ્યો, 'લે ઉઠાવ રૂપિયો. ફરી કદી જો બોલી તો તારી વાત છે, સમજીને!'

મા તો અવાક જ થઈ ગઈ! દીનુએ ગંભીર સાદે પૂછ્યું, 'આ રૂપિયો ક્યાંથી કાઢ્યો?'

હા! હા! હા! કરતાં હસીને નિતાઈએ સામું પૂછ્યું, 'રાજાઓ રતન ક્યાંથી મેળવે છે?'

દીનુએ વધુ ગંભીર સાદે પૂછ્યું, 'હસવાની વાત નથી નિતાઈ! બોલ, તેં રૂપિયો ક્યાંથી કાઢ્યો?—કેમ મેળવ્યો?'

નિતાઈ કંટાળીને ઘર બહાર જતોજતો બોલ્યો, 'જાવ મરો તમે આમ જ બકબક કરતાં—'

દીનુએ ઊઠીને એની પાછળપાછળ બારણા સુધી આવીને બૂમ પાડીને કહ્યું, 'નિતાઈ, સાંભળ, એક વાત સાંભળીને જા. પાછો આવ—કહું છું, પાછો વળ!'

પણ નિતાઈ તો મધું ખંખારી ગાતો ગાતો મિત્રોના અખાડા તરફ ઊપડી ગયો: 'પ્રીત રે થઈ શૂળ... સખી, પ્રીત રે થઈ શૂળ.'

દીનુ પાછો આવીને વરંડા ઉપર ગંભીર મોંએ બેસી રહ્યો. નિતાઈની રીતભાત એને ન ગમી. એનાં કપડાંની ઢબછબ અને બીડી-સિગરેટ વગેરેની પ્રચુરતા જોઈ એને શંકા ગયેલી કે કદાચ એની મા જ એને છાના-છપના પૈસા આપતી હશે. પરંતુ નિતાઈને આજે આમ એક આખો બાધો રૂપિયો તદ્દન તુચ્છ ગણીને ફગાવી દેતો જોઈને એ શંકાશીલ બની ઊઠ્યો. ઘણાઘણા વિચારો કર્યા પછી પણ એની શંકા નિર્મૂળ ન બની શકી.

પત્નીએ આવીને કહ્યું, 'મમરા મૂક્યા છે. એ ખાઈને પછી જરા હોકોપાણી લ્યો. પથારી પાથરી રાખી છે. માસ્તરને ત્યાં નીરણ આજ હું જ નીરી આવીશ.'

દીનુએ એને પૂછ્યું, 'નિતાઈએ આ રૂપિયો ક્યાંથી કાઢ્યો?'

'તમે યે ભલા માણસ લાગો છો? એમાં શું વિચારમાં પડી ગયા? આપ્યો હશે કોઈકે.' સ્ત્રી બોલી. પણ દીનુ નચિંત થઈ ન શક્યો.

રોંઢા વેળા પિતાપુત્ર ફરી મળ્યા. દીનુનો દારવાનો નશો ત્યારે ઊતર્યો હતો; પણ નિતાઈની આંખો ત્યારે યે લાલ હતી. દીનુએ એને પગથી માથા સુધી બરાબર નિહાળ્યો. ને એની આંખો નિતાઈ પર ચોંટી જ રહી. નિતાઈ હવે ભરજુવાનીએ પહોંચ્યો હતો. એની સુન્દર, સુડોળ શક્તિવંત કાયા કોઈએ જાણે કાળા પાષાણમાંથી કંડારી કાઢી હતી. એના અંગેઅંગમાં એક અસ્થિર ચંચળતા રમી રહી હતી. જાણે એ ઈચ્છે તો આકાશમાં યે ઊડી જઈ શકે! દીનુએ પૂર્ણ સંતુષ્ટ ચિત્તે એને નીરખી રહી સ્નેહાર્દ્ર સાદે કહ્યું, 'હવે તો તું જુવાન-જોધ થયો, બેટા. કશાક કામ-ધંધે વળગી જા. આ પોસ્ટ ઑફિસના કામમાં જ લાગી જા. રામપુરમાં નવી પોસ્ટ ઑફિસ ઊઘડવાની છે, ત્યાં જગ્યા મળી જશે.'

પિતાના મોં સામે જોઈ નિતાઈ બોલ્યો, 'ઘણાં માણસો છે એ કામ માટે. આપણાથી એ ન બને. રસ્તો આખો દોડાદોડ કાપવો એ તે કંઈ માણસથી થઈ શકે?'

'કેમ, તારા બાપથી બને ને તારાથી ન થાય? તારો બાપ શું માણસ નથી?' એની મા બોલી ઊઠી.

બાપ સામે જોઈ એ બોલ્યો, 'એ તો છે બાબરા ભૂત. નહિ તો–'

દીનુએ વિસ્મય પામી પૂછ્યું, 'નહિ તો?—'

'રહેવા દો, રહેવા દો. વધુ બોલો મા. બુદ્ધિ હોત તો આટલા વખતમાં મોટા માણસ ન થઈ ગયા હોત?'

'એટલે?'

'એટલે શું? તમે જ વિચારી જુઓને?' કહી નિતાઈ હાથમોંઈ સિસોટી વગાડતો વગાડતો ચાલ્યો ગયો. દીનુ અવાક્ સ્તંભિત બની, નિતાઈ ગયો એ તરફ તાકી જ રહ્યો.

પત્નીએ પૂછ્યું, 'એ અભાગિયો શું કહેતો ગયો?'

દીનુએ કંઈ જ જવાબ ન આપ્યો. ભાલો, થેલો ને ફાનસ લઈ એ બહાર નીકળી ગયો. ટપાલ લઈ જવાનો સમય થઈ ગયો હતો.

રણ્રણઝણ્... રણ્ઝણ્ઝણ...

હલકારો મૃદુ તાલે ઝપાટાબંધ એકધારો ચાલ્યો જાય છે. વચ્ચે થોડી વાર પણ થોભવાનો એને સમય નથી, કે ગતિ ધીમી કરવાનો વિચાર નથી. થોડુંક પણ મોડું થયે શું થશે એની કલ્પના એ કરી

શકતો નથી. છતાં એને એનો ડર છે. વળી માનમાં ક્યારેક ઓવરસીઅર છુપાયો હશે, કો'ક જંગલની વચ્ચે, કો'ક ઝાડ પર બેઠો એ હલકારાની ભાળ રાખતો હશે. જરા જેટલી શિથિલતા જોતાં જ એ રિપોર્ટ કરી બેસશે ને સાથોસાથ ઉપરી તરફથી દંડનો હુકમ આવી પડશે.

આજ સુધીમાં એણે માત્ર એક જ વાર દંડ ભર્યો છે. અને એ પણ ગતિ ધીમી કરવાના કે ગોરો ખાવાના અપરાધસર નહિ. ત્યારે તો એ હજુ નવોસવો ભરતી થયો હતો. ઉમરે પણ નાનો હતો. ઓવરસીયરે એણે બનાવ્યો હતો. એ દિવસે હરિપુરના ટપાલીએ એને ખબર આપેલા કે દીનુ, આજે ચેતજે. રસ્તામાં આજે ઓવરસીઅર હશે. કોણ હશે એ વાત દીનુ ટપાલીના આંખના ઇસારે જ સમજી ગયો હતો. રાત અજવાળી હતી. ધરતી જાણે દૂધે નહાઈ રહી હતી. સુંદરીપુરના મોટા વડથી થોડે દૂર આવતાં જુવાન દીનુના તોફાની મનમાં એક દુષ્ટ બુદ્ધિ જાગી. સરિયામ સડક છોડી એ આડે ધડ ચાલી નીકળ્યો, અને વડથી થોડે દૂર થઇને ધીમી ચાલે આગળ નીકળી ગયો. એટલો વખત એણે ભાલા પરની ઘંટડીને મૂઠીમાં દાબી રાખી જેથી રણકારો પણ ન થાય ને પછી આગળ જઈ સડકે ચડીને એણે આદમપુર સ્ટેશન તરફ મારી મૂક્યું તે દિવસે એ પેટ ભરીને હસ્યો ને મનોમન ગણગણ્યો 'નિરાંતે રાહ જોતો રહે, બાપા! રસ્તા ભાગ્યા જોતો ઝાડ પર બેઠો રહેજે લહેરથી.'

આ બાજુ ઝાડ પર બેઠેલો ઓવરસીઅર બીચારો ઘડિયાળ જોઈ જ રહ્યો નક્કી સમય વીતી જવા છતાં યે 'મેલ-રનર' ન દેખાતાં ચિન્તિત થઈ, નીચે ઊતરી, આખરે એ પોતેજ દોડમદોડ હરિપુર પોસ્ટ ઑફિસે આવીને હાજર થયો. પણ ત્યાં આવતાં તો એની ચિંતા બમણી થઈ ગઇ. મેલ રનર ત્યાં નહોતો! તો ક્યાં ગયો એ? ફરી એ દોડ્યો આદમપુર સ્ટેશન તરફ. દીનુ ત્યારે ત્યાંની ટપાલ લઇને નિયમ મુજબ હરિપુર પાછો ફરતો હતો!

ઓવરસીઅર રીપોર્ટ કરી બેઠો. ખોટું બોલત તો દીનુનો દંડ ન થાત, ઊલટી ઓવરસીઅરની જ બદનામી થાત. પણ દીનુ ખોટું ન બોલી શક્યો. ટપાલીએ એને દાબીદાબીને કહેલું કે, તું કહેજે કે હજુર, હું તો બરાબર ત્યાં થઇને જ ગયો હતો. ઈસ્ટેશનનો ટાઈમ જુઓ ને વળી પાછો પણ ઠીક વખતસર જ આવ્યો છું. અહીંનો વખત પણ જુઓ. ઓવરસીઅર જ કદાચ ઊંઘી ગયો હશે.' ત્યારે દીનુએ કહેલું 'પણ એવું જુઠું કેમ બોલાય?'

સુંદરીપુરના વડ પાસે આવતાં આ વાત એને સદાયે યાદ આવે છે ને એ થોડુંક હસે છે. બીજી યે ઘણી વાર અહીં એને ઓવરસીઅર સાથે મેળાપ થયો છે. જંગલની વચ્ચે થઈને હજુ યે કદિક કદિક અવાજ સંભળાય છે કે 'કોણ! હલકારો?'

અને દીનુ જવાબમાં પૂછતો, 'ટાઇમ બરાબર છે ને, બાબુ?'

અને જંગલમાંથી જ જવાબ સંભળાતો, યા હસતો હસતો ઓવરસીઅર સડક પર આવીને કહેતો, 'બરાબર છે ભાઇ, તું તો એક દિવસે ય મોડો નથી પડ્યો, દીનુ.'

પરંતુ હલકારો એ સાંભળવા યે ઊભતો નહિ. ઓવરસીઅરનું છળ એ જાણતો. એ એને વટાવીને ચાલ્યો જ જતો. એના ભાલા પરની ઘંટડીનો રણકાર સતત ચાલુ જ રહેતો.

રણ ઝણ . . . . રણ ઝણ . . . . રણ ઝણ . . .

આજ પણ દીનુ એની રોજની ગતિએ ચાલ્યો જતો હતો. ઓવરસીઅરની વાત યાદ આવતાં ચિંતા ભૂલી એ પ્રફુલ્લિત થઇ ઊઠ્યો.

આજે પણ આકાશમાં ઘટાટોપ મેઘ છવાયો છે. તારકગણોના અજવાળાથી વિહીન મેઘલ આકાશ જાણે અંધકારમાં ધરતીની છાતીએ ઊતરી આવ્યું છે. દીનુના હાથમાંનું ફાનસ ધુમાડાની મેશથી જ્યોતિહીન અંધ જેવું પ્રકાશવિહોણું પીળું દેખાય છે.

'એવામાં અંધારા વડ તળેથી આવીને કોક રસ્તા પર ઊભું રહ્યું. દીનુએ પૂછ્યું', 'કોણ ઓવરસીઅર બાબુ?'

જવાબમાં લાઠીના એક જ ઘાએ એના હાથમાંનું ફાનસ નીચે પડી ચૂરેચૂરા થઈ ગયું!

ઓહ! આ તો લૂંટારો ટપાલ લૂંટવા આવ્યો છે! પલવારમાં દીનુ ચપળ ગતિએ દૂર હટી હાથમાંનો ભાલો ઊંચો કરીને બોલ્યો, 'ખબરદાર! સરકારી ટપાલ છે.'

'ચાલ, થેલો આપી દે! કહું છું ચૂપચાપ આપી દે.'

દીનુના હાથમાંનું ભાલું કંપી ઊઠ્યું. ફાટ્યા સાદે એ બોલી ઊઠ્યો, 'કોણ? નિતાઈ?'

નિતાઇએ ઝડપથી દીનુના ધ્રૂજતા હાથમાંનું ભાલું આંચકી લીધું, ને બીજી જ પળે શિકારી પશુની અદાથી એ ટપાલના થેલા પર ત્રાટક્યો. દીનુ પડી ગયો એના માથા પરનો બોચલો ઊડી પડ્યો. છતાં યે એનામાં હતી તેટલી તમામ તાકાતથી એ થેલાને વળગી રહ્યો ને બોલ્યો, 'નિતાઈ, સર્વનાશ થશે. ફાંસી-કાળાપાણી થશે.'

ક્ષુધાર્ત હિંસક પશુની જેમ થેલો ખેંચતો નિતાઇ બોલ્યો, 'તો પહેલાં શું કામ ન કહ્યું? હવે મૂકી દઈશ શું? આપી દે, કહું છું! રાતોરાત દેશ છોડી ચાલ્યો જઈશ. ચાલ જલદી કર.'

દીનુએ હવે મોટેથી બૂમ પાડી, 'અરે કોઈ આવો! લુંટારુ! લુંટારુ!'

નિતાઈ ગજબની ભયંકરતાથી પાગલ થઈ ઊઠ્યો. ઓચિંતી એક વીજળી થઈ ને ગાઢ અંધકારમાં એક ઝબકારો ઝબકી ગયો. નિતાઇએ ચમકીને એ તરફ જોયું તો એક નાનકડો પણ ઉજ્જવળ પ્રકાશ ડગમગતો પોતા તરફ જ આવતો હતો. ધીરેધીરે એ સ્થાન પ્રકાશિત બનતું હતું. એણે એક છેલ્લો પ્રયત્ન કર્યો. એણે હાથમાની લાઠી જોરથી દીનુના માથા પર ઝીંકી! દીનુના માથામાંથી કાળા લોહીની ધાર છૂટીને દીનુનું મોં એથી ખરડાઇ ગયું દીનુ કરુણ સાદે ચીસ પાડી ઊઠ્યો, 'આ . . . બાપ . . . રે . . .'

પેલો પ્રકાશ હવે ખૂબ નજીક આવી ગયો હતો. નિતાઈ વ્યાકુળ બની થેલો આંચકવા મથ્યો. પણ દીનુ હજુ ભાનમાં હતો. આખરે નિતાઈ થેલો લીધા વિના જ નાસીને અંધકારમાં અદૃશ્ય થઈ ગયો.

એ પ્રકાશ એક સાઈકલનો હતો. લોહીઆળ દીનુને જોઇ સાઈકલસવારે ભયથી ચીસો પાડવી શરૂ કરી. અંધકાર ને વરસાદમાં પણ માનવીના કામને કોઇ અંત નથી. રસ્તા પર રાહદારીને પણ વિરામ નથી. થોડી વારે દૂરથી કોઇ માનવીનો અવાજ આવ્યો. કોઇનો સાદ આવ્યો.—

દીનુ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે એણે જોયું તો એ એક પાકા મકાનમાં મોટા લોઢાના ખાટલા પર સૂતો છે. એના માથામાં ભયંકર વેદના થાય છે. કપાળ પર હાથ ફેરવીને જોયું તો એને માથે પાટો હતો. એના ખાટલાની બાજુમાં બીજા થોડાક ખાટલા પણ હતા. તરત એને અગાઉ શહેરમાં જોએલી ઈસ્પિતાલ યાદ આવી. લાગ્યું કે પોતે આજે કોઈ ઇસ્પિતાલમાં છે.

ધીરેધીરે હવે એને બધું યાદ આવવા લાગ્યું.

થોડી વારે પોસ્ટ ઑફિસના મોટા સાહેબે આવી હસતાંહસતાં કહ્યું, 'ઓહ! તું તો ભાનમાં આવી ગયો ને શું?'

દીનુ એમને ઓળખતો, પણ અત્યારે એ માત્ર એમની સામે મૂંગોમૂંગો જોઈ જ રહ્યો. સાહેબ બોલ્યા, 'બહુ બહાદુર છો તું. સરકાર તારા પર ખુશ થઈ છે. તેં તારા જીવને જોખમે પણ સરકારી

ટપાલ બચાવી છે. એ માટે તને 'રિવૉર્ડ'-ઇનામ મળશે.

છતાં એ ચૂપ જ રહ્યો. એના શરીરે હાથ ફેરવીને સાહેબે પૂછ્યું, 'કેટલા જણ હતા એ લોકો? કોઇને તું ઓળખી શક્યો છે?'

દીનુ હવે રહી ન શક્યો. એ રડી પડ્યો.

સાહેબ પોતે જ હાથમાં પંખો લઈ એને હવા નાખતા બોલ્યા, 'ડરે છે કેમ? રડે છે શા માટે? કંઈ જ ભય જેવું નથી. બહુ જલદી તું સાજો થઈ જઈશ ડાક્તર કહે છે કે તારે માટે જરા યે ચિંતા જેવું નથી.'

એમણે જાતે જ રૂમાલ વડે દીનુની આંખો લૂછી. ને પછી બોલ્યા, 'વારૂ, પહેલાં તું સાજો થઈ જા. હું ફરીને આવીશ. રોજ આવીને તારી ખબર લેતો રહીશ. સાંજ માટે ફળમેવો હું મોકલી આપીશ.'

'હજુર!' દીનુ એકાએક બોલી ઊઠ્યો.

'કંઈ કહેવું છે, મને? શું કહેવું છે? કહે.'

ખૂબ જ કષ્ટાતો કષ્ટાતો દીનુ બોલ્યો, 'હજુર, મારો છોકરો—'

'તારો છોકરો? તારા છોકરાને તારે જોવો છે?'

દીનુ નિસાસો મૂકીને બોલ્યો, 'હા. હજુર.'

'ભલે.' કહી સાહેબ ચાલ્યા ગયા.

એ પછી આવ્યા પોલીસવાળા. પોલીસના મોટા ઑફિસરે જાતે આવી એને પ્રશ્નો પૂછવા શરૂ કર્યા. ટપાલના મોટા સાહેબની જેમ એમણે એને તરત છુટકારો ન આપ્યો. એમણે વારંવાર એક જ પ્રશ્ન પૂછ્યા કર્યો કે ડાકુઓમાંના કોઇને તું પિછાની શકીશ?

દીનુએ જવાબ આપ્યો, 'અંધારૂં હતું, હજુર.'

'કેટલા જણ હતા એ લોકો?'

વિચાર કરીને દિનુ ફરી બોલ્યો, 'હજુર બહુ જ અંધારૂં હતું.'

'વારૂ, એ લોકો કેવા જણાતા હતા? એકદમ જુવાન?'

'જી, હા.'

'ભદ્ર માણસ કે લોકવરણ?'

દીનુ ચૂપ રહ્યો. એ વિચારતો હતો કે શું કહું? કોનું નામ લઉં? ખોટેખોટું કોઈનું યે નામ—. ને એ ધ્રૂજી ઊઠ્યો.

સાહેબ તીણી નજરે દીનુને નિહાળી રહ્યા હતા. એમણે કહ્યું, 'જો, તું એને જાણે છે; ઓળખી યે શક્યો છે તો કહી દે કોણ હતું એ?'

દીનુ સફેદપૂણી જેવા મોંએ સાહેબના મોં તરફ જોઈ રહ્યો. સાહેબે હવે આંખ લાલ કરી જરા સખત થઈને કહ્યું, 'કોણ હતું એ? કહી દે!'

વિહ્વળની જેમ સાહેબ સામું જોઈ રહીને એ બોલ્યો—ધીરેધીરે બોલ્યો કે 'હજુર, એ મારો દીકરો નિતાઈ હતો!'

સાહેબ વિસ્મયથી અવાક્ તો ન થયા, પણ વિસ્મય પામ્યા વિના તો એ રહી ન શક્યા. એમણે પૂછ્યું, 'કોણ? તારો જ દીકરો?'

મોં ઊંચું કરી રૂંધાતા સાદે દીનુ બોલ્યો, 'હા, હજુર.'

'ને બીજું? બીજું કોણકોણ હતું?'

'બીજું કોઈ જ નહોતું, હજુર.'

પરંતુ પોલીસ નિતાઇનો પત્તો મેળવી ન શકી. એ રાતથી જ નિતાઈ ગૂમ છે. એની તપાસમાં પોલીસ હેરાન-પરેશાન છે.

એ વાતને આજે અગિયાર વર્ષોના વહાણાં વીતી ગયાં છે. દીનુ આજે પણ હલકારાનું કામ કરે છે. અંધારૂં હોય, અજવાળું હોય, વાદળાં કે વરસાદ હોય, કડકડતી શિયાળુ રાત હોય તો યે હજુ પણ એ એનો એ જ રીતે ખભે થેલો ઝુલાવતો ને હાથમાં ભાલો-ફાનસ લઈ આવ-જા કરે છે. એની ગતિ હજુ યે ઘડિયાળના કાંટા જેવી જ નિયમિત છે.

ગુમ થએલા નિતાઈનો પત્તો હજુ યે નથી. થાણેથાણામાં એનું વર્ણન નિશાનીઓ સાથે મોજૂદ છે. છતાં એનો પત્તો નથી લાગતો.

દીનુની સ્ત્રી અવારનવાર ઘરમાં ધીરેધીરે ડુસકાં ભરીભરીને રડે છે. દીનુ ઘેર હોય ત્યારે મૂંગીમૂંગી ઓશરીમાં આવી એક હાથે માથું ટેકવી ધરતી પર નજર ઢાળી બેડી રહે છે. દીનુ નથી એને કંઇ સાંત્વન આપી શકતો કે નથી એના તરફ કંટાળો બતાવી શકતો.

આડોશી-પાડોશી દીનુને યુધિષ્ઠિર ગણે છે. એમની મામકી જીભે તેઓ બોલે છે: 'યુજિષ્ઠિર!'

શરમથી દીનુનું માથું ઢળી પડે છે. રસ્તે પણ એ નીચે મોંએ જ આવજા કરે છે. ઑફિસમાં યે એનું માન બહુ વધી ગયું છે. જે કોઈ નવા માસ્તર યા મોટા સાહેબ આવે છે એ પૂછે છે કે દીનુ કોણ છે?

દીનુ આવી માથું નમાવી સલામ કરીને ઊભો રહે છે. નવા માસ્તર કે મોટા સાહેબ આવે છે તે દિવસે એ મનોમન અત્યંત રૂક્ષ થઈ ઊઠે છે; વિના કારણે ટપાલીઓ સાથે લડી બેસે છે. એ દિવસે એ એમનાં વારાણ સરખાં નથી રૂટકતો; નીરણ પણ ઓછું નીરે છે.

ટપાલીઓ કહે છે કે, 'દીનુ, આવી ગરમી સારી નથી હો!'

એ દિવસે કારતક માસની શરૂશરૂની શિયાળુ રાત હતી. આ વખતે આ કારતકમાં જ ઠંડી જરા વધુ પડવી શરૂ થઇ ગઇ હતી. દીનુ ટપાલ લઈ નક્કી સમયે જ આમદપુર પોસ્ટ ઑફિસે હાજર થયો. રેલ્વે સ્ટેશન અહીં જ છે, એટલે અહીંની પોસ્ટ ઑફિસેથી વળતી ટપાલ લઇને એને હરિપુર જવાનું હોય છે. ટપાલનો થેલો નીચે મૂકી એ એને નક્કી ઠેકાણે ગુણિયું પાથરીને સૂઈ ગયો. અપ-અને ડાઉન બંને ટ્રેનો ચાલી ગયા પછી એને એની ટપાલ લઈને ફરી રવાના થવાનું હોય છે. એની આજુબાજુ બીજા પણ થોડાક 'મેલ-રનર' સૂતા છે. એ લોકો ઓવરસીઅર વિષે વાતો કરતા હતા. દંડના પ્રત્યક્ષ કારણ જેવા આ લોકો કદિયે સારા માણસ હોતા નથી. આ જ એમનું પ્રતિપાદન હતું! પેલી બાજુ બે જણ ઘરનાં સુખદુઃખની વાતો કરતા હતા. એવામાં સ્ટેશનમાં અપ મેઈલના ડંકા પડ્યા.

દીનુ કંટાળાપૂર્વક બોલ્યો, 'જરાક ઊંઘી જવને બાપુ. બધા. પશ્ચિમની ડાક ગાડીના તો ડંકા થયા. કલકત્તાની ગાડી આવતાં તો પાછું ફરી ખભે થેલો લઇને દોડાદોડ ભાગવાનું જ છે.'

એક જણ વ્યંગ કરતો મૃદુ સ્વરે બોલ્યો, 'ચૂપ-ચૂપ! ધરમપુત્તર યુજિષ્ઠિર ગુસ્સે થયા છે!'

અને પછી દબાએલા હાસ્ય ગુંજનથી દીનુ સ્તબ્ધ થઈ ગયો ને એ જડની જેમ પડ્યો રહ્યો. એને યાદ આવ્યો પુત્ર નિતાઈ. નિતાઈ મરી ગયો હોત તો આટલા દિવસમાં દીનુ એને કદાચ ભૂલીયે શકત. જીવતું માણસ ખોવાઈ જાય—ગુમ થાય તે કરતાં એ શતગણું સારૂં છે. આ તો રોજ પ્રભાત પડ્યે મનમાં થાય છે કે આજ તો એ આવશે જ; ને દિવસ વીતી જતાં થાય છે કે કાલે તો એ આવવો જ જોઇએ.'

એનું સૌથી મોટું દુઃખ એ નિતાઈનો પત્તો મળી ન શક્યો તે હતું. થોડા દિવસ પહેલાં એક મુસાફરની એક આની ખોવાતાં એને માટે એણે કેટ-કેટલાં વાનાં કર્યાં હતા? ત્યારે આ તો એક માનવી—જીવતું જાગતું માનવી....

આમ વિચારતોવિચારતો એ ઊંઘી ગયો. પટાવાળાએ ઉઠાડ્યો ત્યારે જ એ ઊઠ્યો. ડાઉન મેલ ચાલી ગઈ હતી. જુદીજુદી પોસ્ટ ઑફિસો માટે ટપાલની તારવણી થઈ રહી હતી. બધા હલકારા પોતપોતાના સરંજામ સાથે સજ્જ થઇ ગયા હતા. દીનુ પણ તૈયાર થઇને તમાકુ પીવા બેઠો. બીજી બાજુ કેટલાક જુવાન હલકારા તાપણું કરીને તાપવા બેઠા હતા.

અંદરથી પોસ્ટ માસ્તરનો સાદ સંભળાયો 'એ દીનુ! આફ્રિકામાં તારૂં કોણ છે અલ્યા? એણે ઈન્સ્યોર્ડ કરીને તને રૂપિયા મોકલ્યા છે.'

દીનુને આશ્ચર્ય થયું. એણે પૂછ્યું, 'એ ક્યાં આવ્યું?'

'અરે, એ તો બહુ દૂર. દરિયાને પેલે પાર. સ્ટીમરમાં બેસીને જવું પડે છે. કાફરોનો મુલક છે એ. માણસ માણસને ખાઈ જાય છે ત્યાં. સિંહ, ગેંડા વાઘ, રીંછથી ભરેલાં મોટાંમોટાં જંગલોનો એ દેશ છે ?

'જી, મેં તો એ દેશનું નામ જ કદિ સાંભળ્યું નથી.'

'ઊભો રહે જોઉં, મોકલનાર કોણ છે તે. સાઉથ આફ્રિકન સ્ટીમ નૅવીગેશન કંપની નામની કોઈ સ્ટીમર કંપની છે. ઓહ ! ને રૂપિયા પણ કંઈ ઓછા નથી. સાડા પાંચસો રૂપિયા છે !'

દીનુ અવાક્ થઈ વિચારતો હતો. ઓચિંતો એ બોલ્યો, 'જોઉં, બાબુ, એક વાર જરા જોઉં તો.'

પોસ્ટ માસ્તર બોલ્યા, 'જોઇને શું કરીશ ભાઈ ? સીધો હરિપુર પોસ્ટ ઑફિસે જઇને ત્યાં જ લેજે ને જોજે ને.'

ને ટપાલનો થેલો ખભે ઝુલાવતોદીનુ રવાના થયો. પાછલી રાતનું અજવાળું ધૂંધળું થવા આવ્યું છે. ચંદ્ર ઝાંખો થયો છે સપ્તર્ષિ પણ ડૂબી ગયા છે. પાછલી રાતનો પવન હિમ જેવો વરસી રહ્યો છે. નિર્જન પંથે એ આગળ ધપી રહ્યો છે. ઘંટડીનો રણકાર થઈ રહ્યો છે. ચાલતોચાલતો એ વિચારે છે કે કયા દેશ-દેશાન્તરથી સ્ટીમર કંપનીએ એને રૂપિયા મોકલ્યા હશે ? શા માટે મોકલ્યા હશે ?

ને રૂપિયા પણ કાંઇ થોડા છે ? બારસો સાડા પાંચ સો ! ઓહ ! કેટલા બધા રૂપિયા ! એનો થેલો એને ભારે લાગવા માંડ્યો. ઓચિંતું એને ભાન થયું, 'આ શું ? હું અહીં ઊભો કેમ રહી ગયો છું ?' અને એણે પગને ઝપાટાબંધ મારી મૂક્યા. ચાલતાંચાલતાં એ ક્યાં પહોંચ્યો એનું એને ભાન નહોતું રહ્યું પણ એનું મન ઘણે દૂર નીકળી ગયું. દેશ દેશાન્તરના એક અજાણ રાજ્યમાં એનું મન ભમતું હતું. એ કઇ કંપની હશે ? શા માટે એણે આ રૂપિયા મોકલ્યા હશે ? એ જોતો હતો એક જબ્બર ને અંધારૂં અરણ્ય. વાઘ સિંહ ને રીંછ ગેંડા ત્યાં ચારે બાજુ ફરતા હતા. પણ આ બધામાં પેલી કંપની ક્યાં ? એણે પાછળ ફરીને જોયું. કેમ જાણે કંપની એની પાછળ જ ન હોય ! એનું આખું શરીર થરથર કંપી ઊઠ્યું. હિમ જેવી ઠંડીગાર રાતના સૂસવતા પવનના આ છેલ્લે પહોરે પણ એ પરસેવે રેબઝેબ થઈ ગયો. એના ખભા પરનો થેલો સોનામહોરોથી ભરેલા થેલા જેવો ભારે બની ગયો.

એ હરિપુર પોસ્ટ ઑફિસે પહોંચ્યો ત્યારે સાડાસાત વાગી ગયા હતા. લગભગ અર્ધો કલાક એ મોડો પડ્યો હતો. પોસ્ટ માસ્તર, ટપાલીઓ ને લોકોનું ટોળું આતુરતાપૂર્વક એની રાહ જોતું વરંડા પર ઊભું હતું. એ કંટાળાપૂર્વક થેલો ઉતારી જડની જેમ બેસી ગયો.

એના મોં સામે જોઈ માસ્તરે પૂછ્યું, 'આટલું મોડું કેમ થયું, ભાઈ ? આ શું ? તને ઠીક નથી કે શું, દીનુ ?'

હાંફતાં હાંફતાં એ બોલ્યો, 'ટપાલ ખોલોને, બાબુ.'

'ઠીકઠીક, બેસ. હમણાં જ તને છુટ્ટો કરી દઉં છું.'

ટપાલ ખોલી માસ્તર બોલ્યા, 'આ શું ? તારા નામનું એક ઇન્સ્યોર્ડ કવર ? ને રૂપિયા પણ કંઇ ઓછા છે ? સા . . . ડા . . પાં . . . ચ સો ! અરે આ તો આફ્રિકાથી કોઈએ મોકલ્યા લાગે છે !'

દીનુ કંઈ જ બોલી ન શક્યો. એણે માત્ર હાથ લંબાવ્યો. એનો હાથ થરથરતો હતો. માસ્તરે હસીને કહ્યું, 'ઊભો રહે ભાઈ, જરા જમાઉધાર લઉં. પછી તને આપું.'

ટપાલી બોલ્યો, 'પણ અમને મિઠાઈ ખવડાવવી પડશે હો.'

દીનુ ચૂપ હતો. જમાઉધાર કરી માસ્તર બોલ્યા, 'અહીં તારા અંગુઠાની છાપ દઇને આ લઈ જા, દીનુ.'

કવર હાથમાં લઈ દીનુએ એને આમ તેમ ફેરવી જોયું. સ્ટીમરના ચિત્રવાળું સુંદર કવર હતું ને એના પર છાપેલા અક્ષરોમાં મોકલનારનું નામ લખ્યું હતું.

'લાવ, ખોલી દઉં.' માસ્તર બોલ્યા.

ને કાળજીપૂર્વક કવર ફોડી, સૌ પહેલાં નોટો તપાસી લઈ એ બોલ્યા, બધું બરાબર છે. આ જો, સાથે કાગળ પણ છે.'

ને એ મનોમન કાગળ વાંચવા લાગ્યા.

બીજી તરફ ટપાલી ટપાલ આપતો હતો—

'પરમ કલ્યાણીયા જગત્તારિણી દાસી, કુડિગ્રામ.'

'રામલાલ બંદોપાધ્યાય,—અરે બાંકુડ્ડા મહાશય, કાગળ !'

'આ પાછું હિન્દી–શું છે ? ડાકખાના હરિપુર સુ-સુખેન ચૌબે...'

દીનુ આતુરતાપૂર્વક પ્રશ્નાર્થથી બોલ્યો, 'માસ્તર ?'

માસ્તર વિચારતા હતા કે શું કહું ? નિતાઈના સમાચાર હતા. એ સ્ટીમરમાં ખલાસી તરીકે કામ કરતો હતો. એ ગુજરી ગયો હતો ને એની આખરી ઈચ્છા મુજબ એની ભેગી કરેલી મૂડી કંપનીએ દીનુને મોકલી હતી.

દીનુ ફરી બોલ્યો, 'માસ્તર !'



'શું લખે છે એ બરાબર સમજાતું નથી, ભાઈ. વારૂ, નિતાઇ કોણ ? તારો પેલો દીકરો ને ?'

'હા, હા ! કેમ છે ? ક્યાં છે એ ?'

માસ્તરે મૂંગામૂંગા માથું નીચું ઢાળી દીધું.

ઘણીવાર સુધી એમની સામે જોઈ રહ્યા બાદ એક ઊંડો નિસાસો નાખી દીનુ બોલ્યો, 'નિતાઈ હવે નથી શું ?'

માસ્તર મૂંગા જ રહ્યા. દીનુ પણ ધરતી ભણી જોતો બેઠો જ રહ્યો. એની આંખમાંથી આંસુ વહીવહીને નીચે ધરતીમાં શોષાઈ જતાં હતાં આડીઅવળી કેટલી યે વાતો એના શોકાતુર મગજમાં જાગતી હતી,—બધી જ નિતાઇને અંગેની.

માસ્તર અપરાધીની જેમ બોલ્યા, 'દીનુ, મેં તો હર્ષથી કાગળ ફોડ્યો, પણ આખરે મારે તને આ સમાચાર આપવા પડ્યા.'

દીનુ ચમકી ઊઠ્યો. એને યાદ આવ્યું. એ પોતે જ આ કાગળનો લાવનાર તો હતો !


ને એને વારંવાર યાદ આવવા લાગ્યું કે ઓહ ! આટલા લાંબા વખતમાં નિતનિત આવા કેટલા યે ખબર એ લાવ્યો હશે ! કેટલા ?–કેટલા ? ! કેટલા ? ! ! ગણ્યા ગણાય નહિ એટલા. ને એને થયું કે ગામમાં આજ સુધી જેટલાં ક્રંદન સાંભળ્યાં છે એ બધાંયના અશુભ સમાચાર લાવનારો તો એ પોતે જ હતો ને ? !

આંખો લૂછી ધીરેધીરે એ ઊઠીને ઊભો થયો ને બોલ્યો, 'માસ્તર, આજથી હું નોકરી નહિ કરૂં, આ કામ છોડી દઉં છું.'

મૂર્તિશાસ્ત્ર પરિચય

[૬] દેવપરિવાર

દેવપરિવાર અને તેના વર્ગીકરણનો પરિચય આ માળાના પહેલા લેખાંકમાં(અંક ૨૫૪માં) અપાઇ ગયો છે. હિંદુ ધર્મમાં ઈશ્વરની, સર્જક પાલક અને સંહારક શક્તિઓને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ ત્રણ દેવોના રૂપમાં કલ્પવામાં આવી છે.



ત્રિમૂર્તિ

આ ત્રણેય દેવો (ત્રિદેવ)નું સંયુક્ત રૂપ તે 'ત્રિમૂર્તિ' કહેવાય છે. ત્રિમૂર્તિની પ્રતિમામાં બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રિદેવોનાં અંગ સંયુક્ત હોય છે. એના બે પ્રકાર છે. પહેલા પ્રકારમાં આખી પ્રતિમા ને બીજામાં માત્ર માથાં સંયુક્ત હોય છે. ત્રિમૂર્તિ ત્રણ માથાં પરથી ઓળખાય છે. પણ ઉપર દર્શાવેલા ત્રણે દેવોના મુકુટ જુદાજુદા પ્રકારના હોય છે. બ્રહ્મા અને શિવને માથે જટામુકુટ ને વિષ્ણુને માથે કિરીટમુકુટ. બ્રહ્મા ને શિવના મુકુટો સરખા હોવાથી એ બંનેને મુકુટ પરથી ઓળખવા મુશ્કેલ પડે; પણ બ્રહ્માને કાં તો દાઢી હોય છે અથવા ત્રણ મુખ હોય છે. તેથી તેમને શિવથી જુદા પાડી શકાય છે. ત્રિમૂર્તિમાં માથાંઓનો ક્રમ દેવો પ્રમાણે હોતો નથી. ગમે તે દેવ ગમે તે સ્થાને આવી શકે છે. પણ એમાં વચ્ચેની મૂર્તિ મુખ્ય ગણાતી હોઈ તે જે દેવની હોય તેના નામ પરથી તે ત્રિમૂર્તિના પ્રકારો પડે છે. જેમાં બ્રહ્માની મૂર્તિ કે મસ્તક વચ્ચે હોય તે 'બ્રહ્મા ત્રિમૂર્તિ' કહેવાય છે, વિષ્ણુ વચ્ચે હોય તે 'વિષ્ણુ-ત્રિમૂર્તિ' અને શિવ વચ્ચે હોય તે 'શિવ-ત્રિમૂર્તિ' કહેવાય છે.

સામાન્યરીતે આ ત્રિદેવોની સંયુક્ત મૂર્તિ જ 'ત્રિમૂર્તિ' કહેવાય છે; પણ તે ઉપરાંત વિશ્વકર્મા, સૂર્ય ને દત્તાત્રેયની ત્રણ માથાંઓ ધરાવતી મૂર્તિઓ પણ ક્વચિત 'ત્રિમૂર્તિ' તરીકે ઓળખાય છે ખરી. પરંતુ હવેના પુરાવિદો તેમ કરતા નથી.

હિંદમાં જૂનામાં જૂની ત્રિમૂર્તિની પ્રતિમા મુંબઈ નજીક એલિફન્ટા (ધારાપુરી)ના ગુફામંદિરમાં છે (જુઓ આ વર્ષના અંક ૨૫૬માં લેખ તથા ચિત્ર) એ છઠ્ઠા શતકની હોવાનું મનાય છે. આ પછીના ૮મા શતક લગભગની એક શિવ-ત્રિમૂર્તિ મને રાજપીપળા રાજ્યમાં લીમોદરા ગામના પ્રાચીન અવશેષોમાંથી મળી આવી છે. થાન (કાઠિયાવાડ)ના મુનિ બાવાના મંદિરમાં લગભગ ૯મા શતકની એક ભગ્ન 'બ્રહ્મા-ત્રિમૂર્તિ' છે. આખાં અંગવાળી ત્રિમૂર્તિઓ જવલ્લે જોવા મળે છે. આ લેખ સાથે છાપેલું રેખાલેખન મદ્રાસના તીરૂવોટ્ટીયુરની આખા અંગની મૂર્તિનું છે, તે મૂર્તિ શૈવધર્મીઓની હોવાથી તેમાં શિવને કેન્દ્રસ્થાને રાખી બ્રહ્મા અને વિષ્ણુને તેના અંગમાંથી ફૂટતા દર્શાવ્યા છે.

ગુપ્ત કાળ પછી પરદેશી કોમો હિંદુ ધર્મમાં ભળવા લાગી હતી. એમાંની કેટલીક જાતિઓ સૂર્યપૂજક હતી. તેઓ હિંદુ ધર્મમાં સમાઈ તેથી એ ધર્મમાં સૂર્યપૂજાને સારૂં સ્થાન મળ્યું; તે એટલે સુધી કે સૂર્યની ગણત્રી ત્રિદેવોની જોડાજોડ થવા લાગી. એના પરિણામે ત્રિમૂર્તિમાં સૂર્યના મસ્તકનો ઉમેરો થતાં તે 'ચતુર્મૂર્તિ' થઇ. આવી એક દસમા સૈકાની મૂર્તિ જોધપુર રાજ્યના કિરાડુ ગામમાં 'રુદ્રમાળ' નામે પ્રાચીન મંદિરમાં છે. એમાં માથાંનો ક્રમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ ને સૂર્ય એવો છે ગુજરાતમાં દેલમાળ (ઉત્તર ગુજરાતમાં હારીજ ને ચાણસ્મા નજીક)માં લીંબોજ માતાના ૧૨મા સૈકાના મંદિરમાં પણ એક 'ચતુર્મૂર્તિ' કિરાડુના મંદિરના જેવી જ છે.

પણ ગુજરાતમાં બે ત્રિમૂર્તિઓના નમૂના એવા મળી આવ્યા છે કે જેમાં ત્રિદેવોમાંના એકના બદલે સૂર્યનું મસ્તક છે. પાવાગઢમાં ૧૩મા કે ૧૪મા સૈકાની એક ત્રિમૂર્તિ છે, જેમાં માથાંઓનો ક્રમ સૂર્ય, બ્રહ્મા અને શિવ આ પ્રમાણે છે. એમાં વચ્ચે બ્રહ્મા છે, પણ તેને 'બ્રહ્મા-ત્રિમૂર્તિ' કહી ન શકાય; કારણ હિંદુ ધર્મ પ્રમાણે સૂર્યનું સ્થળ ત્રિદેવોમાં નથી, અને તેમાં વિષ્ણુના સ્થાને સૂર્ય છે એવી સૂર્યવાળી ત્રિમૂર્તિઓ માટે વિશેષ નામ યોજાયું નથી મોઢેરાના ૧૧મા સૈકાના સૂર્યમંદિરમાં પણ એક ત્રિમૂર્તિમાં સૂર્યનું મસ્તક વચ્ચે છે.

સૂર્યનું મસ્તક પણ તેના વિશિષ્ટ પ્રકારના મુકુટ પરથી ઓળખાય છે. આ મુકુટના પ્રકાર પરદેશી હોવાથી પૌરાણિક મુકુટોમાં (જેમની વિગત અંક ૨૨૫માં અપાઈ ગઈ) તેને સ્થાન નથી. એટલે સૂર્યની પ્રતિમાના વર્ણન વખતે આપણે તેની વિગત જોઈશું

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

(ડિસેમ્બર ૧૯૪૫) ૨૮૦

રૉંટજન-ક્ષ-કિરણો

માનવજીવનને આશીર્વાદરૂપ નીવડેલી અમૂલ્ય શોધ



વિલ્હેમ કૉનરૅડ રૉંટજન (ઈ. ૧૮૪૫-૧૯૨૩) વુર્ટ્ઝબર્ગ (જર્મની)
નીચે : ક્ષ-કિરણો વડે પરખાતા સાચા હીરા



સાથેના ચિત્રમાં બે વીંટીઓનો ક્ષ કિરણોથી પાડેલો ફોટોગ્રાફ છે. એકમાં સાચાં રત્નો જડેલાં છે, બીજીમાં નકલી કાચ. આ જાતે ઝવેરી આપણને છેતરી ન જાય તેની પરખ માટે આવો ફોટો ગ્રાફ પાડતાં તે તરત જુદાં પડી આવે છે. હીરો ક્ષ કિરણો માટે પારદર્શક છે, કાચ અપારદર્શક છે. આવું ઉપયોગી સાધન ઈશ્વરે કોના મારફત મોકલ્યું, માનવ તેથી કેવું કલ્યાણ સાધે છે એની વાત જાણવા જેવી છે.

ઈ. ૧૮૯૫ના નવેમ્બરની ૮મી તારીખનો સાયંકાળ. ભૌતિકશાસ્ત્રી વિલ્હેમ રૉંટજન વુર્ટ્ઝબર્ગ (જર્મની)ની પ્રયોગશાળામાં, ધાતુના બે ઋણ અને ધન (positive and negative) ઇલેક્ટ્રોડ લગભગ શૂન્યમય નળીમાં રાખી ભારે દબાણ નીચે વિદ્યુત પ્રવાહ પસાર કરી તેની અસરો શું થતી હતી; એવામાં તેમની પાસે બેરીઅમ પ્લૅટીનો-સાઈનાઈડ નામના ક્ષારમાં બોળેલો એક કાગળ પડેલો હતો, તે ઓચિંતો ઝળકવા લાગ્યો. રૉંટજને તેના પર કાળો કાગળ મૂકવા છતાં પણ એ ઝળકાટ બંધ થયો નહિ. વિજ્ઞાનજગતમાં જાહેર થયું કે એવાં નવા પ્રકારનાં કિરણો છે જે કાગળ અને બીજા સામાન્યરીતે અપારદર્શક પદાર્થોમાંથી પણ પસાર થઇ જાય છે! તે સમયે તેના ગુણધર્મોના અજ્ઞાનને કારણે તેમને ક્ષ કિરણો (x-rays) કહેવામાં આવ્યાં.

ભારે દબાણનો પ્રવાહ ધાતુમાંના પરમાણુઓ (electrons)ને ઘણા જ વેગથી છુટા પાડે છે. તેઓ સામેના લક્ષ્ય (target) ભાગ પર અથડાઇ ગરમી ઉત્પન્ન કરે છે. માટે જ તે લક્ષ્યભાગ જલદી ઓગળી ન જાય તેવી ધાતુ (જેવી કે પ્લૅટિનમ)નો બનાવેલો હોય છે અથડામણના વેગથી વાતાવરણમાં મોજાં ઉત્પન્ન થાય છે. એ મોજાં તે ક્ષ કિરણો. મોજાંની લંબાઇનો ખ્યાલ કરવો હોય તો ૨૫ કરોડ ને ૫૦ લાખ મોજાં પાસેપાસે રાખવાથી એક ઈંચ લંબાઇ થાય. તેમની ગતિ સામાન્ય પ્રકાશ જેટલી જ (એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલ) છે. આવી નાની લંબાઈ ને અતિશય વેગ એ તેની પારગમન શક્તિ (penetrating power)નાં કારણો છે.

બેરિયમ પ્લૅટીનો સાઇનાઈડ જેવા ક્ષારોવાળા કાગળો પર તે પડવાથી, સામાન્ય પ્રકાશ પરાવર્તિત થાય છે તેને 'દૃશ્યપ્રકાશકરણ' (flourescence) કહે છે. આ બનાવ ક્ષ કિરણોની હાજરી તથા પ્રમાણ જાણવા ઘણો ઉપયોગી છે. રસાયણશાસ્ત્રમાં તેમની અતિશય પ્રવૃત્તશક્તિ (kinetic energy) ઘણાં અણુરૂપાંતરો(atomic shifts) કરવા શક્તિમાન છે. જીવનશાસ્ત્રમાં તેના ઉપયોગો મહાન શોધના વિષયો થઇ પડ્યા છે. વીજળી પ્રવાહના સામાન્યરીતે અવાહક હવા જેવા વાયુઓને આ કિરણો વાહક બનાવે છે. આવી અદ્ભુત શક્તિવાળા સાધનનો માનવબુદ્ધિએ શો ઉપયોગ કર્યો તે જોઈએ.

પહેલો ઉપયોગ સર ડેવિડસને એક સૈનિકના પગમાં પેસી ગએલી ગોળીના સ્થાનનિર્ણય માટે ઈ. ૧૮૯૬માં કર્યો. આ કિરણો માંસ, ચામડી વગેરેમાંથી પસાર થાય, પણ હાડકાં જેવા ઘનતર પદાર્થમાંથી ન થઈ શકે, તેથી તેની પાછળ રાખેલ 'ચિત્રગ્રાહકપત્ર' (photographic plate) પર માત્ર હાડકાં અને અનિચ્છનીય ઘન વસ્તુનાં જ દર્શન થાય છે. શરીરની આંતરિક ખોડ, આંતરડાં, ફેફસાં પર ચાંદાં, ભાંગેલું હાડકું, ટાંચણી કે એવી ગળાએલી વસ્તુઓની હાજરી જાણી તેના ઉપાયો સમયસર લઇ માનવજીવન ઉગારવાના ઘણા દાખલા મળી આવે છે. ક્ષય કંઠમાળ જેવાં દર્દોમાં તેમજ બીજાં મલિન માંસ તથા અસ્થિવૃદ્ધિનાં દર્દોમાં ઘણાં જ માર્ગદર્શક ને વિચ્છેદક બને છે. દંતશાસ્ત્ર (dentistry)માં દાંતનાં મૂળની સ્થિતિ જાણવા માટે તેનો સાર્વત્રિક ઉપયોગ થાય છે બેદરકાર ઉપયોગથી માથાના વાળ ખરી જઈ ટાલ પડવાના પણ દાખલા મોજૂદ છે.

ઉપરાંત નીચેના ઉદ્દેશો માટે વારંવાર કામે લગાડવામાં આવેછે:

(૧) છીપોમાં મોતી છે કે નહિ તે જોવા માટે; (૨) સાચા હીરા પારખવા માટે; (૩) ટપાલનાં પારસલોમાંની વસ્તુઓ તપાસવા માટે; (૪) વીજળીવાહક તારો તથા અવાહક પદાર્થોની અશુદ્ધિ તેમજ લોખંડ તથા લાકડાંના કટકાઓમાં વચ્ચેની ચિરાડો તથા છિદ્રો પારખવા માટે; (૫) તમાકુ, સીગારેટો જેવી વસ્તુઓ જંતુરહિત બનાવવા માટે; (૬) ઉતારૂઓના સામાનમાં દાણચોરીનો માલ દાહક કે સ્ફોટક વસ્તુઓની હાજરી જાણવા માટે; (૭) પાસાદાર પદાર્થોમાં તેનું દ્વિમાર્ગી વક્રીભવન (double refraction) થાય છે જે વડે તેનું અણુશિલ્પ તથા રચના જાણવા માટે.

આ ને આવા અસંખ્ય ઉપયોગમાં આ કિરણોને મૂકવા આજનો વિજ્ઞાની વર્ગ અથાગ પરિશ્રમપૂર્વક સંશોધન કરી રહ્યો છે ક્ષ X) એ અજ્ઞાનસૂચક ચિહ્ન છે. હવે તો આપણે એ કિરણો વિષે ઘણું જાણતા હોતાં તેમના નિરીક્ષક રૉંટજન પરથી 'રૉંટ્જન-પ્રકાશ કિરણો' જ કહીશું. દિનપ્રતિદિન એ કિરણો વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં સ્વેચ્છાએ માનવસેવા કરવા તક ઊભી કરતાં હોય તેમ લાગે છે. વિજ્ઞાન સર્જક છે અને તેનાથી મેળવેલી આવી અમોઘ ભેટોના ઋણમાંથી માનવ જગત કદી યે છૂટશે જ નહિ! પણ માનવબુદ્ધિ તેના વિજયોથી જો મદાન્વિત થશે અને ચાલુ રહેશે તો વિજ્ઞાન માનવને ગુલામ બનાવી અસભ્ય-અમર્યાદભીષણ-વિગ્રહો જગવશે એ પણ નિર્વિવાદ છે.

સુરેન્દ્ર ધોળકિયા

ચીઆંગ-કાઈ-શે

(અનુસંધાન આગળ પાન ૨૮૭થી)

ડૉ. સુન-યાટ-સેને લંડનમાં પોતે કેદીની અવસ્થામાં હતા ત્યારે કરેલી પ્રાર્થનાઓ પણ મને આ પ્રસંગે યાદ આવી. આ બધાં દશ્યો જાણે જુદાંજુદાં ચિત્રો હોય તેમ વારંવાર મારાં મનશ્ચક્ષુ આગળ રહી-રહીને પસાર થવા લાગ્યાં. બળવાખોરોને નહિ ગાંઠવાથી મારું બળ દ્વિગુણિત થયું હોય એમ મને લાગ્યું. ને વધસ્તંભે જડાએલા ક્રાઈસ્ટનું આત્મબળ સ્મરીને કહેવાતા 'લોકમોરચા' તરફથી યોજાનારી જાહેરતપાસને અંતે છેવટના આત્મત્યાગ માટે હું સજ્જ થવા લાગ્યો. આ માર્ગ લેવાનું એક વાર મનમાં નક્કી થઈ ગયું એટલે હું સંતોષ અને શક્તિ અનુભવવા લાગ્યો.'

પણ જે પ્રસંગ માટે ચીઆંગે આટલી બધી માનસિક તૈયારી કરી મૂકેલી તે પ્રસંગ આવ્યો જ નહિ. લોકો તેમજ સરકાર અધીર બનવા માંડયાં, લશ્કરી હીલચાલો થવા માંડી, સંદેશાઓની આપલે ચાલી, અને ૨૨મી ડિસેમ્બરે ઘણાંએ વાર્યા છતાં માદામ ચ્યાંગ, મરવા કે જીવવા માટે સરસેનાપતિને જ્યાં અટકમાં રાખવામાં આવ્યા હતા ત્યાં સડસડાટ આવી પહોંચ્યાં. પોતાની ડાયરીમાં આ અદ્ભુત મિલનપ્રસંગની નોંધ કરતાં ચીઆંગે લખ્યું છે: 'એ પ્રસંગ અત્યંત હૃદયસ્પર્શી હતો, મને રડી દેવાનું મન થઈ આવેલું.'

આવડો મોટો કેદી નહિ જીરવાયાથી નાતાલને પહેલે દિવસે ચીઆંગનો છુટકારો થયો. એમનો ૫૦મો જન્મદિન ભારે ઉત્સાહથી ચીનવાસીઓએ ઊજવ્યો હતો; પણ આ છુટકારો તો એથી ય અધિક ઉત્સાહથી આખા રાષ્ટ્રે ઊજવ્યો. યંગ માર્શલે દિલગીરી પ્રદર્શિત કરીને સજા માગી લીધી ને દસ વર્ષની કેદની સજા એને થઈ પણ ખરી, પરંતુ સરસેનાપતિએ ઉદાર દિલે એ સજા રદ કરી.

આ પ્રસંગે ચીનમાં એકત્વની ભાવના ખૂબ વધારી મૂકી. ચીઆંગની લોકપ્રિયતામાં પણ જબરો ઉછાળો આવ્યો. એ જ એકમાત્ર તારણહાર, ચીનની રાષ્ટ્રીયતાનું એકમાત્ર પ્રતીક, ને વજ્રહૃદયી સેનાની છે એ વાત સૌના મનમાં વસી ગઈ.

સામ્યવાદીઓનું તોફાન હજી છેક શમ્યું નહોતું, તોપણ એ ઠીકઠીક ઢીલા પડ્યા હતા. વળી ડૉ. સુનની તાલીમ પામેલા સરસેનાપતિ આમ ચુસ્ત લોકશાસનવાદી છતાં અહિંસક તો નહોતા જ. ચીન જેવા વિશાળ દેશના વિશાળ પ્રશ્નો જોતાં, એને માથે ઝઝુમતો ભય જોતાં, પ્રજાની વિશાળ બહુમતીએ જેના હાથમાં વિશ્વાસથી દેશનું સુકાન મૂક્યું હોય તે રાષ્ટ્રનાયક, મુખ્ય હેતુને જ નિષ્ફળ કરી મૂકે તેવી દખલગીરીઓને શી રીતે બરદાસ્ત કરી લઇ શકે? એટલે સામ્યવાદી તોફાનીઓને એમણે સ્પષ્ટ વાણીમાં ચેતવણી આપી દીધી.

આમ ચીઆંગનો શિસ્તનો આગ્રહ પણ ભારે જબરો છે. એક વાર કાર્યનો ને એની ધુરા વહેનારનો મુક્તપણે નિર્ણય થઇ જાય તે પછી એનો નિરંતરાય અમલ થવો જ જોઇએ એવો ચીઆંગનો આગ્રહ હોય છે. આથી પ્રતિપક્ષીઓ સામે એમની દૃષ્ટિ કરડી રહે છે. રાષ્ટ્રદ્રોહીઓને તો વીણીવીણીને સાફ કરવામાં જ એ માને છે. આથી એમના પર સારી એવી ઝડીઓ વરસી છે. પણ જે દેશે લડતની અહિંસક પદ્ધતિ સ્વીકારી ન હોય અને જે સર્વાંશે મુક્ત ને નિર્ભય ન બન્યો હોય, જેના શાસનમાં સ્થિરતા ન આવી હોય તે દેશમાં લોકશાસન માટે ગમે તેટલી ઉલટ હોય તોપણ એનું સંપૂર્ણ પાલન અશક્ય છે. ચીનના રાષ્ટ્રનાયક આ વાત બરાબર સમજે છે. એટલે જ રાષ્ટ્રવિરોધી એકેએક પ્રવૃત્તિને એ સખત હાથે દબાવી દે છે. એનો અર્થ એવો નથી કે યુરોપના સરમુખત્યારોની જોડાજોડ એમને બેસાડી શકાય. એમનામાં દીર્ઘદૃષ્ટિ ને સમાધાનવૃત્તિનો પાર નથી. આક્રમક વૃત્તિનો જેમ ચીનમાં તેમ એમનામાં પણ સદંતર અભાવ છે વળી લોકશાસનના સારરૂપ તત્ત્વને–બહુમતીને–એમણે કદી અવગણ્યું નથી. એમણે વારંવાર જે રાજીનામાં આપ્યાં છે તે એ જ સૂચવે છે. પણ જો સુકાન એમના હાથમાં મૂકાય તો વિશ્વાસ નિરુપાધિક હોવો જોઇએ એમ એ માને છે; કેમકે, રાષ્ટ્રના આપત્તિકાળે સઘળાં કાર્યો ત્વરાથી કરવાનાં હોય છે. એમાં વિલંબ ન ચાલે.

ચીઆંગ માત્ર યુદ્ધનેતા નથી; એ રાષ્ટ્રનેતા પણ છે. એમણે ને માદામ ચીઆંગે જે 'નવસર્જન પ્રવૃત્તિ' આદરી છે તેણે ચીનની સિકલ બદલી નાખી છે. જીવનનાં સઘળાં ક્ષેત્રોને એ આવરી લે છે. સ્ત્રી, પુરુષ ને બાળક–વિશેષે કરીને સ્ત્રી ને બાળક ઉપર એનો ઝોક રહ્યો છે. અંદરના બખેડા, સામ્યવાદીઓના ઉત્પાત ને જાપાનનું આક્રમણ –આ બધાંને પહોંચી વળતાંવળતાં પણ, યુદ્ધ સમયે પણ નવસર્જનની પ્રવૃત્તિ થંભી નહોતી, એ પરથી ચીઆંગનું નેતૃત્વ કેવું તો સર્વતોમુખી ને સમર્થ હશે તેની કલ્પના આવી શકશે. દેશવાસીઓનું હીર હરી લેતું, પ્રમાદ ને જડતાનું ઘર અફીણ તો ચીઆંગના ઉગ્ર કોપમાંથી બચી શક્યું જ નથી. ચીઆંગે બધી વાતે ચીનનું યુગોનું ઘેન ઉડાડી મેલ્યું છે. ને એની પ્રાચીન સંસ્કૃતિને સજીવન કરી એને નવાં મૂલ્યો અર્પ્યાં છે.

આ સઘળી ઘટનાઓને પાડોશમાં આવેલું સામ્રાજ્યવાદી જાપાન આક્રમણકારની દૃષ્ટિથી સચિંત મને અવલોકી રહ્યું હતું સીઆનવાળા પ્રસંગ પછી એને સમજાઇ ગયું કે હવે ચીનમાં ફાટફુટને માટે બહુ ઓછો અવકાશ રહ્યો છે. એટલે એક જેવુંતેવું બહાનું શોધી કાઢી ૧૯૩૭ના જુલાઇની ૭મી તારીખે એણે ચીન-જાપાન મહાવિગ્રહનો આરંભ કરી દીધો. ૧૩મી ઑગસ્ટ સુધીમાં તો એની જ્વાળાએ આખો દેશ ઘેરી લીધો. જાપાનને મુકાબલે ચીન ઘણો મોટો દેશ કહેવાય, એની વસતી અર્થાત સૈનિકો પૂરા પાડવાની એની શક્તિ પણ અખૂટ કહી શકાય. તથાપિ આ વૈજ્ઞાનિક યુગમાં સૈનિકો નહિ પણ યુદ્ધસામગ્રી જીત મેળવે છે સામગ્રીની બાબતમાં જાપાનથી ચીન ક્યાં યે ઊતરતું હતું, એટલે લડવામાં જોખમો તો બેશુમાર હતાં. ઈટાલી ને જર્મનીએ વચ્ચે પડીને સમાધાન કરાવી આપવાનું જાહેર કર્યું, પણ જ્યાં સુધી જાપાન આક્રમણ થંભાવે નહિ ત્યાં સુધી સમાધાન માટે ચીઆંગે સાફ ના પાડી દીધી. જાપાનને ઉદ્દેશીને ચીઆંગે જાહેર કર્યું: 'અમારે સુલેહ ખપે છે, પણ ગમે તેને ભોગે નહિ' એમણે ને મે-લિંગે મળીને રાષ્ટ્રને ખૂણેખૂણે આત્મરક્ષણ ને આત્મગૌરવ માટે ફના થઈ જવાનું સૂત્ર પહોંચતું કર્યું.

નિર્માલ્ય રાષ્ટ્રસંઘથી તો કંઈ વળે તેમ હતું જ નહિ. દુઃખી ચીન માટે પશ્ચિમનાં લોકશાહી રાજ્યોએ મિથ્યા હમદર્દી પ્રગટ કરી. હજી એમની આંખ ઊઘડી નહોતી. જોકે જાપાનથી એ ગભરાતાં પણ હતાં ને એને દુર્જેય પણ માનતાં હતાં. છતાં એક વાર ચીન પર જાપાનનું વર્ચસ્વ સ્થપાયું તો જગતને એ ભારે પડી જશે એ સત્ય એમને સમજતાં પુષ્કળ વાર લાગી અને એ વિલંબની ઘણી મોંઘી કીમત પણ એમને ચૂકવવી પડી. અનેક વસ્તુની તાણ વેઠતું ચીન મુખ્યત્વે સંકલ્પશક્તિથી એકલે હાથે ઝૂઝી રહ્યું હતું એ નજરે જોવા છતાં તરત એનું રહસ્ય એમનાથી સ્વીકારાયું નહિ. એમની નજર ટૂંકી ને આપરખી હતી. જાપાનના આક્રમણને એમણે વખોડી કાઢ્યું, એટલું જ નહિ સહાનુભૂતિના વિવેક દાખલ ચીનને રડીખડી મદદ પણ મોકલવા માંડી. પરંતુ માદામ ચીઆંગે જે કારણે અમેરિકનોને ટોકેલા એ જ તો વિષમ વાસ્તવિકતા હતી. એમણે બળતે હૃદયે

આ અંક સાથે આપનું લવાજમ પૂરૂં થાય છે

સિવાય કે આપ અશ્વવચ્ચેથી ગ્રાહક થયા હો

તે માટે આ અંક ઉપર વીંટાળેલું રૅપર જુઓ. તેમાં આપના નામની બાજુએ લખેલા ગ્રાહક નંબરની આસપાસ જો લાલ કુંડાળું કરેલું હોય તો આપનું લવાજમ આ અંક સાથે પૂરૂં થાય છે એમ સમજી લેશો.

અમારી તો ખાતરી છે કે આ બાર માસ સુધી 'કુમાર'નો સંપર્ક પામ્યા પછી આપ તેના ગ્રાહક રહેવાના જ છો; કેમકે એના જેટલું વિશુદ્ધ, સંગીન ને જીવનનો ઉત્તમોત્તમ પ્રસાદ આપતું સાહિત્ય તથા સંખ્યા ને સંગીનતામાં ચડી જાય એવાં સંસ્કારી કલાભાવનાવાળાં ચિત્રો સમસ્ત ગુજરાતી માસિકપત્રોમાં ભાગ્યે જ બીજા કોઇએ આપ્યાં છે. એનું વિષયવૈવિધ્ય, જ્ઞાનમયતા અને રસભરતા, એની ચિત્રમયતા, રૂપવિધાન ને રંગમયતા ગુજરાતી માસિકોમાં સદા અજોડ રહ્યાં છે. અને એની સાબિતી તો ગ્રાહકો જ આપી રહે છે અમારી ગ્રાહક સંખ્યા વર્ષો વર્ષ વધતી જાય છે અને અગાઉ કદિ ન હતી તેટલી આજે છે. અમારી ખાતરી છે કે એ ભરતીમાં આપ ઓટ આવવા દેવાના નથી.

સરકારી કાગળ-કરકસર-કાનૂનને કારણે દર વર્ષની માફક અમે આ વખતે ગ્રાહક રહેવા બાબતની આપની ઇચ્છા ભરી મોકલવા માટેનું કાર્ડ આ અંક સાથે મૂકી શક્યા નથી. તો કૃપા કરી તા.૧૫-૧-૪૬ પહેલાં આપ ચોંપ રાખીને અમને આપની ઈચ્છા જણાવવા કૃપા કરો ?

લવાજમ (રૂ૰ ૬-૦-૦) ભરવાની પદ્ધતિઓ

મનીઑર્ડર કરવો એ સૌથી ઓછું ખર્ચાળ છે. ૬-૨ ૦માં થઇ જશે.

એજન્ટો મારફત લવાજમ ભરતા ગ્રાહકોએ એજન્ટોને ૬-૨-૦ ભરવા વિનતિ છે.

ચેકથી મોકલનારાઓએ મુંબાઈ-અમદાવાદ સિવાયની બૅંકો પરના ચેક ઉપર લાગતા કમિશનની રકમ મોકલવી પડશે

વી. પી. થી મંગાવતાં આપને ૬-૫-૦ બેસશે.

પરદેશના ગ્રાહકોએ રૂપિયા ૭-૮-૦ અગર ૧૨ શિલિંગ મોકલવા.

આપ આમાંથી કઇ પદ્ધતિએ લવાજમ મોકલો છો તે લખી જણાવવા કૃપા કરશો.

ટપાલમાં કાગળો સાથે નોટો બીડશો નહિ. એ જોખમભર્યું અને ગુનાહિત છે.

અને, ગ્રાહક ન રહેવું હોય તોપણ કૃપા કરી તેના ખબર તો આપશો જ, કે જેથી અમે વી. પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઊતરીએ. એથી આપને માત્ર થોડી તકલિફ જ છે; પણ આમારૂં તો સવાત્રણ આનાનું પોસ્ટેજ રદ જશે, અને એ અથડામણમાં અંક ચુંથાઇને પાછો આવશે.

કોઈ સંજોગોમાં તા. ૧૫મી જાન્યુઆરી સુધીમાં આપનો નિર્ણય અમને નહિ મળે, તો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને આવતો અંક વી. પી. કરીશું, તે સ્વીકારી લેવા કૃપા કરશો.

કહેલું: 'જાપાનીઓએ ખંડિયેર કરી મૂકેલી અમારી વિદ્યાપીઠોની પુનઃસ્થાપના કરવા માટે તમે જે સહાય કરી, તેમજ અમારા ઘવાએલા ને રોગગ્રસ્ત સૈનિકો તથા નિરાશ્રિતોને રાહત મોકલી આપી, તે માટે અમે તમારાં ઓશીંગણ છીએ; પણ અમને આશ્ચર્ય એ થાય છે કે બરાબર એ જ વખતે, જાપાનીઓ અમારા પર મોત વરસાવી શકે, અમને અપંગ બનાવી શકે, અમારાં બાળકોને અનાથ બનાવી શકે, અમારી શાળામહાશાળાઓ તેમજ પુસ્તકાલયોને ભસ્મીભૂત કરી શકે એવી સંહારસામગ્રીથી ખચેલાં વહાણોની અણખૂટ પરંપરા તમારી દિશામાંથી જાપાનની દિશામાં શીદને વહેતી રહેતી હશે?'

પણ ચીનનો પ્રશ્ન તે સમસ્ત જગતનો પ્રશ્ન છે એ વાત પશ્ચિમી રાજ્યો સમજે ત્યાં લગી થોભવું પરવડે તેમ નહોતું. લડત ક્રમ થતી ગઇ તેમતેમ જાપાનીઓએ માઝા મેલીને ફાવે તે રીતે ચીન પર સંહારની વૃષ્ટિ કરવા માંડી. આંતરરાષ્ટ્રીય ધારાધોરણો એણે અભરાઇએ ચડાવી દીધા. જિતાએલા પ્રદેશમાં એણે જોરજુલમ, બળાત્કારો ને નફટાઈની અવધિ આણી. ૧૯૩૮ના સપ્ટેંબરમાં ચીઆંગે જાપાનીઓને આ પ્રમાણે શાપ્યા: 'જાપાનીઓને ઠરવા ઠામ નહિ મળે ... અભિશાપિત મનુષ્યો સરખી એમની દશા થશે. એકેએક માનવી એમનો દુશ્મન બનશે.' એ વેણ સાચાં પડ્યાં છે એ આજે આપણે જોઇએ છીએ. જાપાનને એની કરણીનું ફળ મળી ચૂક્યું છે. પણ ચીનને માટે તો આ યાતનાસત્ર પણ એક તાલીમશાળા બની રહ્યું હતું. એમાંથી જનશક્તિનો જે મહા પ્રવાહ વહેતો થયો તેની તોલે કદાચ ચીનની મહાનદીઓ યાંગ્સેક્યાંગ અને હોઆંગહોનો પ્રવાહ પણ નહિ આવી શકે. રાષ્ટ્રના એ આપત્તિકાળે જેણે મડદાંમાં પ્રાણ પૂર્યા, સૂતેલાંને જગાડ્યાં, જાગેલાંને સુસજ્જ કર્યાં, ઘવાએલાંને આશ્વાસન આપ્યાં, થાકયાંને ચેતનવંતાં બનાવ્યાં અને ઘોર નિરાશામાં પણ આશાદીપને જેણે બુઝાવા દીધો નહિ તે રાષ્ટ્રનાયક ચીઆંગ-કાઈ-શેકે આજે ચીનને મુક્ત ને નિર્ભય બનાવ્યું છે, એટલું જ નહિ જગતનાં મહાન રાષ્ટ્રોની હરોળમાં મૂક્યું છે. હજી એમનું કાર્ય સંપૂર્ણ થયું નથી. સામ્યવાદીઓ આંતરવિગ્રહને સીમાડે ચીનને લઈ ગયા છે. શું થશે એ તો ભવિષ્ય જ કહી શકે. પરંતુ ચીનને માથે એ સમર્થ, સચ્ચારિત્ર્યશીલ, દીર્ઘદર્શી રાષ્ટ્રનેતા જ્યાં સુધી બેઠા છે ત્યાં સુધી ચિંતાને કારણ નથી.

યશવંત શુકલ

ચીઆંગ-કાઈ-શેક ચીનનો એકમાત્ર તારણહાર · ચીનની સમર્થ સચ્ચારિત્ર્યશીલ દીર્ઘદર્શી રાષ્ટ્રનેતા

(અનુસંધાન પૃ. ૨૭૩થી) રજા લઇને ચીઆંગે પણ ચીનની વાટ લીધી અને કિનારે આવીને પોતાનો ગણવેશ ને તલવાર પાછાં મોકલાવી દીધાં. ૧૨૦ ક્રાન્તિકારીઓ સહિત શાંગહાઈમાં પ્રવેશ કરીને ક્રાન્તિકારીઓના સેનાનાયક ચેન-ચી-મેનને એમણે પોતાની સેવાઓ ધરી. જોતજોતામાં પરિસ્થિતિની લગામ એમના હાથમાં આવી પડી. મંચુ સામ્રાજ્યનો અંત આવ્યો ને પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઇ. સુન-યાટ-સેન ત્યારે અમેરિકામાં હતા. પ્રજાસત્તાકના પહેલા પ્રમુખ થવા માટે એમને બોલાવી લેવામાં આવ્યા.

પરંતુ આ ક્રાન્તિ અકાળે થઇ હતી. ચીનવાસીઓ ભારતવાસીઓની જેમ કુટુંબપરાયણ પ્રજા છે રાષ્ટ્ર કે દેશ વિષેની ભાવનાની પ્રત્યક્ષ અસર એમના જીવનમાં હોતી નથી ચીનવાસી કદિ એકલો હોતો જ નથી. એ સગાંસંબંધીઓથી જ વીંટળાએલો રહે છે. દૂરદૂરનાં સગાંનો પણ કુટુંબકબીલામાં સમાવેશ થતો હોય ત્યાં વડીલો તો હોય જ ને? ક્યારેક તો આખું ગામ સગપણની સાંકળે ગુંથાએલું મળી આવે છે. મધ્યસ્થ સત્તા આવે કે જાય, પણ કુટુંબનિષ્ઠ સ્વયંસંપૂર્ણ ગ્રામજીવનને એની કશી પડી નથી હોતી. આ કારણે કાળના ઝપાટા સામે ચીન ટકી રહી શક્યું છે એ ખરૂં છે, પણ એનું રૂઢિજડ, પરિવર્તન માત્રનો વિરોધ કરતું માનસ પણ આ પ્રથાને જ આભારી છે. પ્રજાસત્તાકને આ માનસ સાથે પ્રસંગ પાડવાનો હતો, એટલે દેશની પ્રગતિને અર્થે જેવો આ કુટુંબપરાયણતા પર ફટકો પડ્યો કે લાગલું જૂનવાણી માનસ ધૂણી ઊઠ્યું ને સુન-યાટ-સેન જેવા ક્રાન્તિકારીને પણ લાગ્યું કે અહીં તો રાજસત્તાક રાજ્ય વિના નહિ ચાલે, તેથી બાળરાજાને તેણે ગાદીએ રહેવા દીધો. પણ પ્રમુખની ગાદીમાં સુન-યાટ-સેનને ચેન પડતું નહોતું. એણે રાજીનામું આપ્યું અને રાજદરબારમાં ભારે વગવસીલો ધરાવતા યુઆન-શિહ-કાઈ નામના સામ્રાજ્યવાદીની એ સ્થાને નિમણૂક કરી. પણ એ તો આલામાંથી ચૂલામાં પડવાનું થયું, કેમકે યુઆને તો પોતાની સત્તાને દૃઢ કરવાની હીલચાલ આદરી. આ બધું જોઇને ચીઆંગે પોતાના સ્થાનનું રાજીનામું આપી દીધું, ને લશ્કરી અભ્યાસ વધારવા એ પાછા જાપાન ચાલ્યા ગયા.

પણ ચીનનું હિત એમને હૈયે ચડી બેઠું હતું. યુઆન ક્રાન્તિકારીઓ સામે સખત હાથે કામ લેતો હતો તે સાંખી રહેવાય એવું નહોતું. બીજી ક્રાન્તિની તૈયારી કર્યે જ છૂટકો હતો. એ માટે લોકોની લાગણી જાણી લેવા માટે જાનને જોખમે પણ ચીઆંગે આખું ચીન માથે કર્યું. એટલામાં યુઆન મરણ પામ્યો અને સુન-યાટ-સેને કેન્ટનમાં લશ્કરી સરકારની રચના કરી. સેનાપતિનો હોદ્દો ચીઆંગને આપવામાં આવ્યો. ડૉ. સુન સરસેનાપતિ રહ્યા બંને વચ્ચેની મિત્રતા ગાઢ થતી જતી હતી ત્યારે બંનેના વિરોધીઓ પણ સંગઠિત થતા જતા હતા. ૧૯૨૨માં ડૉ. સુનના નેતૃત્વ સામે ખુલ્લો બળવો થયો ને જે માણસમાં ડૉ. સુનને વિશ્વાસ હતો તેણે જ એમના નિવાસસ્થાન પર તોપમારો ચલાવ્યો! સદ્‌ભાગ્યે એ સહીસલામત નાસી છૂટ્યા ને વ્હેમ્પોઆ આવીને એક ગનબોટમાં આશ્રય લીધો. ચીઆંગને આ વાતની જાણ થતાં જ, માથે ભય ઝઝૂમતો હતો છતાં, ગનબોટમાં એ ડૉ. સુનની ભેગા થઈ ગયા અને બે માસ ગનબોટમાં સાથે જ ગાળ્યા. પરિસ્થિતિ સુધરતાં બંનેએ રાજતંત્ર ફરી હસ્તગત કર્યું અને સોવિયેટ શાસન પદ્ધતિનો અભ્યાસ કરવા ચીઆંગને મૉસ્કો મોકલવામાં આવ્યા. ત્યાંથી પાછા ફરીને ચીઆંગે ડૉ. સુનની મદદથી લશ્કરી તંત્રમાં અનેક સુધારા કર્યા અને વ્હેમ્પોઆ ખાતે એક મિલિટરી ઍકેડેમી સ્થાપી.

ઈ. ૧૯૨૫માં ડૉ. સુનનું મૃત્યુ થયું. પોતાના મૃત્યુપત્રમાં એ કોઇને ઉત્તરાધિકારી ઠરાવતા ગયા નહોતા, પરંતુ દેશની નજર સ્વાભાવિક રીતે જ ચીઆંગ તરફ વળી. પણ દુશ્મનો એમ છોડે તો. પોતાને લીધે દેશનું ઐક્ય તૂટે છે એ જોતાં જ ચીઆંગે સેનાપતિપદનું રાજીનામું આપી દીધું. એથી દેશમાં ભારે ખળભળાટ મચ્યો. એમના જેવો બીજો કયો માણસ મળવાનો છે એમ ઠેરઠેર પુછાવા લાગ્યું એમને પાછા આણવા માટે ઠરાવો થયા. પણ મક્કમ હૃદયે ચીઆંગ નિવૃત્તિને વળગી રહ્યા અને એક બૌદ્ધ મઠમાં પ્રવેશ કર્યો. પણ બૌદ્ધ સાધુનું નિવૃત્તિપરાયણ જીવન એમને લલાટે લખાયું નહોતું. એ તો સ્વભાવે જ કર્મઠ હતા પરિણામે એમને જાહેર જીવનમાં ફરી ઝંપલાવવું પડ્યું. એ માટેની પ્રેરણા કરનાર મહત્ત્વના પ્રસંગને અહીં વર્ણવવો જ જોઈશે.

ચીઆંગનું લગ્ન એ પંદર વર્ષના હતા ત્યારે દેશની રૂઢિ પ્રમાણે થયું હતું. પરંતુ જેમજેમ વર્ષો વીતતાં ગયાં તેમતેમ એમની રાષ્ટ્રહિત કાજેની પ્રવૃત્તિઓ પણ વધતી ગઇ. ચીઆંગની પત્નીમાં ગૃહિણીના ગુણો ઉત્તમ પ્રકારનાં હતા, પણ રાજકીય બાબતો સમજવાનું એનું ગજું નહોતું. ચીઆંગને ગૃહજીવનમાં રસ નહોતો પડતો ને એ વાતનો એમને વસવસો પણ રહેતો. એટલે ૧૯૨૭માં આપસઆપસમાં સમજી લઇને રાજીખુશીથી બંને લગ્નબંધનમાંથી મુક્ત થયાં. એ અરસામાં ચીનના પ્રસિદ્ધ સુંગ કુટુંબની એક તેજસ્વી કુમારિકાના પરિચયમાં આવવાનું એમને પ્રાપ્ત થએલું. એનું નામ હતું મે-લિંગ. ચીની ભાષામાં એનો અર્થ થાય છે 'ખુશમિજાજ.' ડૉ. સુનની એ સાળી હતી. જન્મી હતી ચીનમાં, પણ એનું ઘડતર અમેરિકામાં થયું હતું. ચીઆંગની સાથીદારણ થવાના સઘળા ગુણો એનામાં હતા. ચીઆંગે એની સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. મે-લિંગને તો કંઈ વાંધો નહોતો, પણ એની માતાની સંમતિ મેળવવી આવશ્યક હતી ચીઆંગ ખ્રિસ્તી નહોતા એ વાતનો માતાએ વાંધો ઉઠાવ્યો. મે-લિંગની માતાને મનાવવા માટે ચીઆંગ મઠ છોડીને જાપાન ગયા. એ પ્રત્યક્ષ મુલાકાતની છાપ તો બહુ ઉત્તમ પડી પણ એ ખ્રિસ્તી નહોતા એ વાંધો તો કાયમ રહ્યો. ચીઆંગને ઠેકાણે કે ઈ સાધારણ આદમી હોત તો તુર્ત થઇને ધર્મપરિવર્તન કરી બેઠો હોત. ચીઆંગે એવું કાંઈ જ કર્યું નહિ. એમણે ખ્રિસ્તી ધર્મના સિદ્ધાન્તોનો અભ્યાસ કરવાનું ને બાઇબલ વાંચવાનું જ માત્ર વચન આપ્યું એથી સમાધાન થયું ને ૧૯૨૭ના ડિસેમ્બરમાં મે-લિંગ-સુંગ સાથે એમનું લગ્ન થયું. લગ્ન પછી એમણે પોતાનું વચન બરાબર પાળી બતાવ્યું. મે-લિંગે જ એમને બાઈબલનું રહસ્ય શીખવ્યું. પરિણામે ત્રણ વર્ષ પછી ચીઆંગે ખ્રિસ્તી ધર્મ અંગીકાર્યો.

લગ્નને દિવસે જ ચીઆંગે જાહેર કર્યું: 'ક્રાન્તિનું કાર્ય આજથી હવે ઝડપભેર આગળ વધશે; કેમકે હવે એ કાર્યનો ભાર હું શાંતિથી



વહી શકાશે. રાષ્ટ્રક્રાન્તિ માટે થાય તેટલું સઘળું કરી છૂટવાને અમે બંને આજથી કૃતનિશ્ચય બન્યાં છીએ.'

એ લગ્ન સામાન્ય લગ્નો જેવું નહોતું. એક જ ધ્યેયવાળાં અસામાન્ય કોટિનાં સ્ત્રીપુરુષનું એ લગ્ન હતું. ચીનની મુક્તિ, ચીનની અખંડતા અને ચીનનું નવસર્જન એ જ ધૂન અહોરાત્ર એમનાં દિલમાં લાગી રહી હતી. ચીઆંગ કાઇ-શેક (એનો ચીની ઉચ્ચાર ચીઆંગ ચીએહ શીહ છે) નો જાપાનમાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ આ ધ્યેયને વર્યા હતા. એ વિષે એક પ્રસંગ જાણવા જેવો છે. ૧૯૧૧ માં ચીનમાં ક્રાન્તિ ફાટી નીકળી અને ચીઆંગે જાપાન છોડવાની તૈયારી કરી, ત્યારે જે બ્રિગેડિયરે એમને લશ્કરી તાલીમ આપેલી તેમણે વિદાયમાન આપવા માટે એક મિજબાની ગોઠવેલી. એ મિજબાનીમાં ચીઆંગ અને એના સાથીદારોએ દારૂ પીવાની ના પાડી ત્યારે એમના યજમાને કહ્યું, 'ગૃહસ્થો, તમે મારા ઘરનો દારૂ પીવા ન માગતા હો તો ચોક્ખા પાણીનો ભરેલો આ એકએક પ્યાલો તો અવશ્ય પીતા જાઓ.' એમ કહીને એમણે ચીઆંગને પાણીનો પ્યાલો આપ્યો, જે તે એક જ ઘૂંટડે ગટગટાવી ગયો હવે જાપાનના ક્ષાત્રધર્મ મુજબ વિદાયની મિજબાનીમાં કોઈ સાદું પાણી પીએ તેનો અર્થ એ થાય છે કે પોતાના જીવનકાર્ય માટે એ મરવાને પણ કૃતનિશ્ચય છે. એટલે પાણી પી રહ્યા પછી ચીઆંગ ગંભીર વદને બોલી ઊઠ્યા: 'આજથી હું મારા જીવનકાર્ય માટે મરવાને કૃતનિશ્ચય બનું છું.' પોતાને યુદ્ધવિદ્યા શીખવનારી ભોમનો ક્ષાત્રધર્મ જે ચીવટથી ચીઆંગે પાળી બતાવ્યો છે તે જોઇને તો વિરોધીઓએ પણ મુક્ત કંઠે એમની પ્રશંસા કરી છે. એ જ ધર્મપાલનને લીધે ૪૫ કરોડ ચીનવાસીઓને એવી શ્રદ્ધા બેઠી કે મરતાં લગી પણ પોતાના નેતા દુશ્મનને મચક નહિ આપે.

માદામ ચીઆંગ-કાઇ-શેકના અદ્‌ભુત ગુણોની વાત બીજે કોઇ પ્રસંગે માંડીશું. અત્યારે તો એટલું જ જાણવું બસ થશે કે એમનો બહુ વખત શોધખોળમાં જતો નથી. પોતાના પતિના જીવનકાર્યમાં એ પણ એવાં ઓતપ્રોત થએલાં છે કે ચીન, એનો પુરુષાર્થ અને ચીઆંગ એ ત્રણથી જુદાં એમને કલ્પી શકાય એમ છે જ નહિ. ચીઆંગને એમનો કેવો મોટો સાથ છે તેની કલ્પના એમણે પોતે જ વર્ણવેલા નીચેના પ્રસંગથી આવશે. કેટલાક અમેરિકન મિત્રોએ એવી સૂચના કરેલી કે જો માદામ ચીઆંગ અમેરિકા જઇ આવે તો એથી ચીનના સહતફાળામાં મોટી રકમ ઉમેરાશે, ચીઆંગે એમને છૂટાં કરવાની ના પાડી 'પણ,' પેલા મિત્રોએ કહ્યું, 'જો એ જશે તો એક મોટું પાયદળ ફતેહ જીતવા જેટલો લાભ થશે.' ચીઆંગે જવાબ આપ્યો, 'અહીં રહ્યાં રહ્યાં મને એ જે મદદ કરે છે તે દસ મોટાં પાયદળથી પણ વિશેષ છે' આમાં ભાગ્યે જ કંઇ અતિશયોક્તિ હશે.

ચીઆંગ દંપતીને કંઇ પ્રજા નથી.. પણ સમસ્ત ચીનની પ્રજા એમની પ્રજા થવા નિર્માઈ છે એ ઓછું છે?

લગ્ન પછી ચીઆંગની પ્રવૃત્તિમાં પ્રચંડ વેગ આવ્યો. પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવા પૂરતી ક્રાન્તિ થઇ ચૂકી હતી, પણ એ પરિપૂર્ણ નહોતી થઈ. હજી સ્થળેસ્થળે આંતરવિગ્રહમાં ભાગ લેનારા સેનાનાયકોનું રાજ ચાલી રહ્યું હતું. આખા ચીનને એક જ મધ્યવર્તી હકુમત—કુઓમિંતાંગ—ની હેઠળ આણવાનું કામ કપરું હતું દરેક સ્થળે બને છે તેમ આ રાષ્ટ્રીય પ્રજાપક્ષમાં પણ જહાલ અને મવાલ પક્ષો હતા. જહાલ પક્ષ સામ્યવાદીઓનો બનેલો હતો અને સોવિયેટ રશિયા એમને ચડાવતું હતું. ડૉ. સુન-યાટ-સેન જીવ્યા ત્યાં સુધી તો પ્રજાપક્ષ અને સામ્યવાદી પક્ષને જેમતેમ કરીને એમણે જોડી રાખ્યા હતા. રૂઢ પ્રજાવાદીઓને સામ્યવાદીઓ દીઠા ગમતા નહોતા. એ કહેતા કે ચીન તો કન્ફ્યુશ્યસનો દેશ છે અને સોવિયેટ રશિયાની ઘાલમેલની અહીં જરૂર નથી; એથી તો દેશની સંસ્કૃતિનાં ઉચ્ચોચ્ચ તત્ત્વોનો નાશ થશે. સામ્યવાદીઓને ગળે આ વાત ઊતરતી નહોતી. એમનું પ્રેરણાસ્થાન રશિયા હતું, અને જોકે ડૉ. સુન વિરલ ધીરજ, સ્નેહ અને ઉદારતાથી એમને સમજાવીપટાવી વશ રાખતા હતા, તથાપિ વખતોવખત સામ્યવાદીઓ ઉદ્દંડતાથી વર્તતા હતા. ૧૯૨૩ માં ચીઆંગ રશિયાની મુલાકાત લઈ આવ્યા હતા અને સામ્યવાદી આદર્શ વિષે એમને ભાવ પણ હતો; પરંતુ ચીનની અખંડતા સાધ્યા વિના એ આદર્શ સધાય એમ નહોતો. વળી પ્રજાવાદીઓએ એમને જ પોતાના સેનાનાયક માન્યા હતા, એટલે ઉદ્દામવાદીઓની દેશહિત વિરોધી અવળચંડાઈ સામે સખત હાથે કામ લેવાનું એમને ભાગે આવ્યું. પરિણામે ચીઆંગ આપખુદ સરમુખત્યાર છે એમ સામ્યવાદીઓએ જાહેર કર્યું. પણ એમનાં તોફાનો તો એથી યે આગળ વધ્યાં ને ખુદ કુઓમીંતાંગને અવગણવાની હદ સુધી પહોંચી ગયાં. એમને દબાવી દેવાને ચીઆંગે કમર કસી. ૧૯૨૬ના ઑકટોબરમાં ચીઆંગના સૈન્યે હૅન્કાઉ, વુચાંગ અને હેન્યાંગ શહેરો કબજે કર્યાં. પાસપાસે આવેલાં એ ત્રણ શહેરોનું સંયુક્ત નામ વુહાન છે. ઉદ્યોગની દૃષ્ટિએ આખા ચીનમાં એ માત્ર શાંઘાઈથી જ ઊતરતું છે. સામ્યવાદીઓએ એ કેન્દ્રને કેદા'ડાનું નજરમાં ઘાલી રાખ્યું હતું. જેવો એનો કબજો લઇને ચીઆંગનું સૈન્ય આગળ ધપ્યું કે વાંગ ચીંગ-વેની સરદારી હેઠળ સામ્યવાદીઓએ ત્યાં પોતાનો અધિકાર સ્થાપી દીધો. આમ ચીનમાં બે સરકારો સ્થપાઈ. આ વાત લક્ષમાં છતાં ચીઆંગે આગળ વધવા જ કર્યું અને ૧૯૨૭ના માર્ચમાં એણે શાંઘાઇ જીતી લીધું. બે જ મહિને નાનકીંગ પણ સર કરી લીધું અને

એને, ડૉ. સુનના જીવનકાળની તીવ્ર ઇચ્છાને અનુસરીને, રાષ્ટ્રીય સરકારની રાજધાની બનાવી. દરમ્યાન સામ્યવાદી પક્ષમાં પુષ્કળ ફાટફુટ પડી. જ્યાં એમનું રાજ ચાલતું હતું ત્યાં એમની જોહુકમી-ભરી વર્તણૂકથી લોકો પણ ત્રાસી ગયા હતા. રશિયાના નચાવ્યા એ નાચે છે અને એના હુકમો ઝીલે છે એ વાત પણ વહેતી થઇ અને સામ્યવાદીઓએ એને પડકારી. એટલે સમાધાનની ભૂમિકા રચાઈ. ચીઆંગે રાષ્ટ્રીય ઐક્યના હિતમાં સેનાપતિપદનું રાજીનામું ધરી દીધું અને ૧૯૨૭માં મે-લીંગ સાથેના લગ્ન પછી જ પુનઃ રાજકારણમાં ઝંપલાવ્યું. વસ્તુતઃ એને ઝંપલાવવા માટે રાષ્ટ્રીય સરકાર તરફથી આગ્રહભર્યું નિમંત્રણ મળ્યું હતું. એમના જેવા પ્રતિભાસંપન્ન નરનું નેતૃત્વ ખોવું કેમ પરવડે ? પોતાનું જૂનું પદ ફરી સંભાળી લઈ તરત એમણે ધણી થઈ પડેલા ઉત્તર ચીનના સેનાનાયકોને જેર કરવા તરફ લક્ષ વાળ્યું ને ૧૯૨૮ના આરંભમાં ચીનના તમામ પ્રાંતો પર કુઓમીંતાંગનું આધિપત્ય સ્થપાયું;—એક માત્ર પેકિંગ સિવાય.

એ જ કારણે આ અરસામાં જપાન સાથે ચીનને એક નાનીશી અથડામણ થઈ. ચીનના ઈશાન કોણમાં—શાંટુંગ અને મંચુરિયામાં પોતાનાં હિતો જોખમાવાનો જપાનને ડર હતો, એટલે પેકિંગના અધિપતિને જપાને ચડાવ્યે રાખ્યો, એટલું જ નહિ પણ ૧૯૨૮ના મેમાં એની કુમકે લશ્કર પણ મોકલી આપ્યું. ચીની અને જપાની સૈન્ય આથડયાં અને ચીની સૈન્ય સહેજ પાછું પડયું. પરંતુ ચાંગ-ત્સોલીન, જે પેકીંગ પર અમલ ચલાવતો હતો તેણે જ સમજીને પોતાનું સૈન્ય મંચુરિયામાં પાછું ખેંચી લીધું. જપાનીઓએ એને દંડ પણ આકરો દીધો. એ જે ટ્રેનમાં પાછો ફરતો હતો તે આખી ટ્રેન જ એ લોકોએ ઉડાવી દીધી. પરંતુ પેકીંગ ચીની સૈન્યને હાથ પડયું તે પડયું જ, ને અખંડ ચીન પર કુઓમીંતાંગનો નેજો ફરકી રહ્યો.

આ બધો વખત સામ્યવાદીઓ પણ નવરા બેઠા નહોતા. જ્યારે નાનકીંગ સરકાર—અથવા રાષ્ટ્રીય સરકાર—પોતાની સત્તા મજબૂત કરી રહી હતી ત્યારે સામ્યવાદીઓ ચીઆંગના નેતૃત્વ વિરૂદ્ધ સંગઠિત થઈ રહ્યા હતા. ૧૯૨૮માં તેમણે રાતા સૈન્યની જમાવટ કરી ને એના બે હજાર સૈનિકોની સરદારી ચુ-તેહને અપાઇ. જોતજોતાંમાં એ સૈન્ય વીસ હજારનું બની ગયું ને ૧૯૩૧માં કયાંગસીની અગ્નિ સરહદ પર આવેલા જુઈ-ચીન ગામમાં 'ચાઈનીઝ સોવિયેટ રીપબ્લિક'ની સ્થાપના કરી. ચીઆંગને હવે જરાય સંશય રહ્યો નહોતો. એણે સામ્યવાદીઓને ચીની રાષ્ટ્રીયતાના વિરોધીઓ તરીકે પારખી લીધા હતા. એમને ઠરેઠર શિકસ્ત આપવા માટે એણે આભઅવનિ એક કર્યાં અને ૧૯૩૦થી ૧૯૩૪નો આખો ગાળો સામ્યવાદીઓને દાબી દેવા પાછળ જ ગયો.

પણ આવા છુટક છુટક નિષ્પરિણામી આંતરવિગ્રહોનો જપાને બરાબર લાભ લીધો. ૧૯૩૧માં જ્યારે ચીઆંગ કયાંગસી ખાતે સામ્યવાદીઓને પરાસ્ત કરવામાં મશગૂલ હતા ત્યારે લાગ જોઇને જપાને મંચુરિયાનો કબજો લઈ લીધો. ચીઆંગને રાષ્ટ્રસંઘ પર નિરતિશય શ્રદ્ધા હતી અને ચીન જેવા ઊગતા રાષ્ટ્રના અધિકારક્ષેત્રમાં આવી ઝૂંટ મારનાર જપાનને મંચુરિયા પાછું સોંપી દેવાની ફરજ પશ્ચિમનાં સબળાં રાજ્યો પાડશે એમ એમણે માની લીધું હતું. પણ રાષ્ટ્રસંઘે કશું જ ન કર્યું ત્યારે એ હેબતાઈ જ ગયા ને એમનો ભ્રમ ભાંગી ગયો. દરમ્યાન એમના દેશવાસીઓએ પણ, કંઈ પણ પ્રતિકાર કર્યા વિના મંચુરિયા જતું કરવા માટે ચીઆંગની પુષ્કળ ટીકા કરી અને ગુમાવેલો પ્રદેશ ફરી સર કરવા માટે ચીઆંગ કટિબદ્ધ થયા. એક બાજુથી સામ્યવાદીઓને દાબમાં રાખીને આખા ચીનમાં આંતરિક એકતા સ્થાપવાની હતી; બીજી બાજુથી બહારના દુશ્મનની સામે લડવાને માટે દેશને તૈયાર કરવાનો હતો. એ બંને કામ ચીઆંગે દ્દઢતાથી ઉપાડયાં ને ભારે સાફસૂફી આદરી. લશ્કરમાં જબ્બર સુધારા કર્યા, દેશમાં લશ્કરી તાલીમ ફરજિયાત બનાવી, રેલવે નાખી, અને યુદ્ધમાં ખપ લાગે તેવી સામગ્રીના ઉત્પાદન માટેના ઉદ્યોગો વધારી મૂકયા. 'ત્રિવાર્ષિક યોજના'ને નામે પંકાતી યોજનાથી એમણે વિમાની દળનો પણ સારો એવો વિકાસ કર્યો. લોકોના કાનમાં ઘંટ વગાડીવગાડીને એમણે સંભળાવ્યું કે હજી આપણે નિર્બળ છીએ, પછાત છીએ, ગાફેલ છીએ, તો સાબદા થાઓ !

પોતાની પ્રજામાં જોઇએ તેટલું ચેતન ને કૌવત નથી, યુદ્ધ માટે દેશ તયાર નથી, એ બધું વિચારીને ચીઆંગે જપાન સાથે માનભર્યું સમાધાન કરવાની તત્પરતા વારંવાર દર્શાવેલી. પણ જપાનની મહત્ત્વાકાંક્ષા જુદી જ હતી. ૧૯૩૬માં પણ વાટાઘાટો ચાલેલી, પણ કશું પરિણામ આવ્યું નહિ. તે વખતના જપાનના પરદેશમંત્રી હીરોટાએ તો ઊલટું, કોઇપણ સ્વમાનપ્રિય રાષ્ટ્ર કદી સ્વીકારી ન શકે તેવા 'ત્રણ સિદ્ધાન્તો' સમાધાનના પાયા રૂપે આગળ કર્યા: (૧) જપાન વિરોધી ખાનગી કે જાહેર એવાં તમામ મંડળો વિખેરી નાંખવાં અને પશ્ચિમી રાજ્યોને જપાન વિરૂદ્ધ ચડાવવાની નીતિને તિલાંજલિ આપવી; (૨) મંચુરિયા અને જેહોલ પ્રાન્તોને જપાનના અંકુશ હેઠળનું સ્વતંત્ર રાજ્ય ગણી, 'મંચુકોઓ'ને માન્ય રાખવું; અને (૩) સામ્યવાદીઓને દબાવી દેવા માટે ચીનમાંના જપાની સૈન્યને સહકાર આપવા દેવો. ડૉ. સુન-યાટ-સેનના ત્રણ સિદ્ધાંતો પઢી ચુકેલા રાષ્ટ્રને આ અપમાનકારક શરતો માન્ય રાખવી પોસાય તેમ નહોતી જ. પરંતુ આ વાટાઘાટો વંધ્ય નીવડતી હતી તે વખતે ચીઆંગ અને ચીન બંનેની કારકીર્દિમાં અતિશય મહત્ત્વનો એક બનાવ બન્યો.

ચાંગ-ત્સો-લીનના મૃત્યુ પછી તેનો પુત્ર ચાંગ-સુએહ-લીઆંગ રાષ્ટ્રીય સરકાર જોડે ભળી ગયો હતો. ઈશાન પ્રાન્તોના સૈન્યની સરદારી એને આપવામાં આવી હતી હવે એના સૈન્યનો મોટો ભાગ મંચુરિયાવાસી સૈનિકોનો બનેલો હતો. એમનાં ઘરબારને જપાનીઓએ લૂંટી લીધાં હતાં અને જપાનીઓ પર વેર લેવાને એ તલસી રહ્યા હતા. એને બદલે એમને પશ્ચિમમાં સામ્યવાદીઓની સામે લડવા જવાનો હુકમ મળ્યો. આક્રમણકારને હાથ બતાવી દેવાને બદલે પોતાના દેશબાંધવોને જ ગોળીએ દેવાના હુકમ સામે આ સૈનિકોને પુષ્કળ નફરત છૂટી. વળી જે સામ્યવાદીઓના સમાગમમાં તેઓ આવવા લાગ્યા તે બધા જ કંઈ ધાર્યા હતા તેવા ખરાબ તો ન જ નીકળ્યા ઊલટું, એમના વિચારોની અસર આ સૈનિકો પર પડી. જપાનના આક્રમણ પછી સામ્યવાદીઓએ પણ પોતાની નીતિરીતિ બદલાવી નાખી હતી. ૧૯૩૧માં 'કુઓમીંતાંગનો નાશ હો' એ સૂત્ર એ લોકો લલકારતા હતા, તેને બદલે હવે તેઓ 'જપાની આક્રમણકારોનો સામનો કરવા અમારી સાથે જોડાઈ જાઓ.' એ સૂત્ર એમણે પોકારવા માંડયું હતું. અનુભવે એ પણ શીખ્યા હતા કે આંતરકલહથી તો બહારનો દુશ્મન જ ફાવે છે. ચીઆંગને પોતાની દેશભક્તિનો પરચો આપવાને પણ તેઓ તલપી રહ્યા હતા. મંચુરિયન સૈનિકોમાં અસંતોષ ફાટી નીકળ્યો ત્યારે સામ્યવાદીઓ અને રાષ્ટ્રવાદીઓ વચ્ચે સમાધાન યોજવાનો આવો અનુકૂળ પ્રસંગ નહિ આવે એમ માનીને ચાંગ-સુએહ લીઆંગે અથવા 'યંગ માર્શલે' એક અવિવેકી પગલું

ચેતનવંતાં બનાવ્યાં અને દેશની ઘોર નિરાશામાં પણ આશાદીપને બુઝાવા ન દીધો

ભર્યું. એણે સરસેનાપતિની મરજી વિરુદ્ધ કાન્સુમાં ચાલતી લડાઇને ઢીલમાં નાખી. ચીઆંગથી આ સમજાયું નહિ ને પરિસ્થિતિનો તાગ લેવાને એ જાતે મોરચા પર ગયા. સીઆનમાં યંગ માર્શલને ત્યાં એમણે મુકામ કર્યો ત્યારે જ આખી વાતની એમને ખબર પડી. એથી એમને એટલી બધી અકળામણ થઇ કે શાન્તિથી વિચાર કરવાને માટે એ શહેર બહાર નીકળી જઇને હુઆ-ચિંગ સરોવરને કાંઠેના મશહૂર શાહી ઉદ્યાનમાં વિશ્રાંતિ કરવા સારૂ ગયા. બીજે દિવસે એટલે કે ૧૨મી ડિસેમ્બરે, ભળભાંખળુ થતાં પહેલાં નહાઇધોઇને એક ઓરડામાં એ વાંચતા બેઠા હતા, ત્યાં એક રક્ષકે આવીને બળવો ફાટી નીકળ્યાના સમાચાર આપ્યા, અને એ શમી જાય ત્યાં સુધી પાસેના પર્વતમાં છુપાઈ રહેવું સલાહભર્યું છે એમ પણ સૂચવ્યું. આવું નાનું છમકલું તો એની મેળે શમી જશે એમ માનીને ચીઆંગે એ સલાહ માન્ય રાખી. પર્વત પર પહોંચવાને પ્રથમ એક દસ ફૂટ ઊંચી દીવાલ ચડવાની હતી. એના પર ચડી રહ્યા પછી એમનો પગ જરાક લપસ્યો અને ત્રીસ ફૂટ ઊંડા ખાડામાં એ ગબડયા. એમને કચ્ચર વાગ્યું. પણ તોપો ને બંદુકોના અવાજ ને સૈનિકોના હોકારા નજીક ને નજીક સંભળાતા હતા, એટલે રક્ષકોએ સર સેનાપતિને ઉઠાવી જંગલ વાટે થઈને પર્વતની ગુફામાં લઇ જઇ સંતાડયા. ઉજાસ થયો ત્યારે તો પર્વત આખો સૈનિકોથી ઘેરાઈ ગયો હતો ને ચીઆંગને માટે ખૂણે ખાંચરે શોધાશોધ ચાલી રહી હતી. ચીઆંગને સમજાઈ ગયું કે આ કોઈ અકસ્માત ફાટી નીકળેલું તોફાન નહોતું, પરંતુ પૂર્વનિર્ધારિત કાવત્રું જ હતું. એટલે સ્થિર હૃદયે એ ગુફાની બહાર આવ્યા ને સૈનિકોની સામે આવીને દૃઢ અવાજે કહ્યું: 'હું જ સરસેનાપતિ છું. તમે જો મને કેદ પકડવા માગતા હો તો અહીં જ પૂરો કરો. મારૂં અપમાન થાય તે સાંખી લેવા હું માગતો નથી.' બળવાખોરો તો આ હિંમત જોઈ સ્તબ્ધ જ બની ગયા! દરેકે પોતાની બંદૂક ઊંચી કરીને હવામાં ગોળીબાર કર્યો ને પોકારી ઊઠયા: 'અમે તમને કેદ નહિ પકડી શકીએ. તમે જ અમારા સર સેનાપતિ!' ટુકડીનો નાયક આગળ આવી ઘૂંટણીએ પડયો ને ગદ્‌ગદ્ કંઠે ચીઆંગને પર્વત છોડી પોતાની સાથે આવવા વીનવ્યા. યંગ માર્શલ એમની રાહ જુએ છે એમ પણ કહ્યું. ગંભીર વદને ચીઆંગ આગળ થયા.

હથિયાર બતાવીને નેતાને સમજાવવાની ચીનની આ પુરાણી રીત અજમાવતાં તો અજમાવી, પણ એ ભારે પડી ગઈ. ચીઆંગ સીઆન પહોંચ્યા ત્યારે યંગ માર્શલનો પત્તો નહોતો. ચીઆંગની ધરપકડના સમાચાર વીજળી વેગે નાનકીંગ પહોંચ્યા. સર્વત્ર ભારે ક્ષોભ પ્રસરી રહ્યો. એમને છોડાવવાને માટે લશ્કરી તૈયારી ચાલવા લાગી. માદામ ચીઆંગ રાતોરાત શાંઘાઈથી ડૉ. કુંગ સાથે નાનકીંગ આવી પહોંચ્યાં ને યંગ માર્શલને એના હોદ્દા પરથી બરતરફ કરવાનો હુકમ છૂટયો. પરણ્યા પછી પહેલી જ વાર પતિને એમણે એકલા જવા દીધા હતા ને તેમાં તો શું બની ગયું! દરમ્યાન યંગ માર્શલને પણ પોતે પેટ ચોળીને શૂળ ઊભું કર્યું હતું એ બરાબર સમજાઈ ગયું હતું. મોડેથી એ સર સેનાપતિ આગળ આવ્યો. રડમસ ચહેરે, ગળગળાં ગળતાં એ બોલ્યો: 'નામદાર સર સેનાપતિ!'

એ સંબોધન સાંભળતાં જ સર સેનાપતિ તાડૂકી ઊઠયા: 'તું મને સર સેનાપતિ કહે છે તેનો અર્થ એ થયો કે તું મારૂં ઉપરીપણું સ્વીકારે છે. એ વાત જો સાચી હોય તો મારો હુકમ છે કે તાબડતોબ મને લોયાંગ પહોંચાડી દે. નહિ તો તું બળવાખોર છે. અને જો એમ હોય તો મને અત્યારે ને અત્યારે મારી નાખ. આ સિવાય મારે બીજું કંઇ જ કહેવું કે સાંભળવું નથી.'

યંગ માર્શલે લળીલળીને ખુલાસા કરવા માંડયા, પણ ચીઆંગે તે કાને ધર્યા જ નહિ એમણે ખાવાપીવાની પણ સાફ ના પાડી દીધી. પોતાને કેદ પકડનારા પાસેથી એમણે માગણી એક જ વસ્તુની કરી: બાઈબલની.

ચીનમાં જ નહિ, જગતભરમાં આ વાત ફેલાતાં ભારે ખળભળાટ મચ્યો. ચીનના અમલદારોએ લશ્કર મોકલવાની ને બળવાખોરોને સીધા કરવાની પેરવીઓ કરવા માંડી, પણ માદમ ચીઆંગે તેમને ધીરજ ધરવાનું કહ્યું. એમાંથી કદાચ ભયંકર આંતરવિગ્રહ ફાટી નીકળે તો આટલા દિવસનું કર્યુંકારવ્યું ધૂળ મળી જાય એવો ભય હતો. પણ તા. ૧૩મી ડિસેમ્બરે યંગ માર્શલે ડૉ. કુંગ અને માદામ ચીઆંગને તાર કરીને ચીઆંગની સલામતી માટે પોતે જુમ્મેદાર છે એવી ખાતરી આપી દીધી. ત્રણ દિવસ બાદ એણે સર સેનાપતિ આગળ આવીને કહ્યું: 'અમે આપની નોંધપોથી તથા બીજા કાગળો વાંચ્યાં છે ને તેમાંથી આપની વિરલ પ્રતિભાની અમને વિશેષ પ્રતીતિ મળી છે. ક્રાન્તિનાં ઉદ્દેશને પરિપૂર્ણ કરવાની આપની નિષ્ઠા તેમજ દેશને દુશ્મનના સકંજામાંથી બચાવવા માટેની સઘળી જવાબદારી ઉઠાવી લેવાનો આપનો સંકલ્પ આટલાં બધાં બલિષ્ઠ હશે એની તો અમને કલ્પના પણ ન હતી.... આપનો જો દોષ કહી શકાય તો તે એ જ કે આપના હાથ નીચેના માણસોને આપના મનની વાત કહેતા કે કળવા દેતા નથી. આપની નોંધપોથીમાં જે લખ્યું છે તેનો દસમો ભાગ પણ જો મારા જાણવામાં આવ્યો હોત તો જે અવિચારી પગલું મેં ભર્યું છે તે કદાપિ ભરત નહિ. હવે મને સ્પષ્ટ સમજાય છે કે મારા પૂર્વના બધા જ ખ્યાલો ખોટા હતા!*

તેમ છતાં છુટકારાની વાત આઘી જતી હતી. યંગ માર્શલ અને એના ટેકેદારોને ચીઆંગ પાસેથી રીતસરનું વચન જોઇતું હતું, કે જાપાનવિરોધી લડત જોરશોરથી એ ઉપાડી લેશે. ચીઆંગ આ સ્થિતિમાં વાત પણ કરવાની ના પાડતા હતા. જતે દિવસે તેમણે યંગ માર્શલને મુલાકાત આપવાની પણ ના પાડવા માંડી. આ પ્રસંગનું વર્ણન કરતાં ચીઆંગે કહેલું:

'મને અટકાયતમાં લીધા પછી તેઓએ મારી આગળ શરતો ને માગણીઓ મૂકવા માંડી. કયારેક એ લલચાવનારા માયાળુ શબ્દોમાં રજૂ થતી, તો કયારેક ત્રાસ આપવાની કે મારી નાખવાની, અથવા તો પછી 'લોકમોરચા' તરફથી જાહેર તપાસની ધમકી સહિત એ રજૂ થતી. જ્યાં જોઉં ત્યાં મારી આસપાસ ભય ને જોખમ સિવાય કંઇ જ નજરે ચડતું નહોતું. પરંતુ એ ધાકધમકી કે દબાણને વશ થવાનો મને વિચાર સરખો આવતો નહિ. ક્રાઈસ્ટ વિષેની મારી શ્રદ્ધા દૃઢતર થઇ. આ વિષમ પરિસ્થિતિમાં રહ્યાંરહ્યાં મને, ક્રાઈસ્ટે અરણ્યમાં જે ચાળીસ દિવસ ને ચાળીસ રાત વીતાવેલાં તે વાત સાંભરી આવી. એમણે કરેલી પ્રાર્થનાઓ ને તપાસ દરમ્યાન એમને સહવા પડેલાં નીચાજોણાં પણ બરાબર યાદ આવ્યાં. વધસ્તંભે જડાયા પછી પણ પોતાના દુશ્મનો માટે એમણે કરેલી પ્રાર્થનાઓ સતત મારા મનમાં સ્ફૂર્યા કરતી. (અનુસંધાન પાછળ પાનું ૨૮૯)

---

* પૂરાં પચીસ વર્ષ સુધી ચીઆંગે નિયમિત ડાયરી લખી છે ને એકેએક અગત્યના બનાવની નોંધ પોતાની ટીકા સહિત તેમાં કરી છે. દુર્ભાગ્યે, આ કીમતી દસ્તાવેજનાં ઘણાં પાનાં ક્વાન્ટુંગની લડાઇ દરમ્યાન નાશ પામ્યાં છે.

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : બચુ કાપડિયા સત્તરામપુરા સુરત

110, Kotabena St. COLOMBO (Ceylon)
સપ્ટેમ્બર ૨૮, ૧૯૪૫

પ્રિય કાપડિયા,

તમારા પત્ર માટે આભાર. મારે મન તો એ આનન્દભર્યો વિસ્મય જેવા હતો; કેમકે મેં કેટલાંક પત્રમિત્રોને પત્રો લખેલા, પણ બહુ એઓના ઉત્તરો મળ્યા, એટલે ખરૂં પૂછો તો હું નિરાશ થઇ ગયો હતો. તમે એ પત્રવ્યવહારનો આરંભ કરવામાં પહેલા છો, અને મને આશા છે કે આપણે લાંબો સમય ચાલુ રાખીશું. 'ફાઇનલ'ના વિદ્યાર્થી લેખે તો તમારી ઉંમર તદ્દન નાની ગણાય અને એ માનભર્યું પણ ગણાય. તમે પરીક્ષામાં ક્યારે બેસવાના ?

મને તો હિંદમાંની આ જ્ઞાતિઓના ફાંટા ને ચોળ સમજાતા જ નથી. મારૂં કહેવાનું એમ નથી કે અમારા સીલોનમાં એવું નથી. અમારે ત્યાં યે છે, પણ તે માત્ર થોડીક જ્ઞાતિઓમાં, અને તદ્દન સાદા રૂપે.

હું સીલોની તામિલ છું, ૨૫ વરસનો, ૫ ફૂટ ૭ ઇંચ ઊંચો છું અને સામાન્ય સારૂં શરીરબંધારણ છે. એક વખત હું સરકારી રાસાયણિક ખાતામાં નોકર હતો. તેમાંથી રાજીનામું આપીને દવાઓ બનાવવાનું શરૂ કર્યું. પણ પાછળથી લાગ્યું કે મારા સ્વભાવને તે અનુકૂળ નથી. અત્યારે તો હું સાવ છૂટો છું. મારી મહત્વાકાંક્ષા પૃથ્વીપર્યટન કરવાની છે. દૂરદૂરના મુલકો જોવાની મને આકાંક્ષા છે.

આટલું મારે વિષે. મારી આગળ હમણાં હિંદનો નકશો નથી, એટલે સૂરત ચોક્કસપણે ક્યાં આવ્યું તે હું નક્કી નથી કરી શકતો. તાજેતરમાં જ મેં હિંદનો ઠીકઠીક પ્રદેશ જોઈ નાખ્યો છે—મદુરા, મદ્રાસ, બગલોર, ગોવા, પૂના, મુંબાઈ વગેરે. યુદ્ધસમયમાં મુસાફરી ખેડવી એ ખરેખર કંટાળાભર્યું છે. મેં જોએલાં શહેરોમાં મદ્રાસ બધીરીતે સસ્તું લાગ્યું, બૅંગલોર કૅન્ટોમેન્ટ તો પશ્ચિમી ઢંગનું અને સંખ્યાબંધ બ્રિટિશ અને અમેરિકન લશ્કરોથી ભરેલું હતું. ગોવા શહેર કરતા ગામડા જેવું વધુ લાગ્યું. અને મુંબાઇ તો વિશાળ વિસ્તરતું જતુ નગર. મુંબાઇ તો કદાચ તમે પણ જોયું હશે. હિંદનો બીજો કે ઇ પ્રદેશ તમે જોયો હોય તો મને તે વિષે લખી જણાવજો. પુસ્તકો અને છાપાંઓ કરતાં અંગત વર્ણનોમાંથી જાણવું મને વધુ ગમે છે.

સીલોન અનેક કારણોને લીધે અત્યંત ખ્યાત છે: જગતભરના દરિયાઇ માર્ગો ઉપર હોવાને લીધે તેમજ તેના નૈસર્ગિક સૌન્દર્યને માટે. ત્રણેક લાખની વસ્તીવાળું કોલંબો એનું પાટનગર છે. એ પછી આવે છે, પૂર્વમાં સિંગાપોરથી બીજા નંબરનું ગણાતું જગવિખ્યાત બંદર ત્રિંકોમાલી. અમારા ઉત્તર પ્રદેશની હવા ઇંગ્લંડના જેવી ખુશનુમા રહે છે. હાલ લૉર્ડ લૂઈ માઉન્ટબૅટનનું વડું લશ્કરી મથક કાંડી ૨૦૦૦ ફૂટ ઊંચે ટેકરીઓમાં આવેલું છે અને એક સૈકા પર બ્રિટિશો અહીં આવ્યા તે અગાઉ સિંહાલી રાજાઓનું એ ગિરિ-પાટનગર હતું. સીલોનનું આરોગ્યધામ નુવારા ઇલિયા ૬૨૦૦ ફૂટ ઊંચાઇએ આવેલું છે ને ઉતાકામંડ, સીમલા કે દાર્જિલિંગની તોલે આવે એવું (૫૦ ડિગ્રી) હવામાન ત્યાં રહે છે. ત્યાંનું સૃષ્ટિસૌન્દર્ય પ્રસન્નકર અને ભવ્ય છે.

સાઈકલ ચલાવવી એ મારો બીજો શૉખ છે ને એક પર્યટન વેળા મેં એકીસાથે ૧૦૦ માઈલ સાઈકલ ચલાવેલી. અજાણ્યા પ્રદેશમાં લાંબાં અંતરો સુધી સાઈકલ-સફર ખેડવામાં મને બહુ આનંદ આવે છે.

એક વખત હું ટિકિટ-સંગ્રહ પણ કરતો, પણ હમણાં નથી કરતો એ શૉખનું ક્ષેત્ર બહુ વિશાળ છે. ક્રિકેટ મને ગમે છે અને ઇંગ્લિશ કાઉન્ટી ક્રિકેટ, ઑસ્ટ્રેલિયન સ્ટેટ ક્રિકેટ, ટેસ્ટ મૅચો અને હિંદી રણજી ટ્રોફી તથા પંચાંગી મૅચોમાં મને રસ છે. મુંબાઈનું બ્રેબોર્ન સ્ટેડિયમ તથા તેની આસપાસની જંગી બેઠકો મેં જોઇ છે.

મારો બીજો રસનો વિષય પશ્ચિમી સંગીત છે—ખાસ કરીને ક્લાસિકલ સંગીત. સીનેમા શૉખીન પણ હું છું તમે છો ? મારી જાણ પ્રમાણે મુંબાઈનું મેટ્રો સીનેમા એ સીનેમા રંજનમાં સર્વોચ્ચ કોટિએ છે. પણ હું નથી જાણતો કે કલકત્તાનું મેટ્રો તેને આંટી જાય કે નહિ.

મને તમારો એક ફોટોગ્રાફ મોકલજો. અને હવેની વખતે હું પણ મારો મોકલીશ હવે તમારે વિષે, તમારા શૉખ અને પ્રવૃત્તિ વિષે જરા વિશેષ લખજો. તમારો પત્ર તદ્દન જ ટૂંકો હતો. ત્યારે ? તુરત માટે તો સલામ. તમારા તરફથી ટૂંક સમયમાં ખબર મળવાની આશાએ—

હૃદયથી તમારો,
Asartiam Pillai

નવા પત્રમિત્રો

(૧) તૈયબઅલી અબ્દુલહુસેન સામ, પો. ઑક્સ ૧૦૬, માજુંગા Maojunga-Madagascar (૨) હરસુખ મોદી, કૃષ્ણ કૉટેજ, જુહુ રોડ વીલેપારલે, મુંબાઇ; (૩) વસંતલાલ જરીવાલા, C/o મગનલાલ ત્રીભોવનદાસ જરીવાલા, ખાંગડશેરી બેગમપુરા સુરત; (૪) પ્રતાપ શાહ, ૫૨-૫૪ નાખોદા સ્ટ્રીટ પાયધુની, મુંબાઇ-૨; (૫) એમ. દોશી, બૉક્સ ૧૫૭, ઝાંઝીબાર (૬) નાનાલાલ ગોહિલ, પોસ્ટ ઑફિસ પાછળ, વઢવાણ કૅમ્પ; (૭) ગૌતમ દેશાઈ, હજીરિયા શેરી, સત્તરામપુરા, સુરત; (૮) અનંતરાય તારાચંદ શાહ, હંસરાજ ભુવન, પહેલે માળે, બેત્રનજી સ્ટ્રીટ, રણછોડ લાઈન્સ કરાંચી છે.

જગતના જુદાજુદા દેશોના લોકો વચ્ચે પરસ્પર મૈત્રી, શુભેચ્છા ઐક્ય અને જગત-શાન્તિ સ્થાપવાના ઉદ્દેશથી દારેસ્સલામ (ઈસ્ટ આફ્રિકા)માં 'અબ્દુલકાદર હોણી એક્સ્ચેન્જ' સ્થાપવામાં આવી છે, જેના સભ્ય થનારને પત્રમિત્રો, ટિકિટો, સિક્કા, અજબ વસ્તુઓ, ચિત્રો વગેરેમાં વિશેષ રસ લેતા કરી એવા જ શૉખવાળા જગતના અન્ય મિત્રો સાથે સંપર્કમાં લાવવાની સરળતા કરી આપવામાં આવશે. એવા તેના ઉદ્દેશો જણાવાય છે. સરનામું: 'અબ્દુલકાદર હૉણી એક્સચેન્જ, પો. બૉ. નં. ૫૧, દારેસ્સલામ (ઇસ્ટ આફ્રિકા).

શિક્ષક—આ વર્ગમાં બધા જ ગધેડા ભર્યા છે.

વિદ્યાર્થી—સાહેબ, એક અપવાદ સિવાય !

શિક્ષક—બેસ, ડાહ્યલા ! તારી જાતને તું અપવાદ સમજતો હોઇશ એમ ને? પણ એકે અપવાદ નથી.

વિદ્યાર્થી—સાહેબ, હું તો આપની વાત કરતો હતો.

ડૉક્ટર (ગાંડાને લખતો જોઇને): એઈ ! શું કરે છે ?

ગાંડો: મારા ઉપર કાગળ લખું છું

ડૉક્ટર: જોઉં, તેમાં તેં તારા ઉપર શું લખ્યું છે ?

ગાંડો (ખિજાઇને): શેતાન, એ હું તને અત્યારે ક્યાંથી કહું ? સવારે ટપાલ તો આવવા દે !

પ્રાણજીવન: ધીરૂભાઈ, મનસુખભાઇ પામિસ્ટ્રી (હસ્તરેખાશાસ્ત્ર) બહુ સારી જાણે છે. તમે તેને હાથ બતાવ્યો ?

ધીરૂ: હા, સારી પેઠે હાથ બતાવ્યો; હજી દવાખાનામાં જ છો!

ધૂળ વિષે કાંઈક વધુ

લેખક · ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા ડી.એસસી.

ધૂળ ઉપર 'નવચેતન'ના બે અંકોમાં થોડા વખત પર[1] હું કાંઈક લખી ચૂક્યો છું. ધૂળમાંથી ય કેટલો રસ ને વિજ્ઞાન આજે મળી શકે એમ છે તેનો કાંઈક ખ્યાલ તે ઉપરથી આવશે. હમણાં જ વળી ધૂળના એક નવા ઉપયોગ સંબંધી એક અંગ્રેજી વિજ્ઞાન-પત્રમાં[2] કાંઈક હકીકત આવી છે, એટલે તેનો ઉલ્લેખ કરવાનું મન થયું.

ગયા લેખમાં કહ્યું છે તેમ ધૂળ એ એક મોટામાં મોટી લપ છે–ગૃહિણીને, ઘરના ધણીને અને ઘરના નોકરોને. તેને આખો દિવસ વારંવાર વાળવી, ઝૂડવી, સાફ કરવી, એ જ જાણે મોટું કર્તવ્ય થઈ પડે છે પણ હમણાં ધૂળના એક નવી જાતના ઉપયોગ વિષે તથા જુદી જ જાતની ધૂળો પર પ્રોફેસર બ્રિસ્કો નામના એક અંગ્રેજ વિજ્ઞાનીએ 'રોયલ સોસાઈટી ઑવ આર્ટ્સ'ની સમક્ષ કેન્ટોર-વ્યાખ્યાનો આપતાં કાંઈક મોહક પ્રકાશ નાખ્યો છે. એ વાત એ છે કે ભરી રાખેલા ઘઉંમાં જે કિલ્લાં ને એવાં બીજાં જીવડાં પડે છે અને જેથી આખરે ઘઉં સળી જાય છે, તે સર્વ જીવાતનો નાશ કરવાનું કામ ધૂળથી બને છે.

કોઈને હસવું આવે ને કોઈ માને જ નહિ. પણ આ શોધ સાચી પડી છે અને એને પરિણામે આજે ધૂળના કણોનું કદ, તેઓના ભૌતિક તથા રાસાયનિક ગુણો, અને શરીરના સૂક્ષ્મ અન્તર-ભાગો (Tissues[3]–ટિશ્યૂ–વગેરે) ઉપર તેઓની અસર–એવાએવા મૌલિક સવાલોનું અન્વેષણ હવે શરૂ થઈ ગયું છે.

આ વાતની શરૂઆત એક નાનાસરખા અવલોકનથી થઈ જેમાં કિલ્લાં પડ્યાં હતાં એવા અનાજની ધૂળ ભંભેરી નાખતાં ખૂબ કિલ્લાં મરી ગયાં એવું માલૂમ પડ્યું. આ સંહાર ધૂળે કેવી રીતે કર્યો તે શોધવાનું પ્રો. બ્રિસ્કોએ તથા એમની સાથે કામ કરનારાઓએ શરૂ કર્યું. ધૂળથી કિલ્લાંઓને ઝેર ચડતું હશે? કે આ કોઇ યાંત્રિક અસર હશે–જેવી કે ધૂળથી એમનાં શરીરોનાં 'ટિશ્યુ' ચીરાઈ જતાં હશે? કે કોઇ નવી જ ક્રિયા થતી હશે જેથી એમના પ્રાણનો ઘાત થતો હશે?

આ સવાલનું નિરાકરણ કરવાનો રસ્તો એક જ હતો: તે એ કે જુદા જુદા કદના કણવાળી જુદા જુદા પ્રકારની ધૂળોની કિલ્લાંઓની ઉપર શી ક્રિયા તથા શી અસર થાય છે તે અજમાવી જોવું. આ રીતે અઢીસો જાતની જુદીજુદી ધૂળોની કિલ્લાંઓ ઉપરની અસર તપાસવામાં આવી. આમાં રેતીનું એક મુખ્ય તત્ત્વ 'સિલિકા' (Silica) નામનું છે તેની શુદ્ધ ધૂળ 'નિઓસિલ' પણ હતી. એ તો ખાસ જંતુનાશક હતી. કેટલીક ધૂળોને ઊકળતા પાણીમાં ધોઈ હતી; કેટલીકને આલ્કોહોલથી, કેટલીકને ઈથરથી, કેટલીકને બેન્ઝીનથી કે એવાં અન્ય રસાયનનાં દ્રવ્યોથી ધોઇ હતી. પરંતુ આટલાઆટલા પ્રયોગો થયા પણ તે બધા ખોટી દિશામાં થયા હોય એમ લાગ્યું; કારણકે સાધારણ ધૂળથી જે નાશ થતો હતો તેનાથી વધારે આમાંની કોઈથી થયો નહિ. એટલે એમ માનવાની ફરજ પડી કે ધૂળના રાસાયનિક પ્રકારો ગમે તે હોય પણ તે કાંઇ આ વિષયમાં મહત્ત્વના નથી. પહેલી ધારણા એ હતી કે ધૂળ રાસાયનિક રીતે કિલ્લાંનો નાશ કરે છે, પણ તેવું કાંઈ દેખાયું નહિ.

પછી આ વિજ્ઞાનશાસ્ત્રીઓએ એક એવી ધૂળ વાપરવાનો નિશ્ચય કર્યો કે જે રાસાયનિક રીતે સૌથી ઓછી જોરદાર અને સૌથી વધારે નિષ્ક્રિય હોય: હીરાની બારીક ધૂળ! અલબત્ત, એ સૌથી મોંઘી હતી. વળી એને જુદાંજુદાં રસાયનોથી ધોઇને ખૂબ શુદ્ધ કરી હતી. એના પ્રયોગ વિષે પ્રો. બ્રિસ્કો કહે છે કે 'અમને બહુ જ નવાઈ થઈ કે અમે અજમાવેલી બધી ધૂળો કરતાં આ હીરાની ધૂળ કિલ્લાંને મારવામાં સૌથી વધુ સમર્થ માલૂમ પડી!' વધુ પ્રયોગોએ બતાવી આપ્યું કે રસાયનની દૃષ્ટિએ જે તદ્દન નિષ્ક્રિય–જડ–inert હોય–પણ કઠણ પદાર્થ હોય–જેમકે Carborundum (કાર્બન અને સિલિકોનનું એક મિશ્ર દ્રવ્ય) તો તેની ધૂળ પણ એવી સમર્થ થતી હતી.

આ સખત કઠણ કણોવાળી ધૂળ કિલ્લાંની શ્વાસ લેવાની નળીમાં ઘુસી જઈ એમનો શ્વાસ રૂંધી નાખી, મુંઝવી, મારી નાખતી હશે? એ વાતની ખાતરી કરવાને, મરેલાં કિલ્લાંઓના દેહને સૂક્ષ્મદર્શક યંત્રની તળે ચીરવામાં આવ્યાં. પણ ફેફસાંમાં આવા કંઇ કાંઇ ભરાએલા નીકળ્યા નહિ; એટલે અહીં પણ જાણે લૉટરીની ટિકિટ હોય એવી નિરાશાનો આ શોધ ઉપર મંડેલાઓને અનુભવ થયો. ઘણાઘણા પ્રયોગો ને અવલોકનો પછી એટલું સ્પષ્ટ થયું કે કિલ્લાંનો નાશ કરવામાં બે વાતો અગત્યનો ભાગ ભજવે છે: એક તો ધૂળકણો કઠણ હોવા જોઇએ, ને બીજું તેમાં ભેજ-ભિનાશ ન હોવાં જોઇએ.

જાણીતું જ છે કે હવામાં ભેજ બહુ હોય ત્યારે આ કિલ્લાં બહુ વધે છે ને ખૂબ જીવે છે. ભેજવાળા અનાજભંડારોમાં કિલ્લાં પડે ય ખૂબ. પણ ધૂળથી કોઈક રીતે જીવડાંઓના શરીરના પાણીનું શોષણ થાય છે એ ચોક્કસ છે; કારણકે મરેલાં કિલ્લાંઓને સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇએ તો તેઓ કોરાં–શોષાએલાં માલૂમ પડે છે. છતાં ધૂળ પાણીને ચૂસી લઇને કિલ્લાંને મારી નાખે છે એવું તો નથી જ; કારણ કોઈ પણ ધૂળમાં એવી શક્તિ નથી; હીરાની ધૂળમાં ય નથી.

ધૂળના કણ જેમ વધારે કઠણ હોય તેમ એ આ નાશકાર્યમાં વધુ સમર્થ હોવાનું માલૂમ પડ્યું. છતાં આ વાત ઉપરથી આપણને જે ખુલાસો ખુલ્લો દેખાય તે ખુલાસો સાચો પડ્યો નહિ. કારણ કે કિલ્લાંના દેહ ઉપર એક કઠણ કાચલી–ભીંગડું (shell) હોય છે. તે ઠીકઠીક કઠણ હોય છે. કઠણપણાના માપ પ્રમાણે એની કઠિનતા જો ૩·૫ ગણીએ તો એનાથી ઓછી કઠિનતાવાળા ધૂળના રજકણો (૩·૦નાં) પણ એનો નાશ કરવામાં અસરકારક નીવડે છે: અને એ ધૂળોની કઠિનતા જેમ વધતી જાય છે તેમ (લગભગ ૧૦·૦ લગીની) તે જ પ્રમાણમાં તેની સંહારશક્તિ પણ વધતી જાય છે. પણ આ કઠણ રજકણો કિલ્લાંના શરીર ઉપર કાંઈ ઘસારો ઉત્પન્ન કરીને એમને મારી નાખે છે એમ નથી. calcite નામના આરસના એક જાતના સ્ફટિકની કરચ આપણે જો એ કિલ્લાંની કાચલી ઉપર ઘસીએ તો તેની ઉપર કાંઇ અસર થતી નથી, કારણ કે એ કાચલીની કઠિનતા ૩·૫ છે, ત્યારે આ સ્ફટિકની કઠિનતા એથી ઓછી ૩·૦ જેટલી છે. તો પણ ૩·૦ની કઠિનતાવાળા પદાર્થની ધૂળ કિલ્લાંને મારી નાખવાની અસર તો ઉત્પન્ન કરે જ છે. આ પ્રમાણે ઉઘાડા દેખાતા જવાબો સાચા પડ્યા નહિ.

પ્રયોગોનું વ્યાવહારિક પરિણામ એ નીકળ્યું કે ધૂળના કણોનું કદ અમુક હોવું જોઇએ–ધૂળની કઠણતા ઉપરાંત એ કણોનો પરિઘ એક મિલિમીટરના[4] દશમા ભાગથી તે સોમા ભાગના જેટલો નાનો

---

[1] 'નવચેતન' ઑક્ટો. નવે. ૧૯૩૫; [2] 'ડિસ્કવરી' જાન્યુ. ૪, ૧૯૪૪;
[3] Tissue એ શરીરના કોષોના નાનામોટા સમૂહો–ગૂંચળાં છે. કોઈ યોગ્ય ગુજરાતી કે સંસ્કૃત શબ્દ એને માટે જડ્યો નથી—મને.

[4]. એક મિલિમીટર=એક મીટરનો ૧૦૦૦મો ભાગ. ૧ મીટર એક ગજથી ત્રણેક ઈંચ મોટો હોય છે.

હોવો જોઈએ. આમાં આગળ કહેલું તે 'સિલિકા'નું તત્ત્વ ન હોવું જોઈએ, નહિ તો એ ધૂળનો પ્રયોગ તથા ઉપયોગ કરનારાઓની તબિયતને નુકશાન થાય. વળી એ ધૂળ સસ્તી હોવી જોઈએ, નહિ તો એનો વપરાશ થાય નહિ. અને તે સીસું તથા સોમલના જેવા ઝેરી પદાર્થોની ધૂળથી તો તદ્દન મુક્ત હોવી જોઈએ. એ ઉપરથી એમ સૂઝ્યું કે વીજળીનાં કારખાનાઓમાં (Power-Stationમાં) જે ઈંટાની ભૂકી[૫] નીકળે છે તેને ખૂબ વાટીને એની બારીક ભૂકી કરી વાપરી હોય તો તે એક આ દર્શતુલ્ય જન્તુનાશક પદાર્થ થાય કે નહિ? તરત આવી ધૂળ તૈયાર કરવામાં આવી. પણ તે તો લગભગ તદ્દન નકામી ગઈ: પ્રયોગ કરનારાઓના વિસ્મયનો ને ક્ષોભનો પાર રહ્યો નહિ. વધુ તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે અત્યાર પહેલાંની બધી ભૂકીઓ–ધૂળો સગવડને ખાતર ઈથરથી ભીની કરીને વાપરવામાં આવી હતી, જ્યારે આ નવી ધૂળને તદ્દન સૂકી જ વાપરવામાં આવી હતી. એથી એવું અનુમાન થયું કે કોરી ને ભીની વાટવામાં કણોના આકારમાં ફેર પડ્યો હશે: કોરી–સૂકી પીસવાથી કણોની સપાટીનો ભાગ કોઈ ખાસ આકાર વગરનો amorphous–ગનો હશે, ને ભીની પીસવાથી અભિયલ કણો ઉત્પન્ન થયા હશે જેમાં સ્ફટિકાકૃતિઓ સપાટી ઉપર સુરક્ષિત રહેતી હશે. આનું પ્રમાણ એ મળ્યું કે કાચની ધૂળ, જે જન્તુનાશને માટે તદ્દન નકામી હોય છે (કારણ કે તે સ્ફટિક વગરની હોય છે) તે અને એવી બીજી ધૂળોની સપાટીને ઘસવાથી તે વધુ અસરકારક થાય છે, જ્યારે તે જ ધૂળોને તે ગરમ કરવામાં આવે (જેથી કણીઓના પાશિયાં જતાં રહે છે ને કણીઓ ગોળ થાય છે) તો તે પાછી તદ્દન નકામી થઈ જાય છે.

આ ને આવાં બીજાં અન્વેષણોને પરિણામે હવે માલૂમ પડ્યું છે કે બિલકુલ ઝેરી ન હોય એવી ધૂળોને ય જો બરોબર રીતે તૈયાર કરવામાં આવે તો તે ઘણી જાતની દુષ્ટ જીવાતોનો નાશ કરી શકે છે. આમ ચોખા ને ઘઉંનાં કિલ્લાંઓ, લોટમાં પડતી જુદીજુદી જીવાત, અનાજની બીજી જીવાતો ને પથારીના માકણોને પણ પહોંચી વળાય છે. અલબત્ત આ સંહારનું પૂરેપૂરું વિધાન ને ચોક્કસ રીતિનો ખુલાસો હજી આપણે જાણતા નથી; એટલું સ્પષ્ટ લાગે છે કે ખાસ પ્રકારની ધૂળો આવી જીવાતનાં, શીંગડાં જેવાં કઠણ ભીંગડાંઓની બહાર રહેલ ચરબીની એક જાળના ઉપર કાંઇક એવી અસર કરે છે કે તેથી એ જીવાતનો, દેહમાં ભેજ સાચવી રાખવાનો આખો કાર્યક્રમ ને સરંજામ[૬] ખોટકી જાય છે, ને તેથી તેઓ શોષાઇને મરણ પામે છે.

આ પ્રમાણે અહીં શાસ્ત્રના કરતાં કળા આગળ ગઇ છે: કિલ્લાં મારવાનો સરસ ઇલાજ હાથ આવ્યો છે, પણ તે ઈલાજ કેવી રીતે અમલમાં આવે છે તે આપણે હજી તદ્દન પૂરેપૂરું જાણતા નથી. છતાં પ્રોફેસર બ્રિકોના મદદથી નવી જાતની ધૂળોનું અને તેઓના નવી જાતના પણ બહુ અગત્યના ઉપયોગનું આપણને દર્શન થાય છે.

---

૫ Clinker; ૬ Water balance.

નવાં પુસ્તકો

હિંદનો કોમી ત્રિકોણ: 'અશોક મહેતા અને અચ્યુત પટવર્ધને લખેલા 'ધ કૉમ્યુનલ ટ્રાયૅન્ગલ ઈન ઇન્ડિયા'નો અનુવાદ. ત્રિકોણને ત્રણ બાજુ હોય. તેનો પાયો જેમજેમ નાનો થતો જાય તેમતેમ એ બાજુઓ એકબીજીની નજીક આવે; પાયો નીકળી જાય તો એ બે જુઓ એક થઈ જાય; પાયો મોટો થાય તો અંતર વધે. હિંદુ અને મુસલમાન રૂપી હિંદના ત્રિકોણની બે બાજુઓની વચ્ચે રહેલો અંગ્રેજો રૂપી પાયો બે પક્ષોને એક થવામાં કેવો અંતરાય રૂપ બને છે અને ભેદ પડાવે છે તે આ પુસ્તકમાં સિદ્ધ કરેલું છે. પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, ૩–૦–૦; **જીવનશોધન:** શ્રી કિશોરલાલ મશરૂવાળાનાએ પરમ મનનીય અને ઉપયોગી પુસ્તકની સંશોધિત ચોથી આવૃત્તિ, પ્રકાશક–ઉપર મુજબ, ૨-૮-૦; **ઉર્દૂ લિપિ શિક્ષિકા:** હંસરાજ જૈન અને ગિરિરાજ કિશોરે ત્રણ વર્ષ પર બહાર પાડેલી આ શિક્ષિકાની ગુજરાતી માધ્યમવાળી સુધારેલી-વધારેલી આવૃત્તિ, પ્રકાશક–ઉપર મુજબ, ૦-૧૨-૦; Among the Great: રોમાં રોલાં, મહાત્મા ગાંધીજી, બર્ટ્રાન્ડ રસેલ, રવીન્દ્રનાથ ટાગોર અને શ્રી અરવિંદ ઘોષ, એ પૂર્વ અને પશ્ચિમની પાંચ વિભૂતિઓ સાથેના વાર્તાલાપો–જેમાં સૉક્રેટીસના સંવાદોની યાદ આપતાં જીવનદર્શન વ્યક્ત થાય છે. બંગાળીમાં 'તીર્થંકર' અને ગુજરાતીમાં 'તીર્થસલિલ' નામથી બહાર પડેલાં પુસ્તકોની અંગ્રેજી આવૃત્તિ, સર રાધાકૃષ્ણનના ઉપોદ્‌ઘાત સાથે. કર્તા–દિલીપકુમાર રાય, પ્રકાશક–નાલંદા પ્રકાશન, એન. એમ. ત્રિપાઠી લિ. મુંબાઈ, રૂા. ૧૦. **જયસિંહ સિદ્ધરાજ:** શ્રી ધૂમકેતુ કૃત ચૌલુક્ય નવલકથાવલિની માળાનો સાતમો ગ્રંથ, જેમાં એ તેજોમૂર્તિ ગુર્જર નરેશના પરાક્રમી જીવનકાળનો પૂર્વરંગ આલેખાયો છે. સોલ એજન્ટ–ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ, ૪-૮-૦; **ઇતિહાસની કેડી:** લેખક–ભોગીલાલ જ. સાંડેસરા, ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયક સાહિત્યમાં ગુણવત્તાની દૃષ્ટિએ નવી જ ભાત પાડે તેવો, સામાન્ય વિદ્યારસિક વર્ગને રુચિકર થાય એવા ચુનંદા લેખોનો સંગ્રહ–જેમાંના કેટલાક જૂના ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓને ખાસ અગત્યના છે અને કેટલાક મધ્યકાલીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં લેખકનો નક્કર ફાળો બની રહે છે. પ્રકાશક–પદ્મજા પ્રકાશન, વડોદરા, ૪-૮-૦; **પરીકથાઓ: નાગકુમારી, નીલમણિ, ફૂલવંતી:** લેખકો–નિરંજન વર્મા અને જયમલ્લ પરમાર, પ્રકાશક–ભારતી સાહિત્ય સંઘ, પો. બૉ. ૭૩, અમદાવાદ, દરેકની કિંમત ૧-૦-૦. **આરોગ્ય: તનનું મનનું અને દેશનું:** વ્યક્તિગત, સામાજિક તેમજ રાજકીય પ્રયત્નો દ્વારા દેશના આરોગ્ય—ધોરણને ઊંચું લાવવાના, પ્રત્યક્ષ અવલોકન અને અનુભવથી તારવેલા ઉપાયો સૂચવતું આવકારપાત્ર પુસ્તક. લેખક–ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, પ્રકાશક: સદેશ પ્રકાશન મંદિર અમદાવાદ, ૩-૪-૦.

સુરાજ્યને ભોગે પણ સ્વરાજ્ય ભલે આવતું. સ્વરાજ્યને ભોગે સુરાજ્ય નથી ખપતું.
બાપ બાળકને રમાડે એ સ્નેહનું પરિણામ—બાળક બાપને રમાડે એ લાડનું.
સુંદરતા પવિત્રતા વિના શોભતી નથી. પવિત્રતા સુંદરતા વિના ય શોભે છે.
જોઇ જોઇને જીવનાર કરતાં જીવીજીવીને જોનાર વધારે અનુભવી હોય છે.
ધર્મપ્રેમ એ ફરજ છે; ધર્મઘેલછા મૂર્ખતા છે અને ધર્મઝનૂન અધર્મ છે.
વિચાર તેવો ઉચ્ચાર સહેલો છે. ઉચ્ચાર તેવો આચાર અઘરો છે.
કૌમારનું દીર્ઘજીવન એ યૌવનના દીર્ઘજીવનનું પગથિયું છે. —मन्जुल

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો — લેખક

[૨૧]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

સાંચીમાં ભગવાન બુદ્ધની માનવ કદથી પણ જરા મોટી એવી પથ્થરની ભવ્ય મૂર્તિ છે. પલાંઠી વાળીને સમાધિસ્થ અવસ્થામાં ભગવાન બેઠા છે. આખું શરીર રેશમ જેવું મુલાયમ છે અને બ્રહ્મચર્યના તેજથી શોભે છે. મુખ પર સાત્ત્વિક સુખ છવાઈ રહ્યું છે અને અલૌકિક શાન્તિ છે. એ સ્થિતિનું વર્ણન જીવનમુક્તો માટે વર્ણવેલા ગીતાના શબ્દો મુજબ કાંઇક થાય.

ઉચ્ચમાં ઉચ્ચ સુખનો આવો આદર્શ ગુપ્ત સમયના શિલ્પીઓએ ૧૫૦૦ વર્ષથી યે પહેલાં સાંચીમાં, ચર્મચક્ષુ પણ જોઈ શકે એવી રીતે ઘડીને મૂક્યો છે. દુન્યવી સત્તા, ચંચલ ધનદોલત અને ક્ષુદ્ર ઇન્દ્રિયસુખોની પાછળ દોડી રહેલા આ જમાનાના લોકોએ આ મૂર્તિનાં દર્શન જરૂર કરવાં જોઇએ.

સાંચીના વિદ્વાન ક્યુરેટર કહેતા હતા કે હિંદે શિલ્પકળામાં જગતને શું આપ્યું એમ કોઈ પૂછે તો તમે બેલાશક આ મૂર્તિ બતાવજો. તાજમહાલ, દેલવાડા, મદુરા, નટરાજ ઈત્યાદિ ન હોય ને માત્ર એક આ મૂર્તિ આપણી પાસે રહે તોપણ હિંદે શિલ્પકલામાં જગતને અમૂલ્ય ભેટ આપી છે એમ સૌકોઇને સ્વીકાર્યા વિના ન ચાલે એવું આ કામ છે.

એવી જ બીજી મૂર્તિ ગયાતીર્થમાં જે બોધિવૃક્ષ (પીપળા) નીચે ભગવાન બુદ્ધને સાચું જ્ઞાન થયું હતું ત્યાં મૂકેલી હતી. ગયાની કૉંગ્રેસ વખતે બુદ્ધગયાનાં દર્શને તો બધા જ ગયા હતા અને એ મૂર્તિ સામે આકર્ષાયા વગર તો કોઇ જ રહ્યું નહોતું. અમે ત્યાં ઊભા હતા એવામાં બર્મી સ્ત્રીપુરુષોની એક મંડળી ત્યાં આવી પહોંચી. એ બધાં મોટીમોટી હાથહાથ લાંબી મીણબત્તીઓ લઇને આવ્યાં હતાં. એમણે એ બધી ત્યાં પ્રકટાવી અને પૂર્ણ ભક્તિભાવથી સૌ અર્ધગોળાકારે મૂર્તિની સામે ગોઠવાઈ ગયાં. પછી પાલી ભાષામાં મધુર સ્વરે એમણે જે શ્લોકો ગાયા તે એ ઐતિહાસિક ભૂમિને જાણે સજીવન કરતા હતા. એક સાધુને મેં અંગ્રેજીમાં પૂછ્યું કે આ પ્રાર્થનાઓનો અર્થ શો છે? એણે કહ્યું કે અમે બૌદ્ધમાર્ગીઓ પ્રાર્થના તો કરતા જ નથી; સ્તુતિ કરીએ છીએ; અને આ શ્લોકોમાં ભગવાનનાં પરાક્રમોની ગુણગાથાઓ છે.

સંધ્યાકાળ થવા આવી હતી. પશ્ચિમમાં દેદિપ્યમાન રંગોથી આકાશ છવાઇ ગયું હતું. રંગબેરંગી વસ્ત્રોમાં શોભતાં સુઘડ બર્મી સ્ત્રીપુરુષો, હારબંધ ગોઠવાએલી મીણબત્તીઓના એ નિર્મળ પ્રકાશમાં સંસ્કૃત જેવા જ મધુર શ્લોકોમાં ભગવાનના ત્યાગ અને આત્મજ્ઞાનની સ્તુતિનાં ગાન પૂર્ણ ભક્તિભાવથી કરતાં હતાં. અમને બુદ્ધ ભગવાનનાં આ અનુયાયીઓ સ્વજનો જેવાં જ લાગ્યાં અને એ યાત્રીઓની ભેગા ભળી જઈને અમે પણ એ દુર્લભ સમારંભમાં ભાગ લીધો.

કાશી પાસેના સારનાથમાં પણ બુદ્ધ અને બોધિસત્ત્વોનાં અનેક મુખારવિંદો દર્શન કરવા યોગ્ય છે. એમાં મુખ્ય મૂર્તિ આરસની છે. એના તેજપુંજમાં સચરાચર સૃષ્ટિનાં તમામ પશુપંખી તથા દેવદાનવ, ભગવાનના કરુણાવારિથી ભીંજાઈ રહ્યાં છે અને પોતે આત્મસુખમાં રાચી રહ્યા છે. આ મૂર્તિ તો કોમળતા, લાલિત્ય તથા સાત્ત્વિકતા માટે સુપ્રસિદ્ધ છે જ, પરન્તુ બીજાં અસંખ્ય ખંડિત મુખારવિંદો ત્યાં ઢગલાબંધ પડ્યાં છે. એમાંના ઘણાં આપણી હથેલી કરતાં મોટાં નથી, પરંતુ એ મુખ પર પણ જે અલૌકિક સ્મિત છે તે જોઈને જ આપણી યાત્રાનો તમામ શ્રમ અને થાક લેખે લાગી જાય છે.

દરરોજ આપણે સેંકડો સ્ત્રીપુરુષો જોઈએ છીએ. પણ એમાંના કોઈના મોં ઉપર પેલાં નાનકડાં મુખારવિંદો પર જે પૂર્ણતાભર્યું ને પ્રસન્ન સ્મિત છે તેનો તો અંશ પણ જણાતો નથી; કારણ કે આપણે અસંખ્ય દુન્યવી ચિંતાઓ ને આધિ વ્યાધિ-ઉપાધિમાં ડૂબેલાં છીએ. આત્મજ્ઞાનનો શુદ્ધ આનંદ મેળવવા કોઈ પ્રયત્નશીલ નથી. સારનાથના દેવને તો દુઃખનું ઔષધ મળી ગયું છે. મૃત્યુ, વૃદ્ધત્વ, રોગ, ગરીબાઈ તથા અજ્ઞાનનું નિવારણ એમણે શોધી કાઢ્યું છે. અને એના નિવારણાર્થે ધર્મચક્રપરિવર્તન કરવાનો આરંભ એમણે સારનાથથી જ કર્યો હતો.

મોઢેરાના પ્રાચીન સૂર્યમંદિરમાંથી સૂર્યની મુખ્ય મૂર્તિ તો ચોરાઇ ગઈ છે; પણ મંદિરની ઉત્તર બાજુએ મુખ કરીને ઊભેલા એક અખંડિત સૂર્ય, ચોકમાં ઊભાઊભા દરવાજા ઉપર ને ઘુમ્મટની નીચે જોઈ શકાય છે. એ છે તો ગૌણ મૂર્તિ, છતાં સૂર્યકિરણના સાત રંગો રૂપી સાત ઘોડાના રથ પર પોતે ઊભા છે. મુખ પર શૌર્ય ને પ્રતાપ અંકિત થએલા છે. આરોગ્ય, ઐશ્વર્ય, બળ ને અનંત યૌવન તો એમના અવયવે અવયવ પર શોભે છે. ઢાલ જેવી પહોળી છાતી છે અને પગે હોલબુટ જેવા આખા પગના જોડા પહેરેલા છે. વેગવાન રથ અંધકારને દૂર કરતોકરતો ધસી રહ્યો છે!

આપણો ગાયત્રીમંત્ર પણ સૂર્યની જ પ્રાર્થનાનો મન્ત્ર છે. 'પૃથ્વી, અંતરીક્ષ ને સ્વર્ગમાં જે પ્રશંસનીય તેજ વ્યાપેલું છે, દેહ મન અને આત્માને જે ઉજ્જ્વલ કરે છે, તે કલ્યાણકારી તેજનું હું ધ્યાન ધરૂં છું. એ તેજ મારી બુદ્ધિને પ્રેરો!'

આવા સૂર્યદેવને ગુજરાતે ૧૫-૧૬ સૈકા સુધી પૂજ્યા હતા; અને જ્યાં સુધી ગુજરાતીઓ એને પૂજતા હતા ત્યાં સુધી એમનામાં વીરતા પરાક્રમ અને બુદ્ધિબળ હતાં. એ જ મોઢેરાના વજ્રમુષ્ટિ પહેલવાનો પાટણના ગુર્જરેશ્વરોની સેનામાં આગળ ચાલતા. એ હતા તો મોઢ બ્રાહ્મણો, પરંતુ મલ્લયુદ્ધ એ એમનો કુલધર્મ હતો. હાથીને માથા સુધી અદ્ધર ઉચકીને વીંઝતા એ મલ્લોની આકૃતિઓ મોઢેરાના સૂર્યમંદિરમાં હજી જોવા મળે છે. પાટણ પડ્યા પછી મોઢેરાને મુસલમાનોએ ઘેરો ઘાલેલો ત્યારે એ પ્રજાસત્તાકના બ્રાહ્મણો ને વૈશ્યોએ છ મહિના સુધી ટક્કર ઝીલી હતી.

હજી યે ઈડર, શુક્લતીર્થ, ખંભાત ને અમદાવાદમાં સૂર્યની જૂની મૂર્તિઓ છે. મોઢેરાની પ્રતાપવાન કલાનું ઓજસ એમાં ધીમેધીમે ઓછું થતું જતું જણાય છે, પણ આધ્યાત્મિક તેજ ને પવિત્રતા જેવા મનોગમ્ય અવ્યક્ત ગુણો તો એ મૂર્તિઓમાં પણ ચક્ષુગમ્ય થાય છે

મૂર્તિકળાનો એ જ ઉદ્દેશ છે કે અલક્ષ્યને લક્ષ્ય કરી આપવું. ને આપણી જૂની મૂર્તિઓ એ કાર્ય આશ્ચર્યકારક રીતે પાર પાડે છે.

સૂર્યપૂજા વૈષ્ણવ આચાર્યોએ બંધ કરાવી, ને વિષ્ણુ ભગવાન ત્રણે ભુવનોને ત્રણ પગલાંથી ભરી દે છે માટે ત્રિવિક્રમ એવા વિષ્ણુની પૂજા કરવા એમણે ગુજરાતને સમજાવ્યું લાગે છે. તે પહેલાં નૃસિંહ તથા વરાહ રૂપે વિષ્ણુની પૂજા થતી હતી; પણ ઉગ્ર સ્વરૂપોના ધ્યાનથી પ્રજામાં આસુરી ગુણો આવે છે એમ માની ધર્મધુરંધરોએ મુરલીધર અને રાધાકૃષ્ણ જેવી સૌમ્ય મૂર્તિઓની પૂજા શરૂ કરાવી.

વિજાપુર પાસે સાબરમતીને તીરે ખડાત મહુડી નામના ગામે ખડાયતાઓના ઈષ્ટદેવ

'ચકોર'ની કટાક્ષકથા—હૂપાહૂપનાં પરાક્રમો [૪]

જેમાં હૂપ હૂપ પથ્થર નીચેથી હાથ કાઢી લેવાની જૂની અને જાણીતી શાહીવાદી નીતિ અજમાવે છે.



છટકવાનો તુક્કો સૂઝ્યો — તે અજમાવીને હસાવ્યો — પહાડમાં પડ્યો પડ્યો



ફરી તુક્કો અજમાવ્યો — ઉફ! પ્રતિસ્પર્ધી જાગ્યો? — હા . . . હા . . . હા . . .

કોટ્યર્કેજીનું સ્થાનક છે. સૂર્યપૂજામાંથી વિષ્ણુ-પૂજામાં દેશે પ્રવેશ કર્યો, તેના વચગાળાના સમયમાં આ 'કોટ્યર્ક'(કોટિ+અર્ક=સૂર્ય)ની પૂજા દાખલ થઇ હશે એમ લાગે છે. એ સમયનું પ્રાચીન મંદિર પાણીનાં પૂરને ઘસારાથી તણાઈ જવાનો ભય ઉત્પન્ન થયો તેથી એમણે નવું મંદિર બાંધ્યું છે. એ કોટ્યર્કેજી વિષ્ણુનું સ્વરૂપ છે ને ભૃગુએ એમને લાત મારેલી એવી પુરાણ કથા અનુસારનું ચિહ્ન એમની છાતીમાં હોય છે. ખડાતમામ પણ જૂનું લાગે છે ને ત્યાંથી પ્રાચીન મૂર્તિઓ વગેરે અવશેષો મળે છે.

જૂના મંદિરના દ્વારમાં પેસતાં બે બાજુના ગોખમાં અષ્ટભુજ વિષ્ણુ ગરુડ પર આરોહણ કરીને વેગથી આકાશ માર્ગે જતા હોય એવી આરસની મૂર્તિઓ હતી તે હાલ નવા મંદિરની બાજુમાં બેસેડી છે. એ મૂર્તિ બહુ જ ચેતનમય, ભક્તોને માટે ચિંતાતુર અને જેમ બને તેમ જલદી રક્ષણ કરવાની તાલાવેલીમાં હોય એવા ભાવવાળી છે. કમળના પુષ્પ જેવી આંખો, પવિત્રતા, દિવ્યતા તથા કીડીથી હાથી પર્યંતના જીવોની રક્ષા કરવાનું બળ ને ચિંતા, આ પાલન પોષણ ને રક્ષણ કરનાર દેવમાં એવાં અંકિત થયાં છે કે એમની સામીપ્યમાં આપણને પણ ક્ષણભર નિર્ભયતા પ્રાપ્ત થઈ જાય. આવો દેવ જેને માથે છે તેને સંસારની કે ષડ્‌રિપુઓની બીક શી છે, એમ માની અંતઃકરણપૂર્વક એમની શરણાગતિ આપણે માની લીધા વગર રહીએ નહિ.

ત્યાં એક માદીકરાની તથા વાંદરાની પણ મૂર્તિ બહાર પડી હતી. એ માતાના વાળ અને વેણી બહુ સુંદર હતાં. જૂનાં મંદિરોમાં ગાંભીર્યને જરા હળવું કરવા સંસારના આવાં અનેક દશ્યોની ગૌણ મૂર્તિઓ પણ આપણા શિલ્પીઓ કોતરતા ને પુરાણકથાઓ, નૃત્યો, મલ્લકુસ્તી, યુદ્ધના ને શિકારના દેખાવો મંદિરની બહાર બહુ જોવામાં આવતા.

આપણી મૂર્તિઓમાં વાસ્તવિકતા નહિ પણ મનોમય આદર્શદર્શન હોવાથી એકદમ ધ્યાનમાં બેસતાં જરા મુશ્કેલ લાગે છે. ખૂબ એકાગ્રતાથી એની તરફ વિચારપૂર્વક જોઇએ ત્યારે ધીમેધીમે એનો મર્મ સમજાય છે. નવી મૂર્તિઓમાં આવા સંદેશ કે પ્રેરણા આપવાની તાકાત નથી રહી. જેમ, કાવ્યની છંદરચના પિંગળશાસ્ત્ર પ્રમાણે કરી શકાય છતાં ખરી કવિતા તો હૃદયક્ષોભથી સર્જાય છે, તેવી જ રીતે જૂના શિલ્પીઓ માનસિક દર્શન કર્યા પછી જ દેવોને ઘડતા; હમણાં માત્ર માપકરણથી ઘડાય છે. (ચાલુ)

વખાણ એટલે ટાપટીપ કરેલું જુઠાણું.

માણસને જગાડવા સારૂ પ્રભાત બીજીવાર કદિ પડતું નથી.

આપણે દુનિયામાં કોઇનો પણ ભય રાખવાનો હોય તો તે ખુદ ભયનો જ.—પ્રે. રૂઝવેલ્ટ.

માણસની કિંમત માપવાનું સાચું સાધન એ કે કેઈ પણ નવા વિચારના સંપર્કમાં આવતાં તે કેટલો ભડકે છે.



માધુકરી

તને, નવજવાનને, વિપદ શી ? નિરાશા કશી ?
ભલે પથ 'વરોધતા અડગ પહાડની હાર હો,
ભલે રૂંધતી મોખરે નિધિતરંગની માળ હો:
તને, નવજવાનને, ભય કશો ? હતાશા કશી ?
અયે નવજવાન ! ચાય દઈ મૃત્યુને પેંગડે
પલાણ જયઅશ્વને, જીવન વિશ્વને પા હવે.

—અમૃતલાલ છ. પારેખ

℄ શાંતિના સમયમાં જો આપણે વધારે પરસેવો નીતારીએ તો લડાઇના સમયમાં આપણે ઓછું લોહી વહાવી શકીએ.

℄ આપણે જાતનો નાશ ન કરીએ તો કોઈ પણ પ્રજા આપણો નાશ ન કરી શકે.

—ચાંગ·કાઈ·શેક

ભારતહિતૈષી એરૂંડેલ

લગભગ બેતાળીસ વર્ષ સુધી આ દેશને પોતાની સેવા અર્પી રહેલા, થીઓસોફિકલ સોસાઓટીના અધ્યક્ષ ડૉ. જ્યૉર્જ સિડની એરૂંડેલનું ગઈ તા. ૧૨મી ઑગસ્ટની મધરાતે અડિયાર મુકામે અવસાન થતાં એક મહાન હિતૈષીની આ દેશને ખોટ પડી.

આ શતાબ્દીના આરંભકાળમાં શ્રીમતી ઍની બેસંટે બાબુ ભગવાનદાસ વગેરે સાથે મળીને ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનની ભાવનાથી બનારસમાં 'સેન્ટ્રલ હિંદુ હાઇસ્કૂલ તથા કૉલેજ'ની સ્થાપના કરેલી. એ સંસ્થાની છાયામાં ડૉ. એરૂંડેલની ચાળીસ વર્ષની દીર્ઘ ભારતસેવાનાં મંગળાચરણ થયાં. ભારતીય શિક્ષણ તથા સંસ્કૃતિમાં આજીવન રસ ધરાવનાર ડૉ. એરૂંડેલ ઍની બેસંટના નોતર્યા ઇ. સ. ૧૯૦૩માં બનારસ સેન્ટ્રલ હિંદુ કૉલેજમાં અંગ્રેજી સાહિત્યના અધ્યાપક તરીકે આવ્યા અને ૧૦ વર્ષ પર્યંત એ પદે રહ્યા બાદ કૉલેજના પ્રિન્સિપાલ બન્યા. એ પછીનાં વર્ષોમાં ડૉ. ઍની બેસંટ સાથે શિક્ષણ, રાજનીતિ તથા થીઓસોફીના ક્ષેત્રમાં એ કામ કરતા રહ્યા. ૧૯૧૬ના અરસામાં એમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને ડૉ. બેસંટે સ્થાપેલી હોમરૂલ લીગના સંગઠનમંત્રી બન્યા. એ રાજદ્વારી પ્રવૃત્તિ બદલ ત્રણ માસ સુધી એમને નજરબંદ પણ રહેવું પડેલું.

દીનબંધુ ઍન્ડ્રૂઝ તથા પીઅર્સનની પેઢીના અને કોટિના આ ભારતમિત્ર અંગ્રેજનો જન્મ ઈ ૧૮૭૮ના ડિસેમ્બરની પહેલી તારીખે ઈંગ્લંડના સરે પરગણામાં એક પાદરીને ત્યાં થએલો. એમની મૂળ અટક તો 'ફે' હતી; પણ એમની માસી મિસ ફ્રાન્સિસ્કા એરૂંડેલે એમને દત્તક લેતાં તે એરૂંડેલ થયા. એકવીસ વરસના થયા ત્યાં સુધી વારંવારની માંદગીઓથી એમની તબિયત બહુ દોદળી રહ્યા કરેલી. જર્મની અને ઈટલીમાં શિક્ષણ લઈને ઈ. ૧૮૯૫માં એ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં દાખલ થયા અને ૧૮૯૮માં મૉરલ સાયન્સ તથા કાયદાના ગ્રૅજ્યુએટ થયા. ૧૯૦૩માં ઍની બેસંટના બોલાવ્યા તેમની માસી સાથે તે હિંદ આવ્યા. હિંદે હિંદ-બ્રિટન કૉમનવેલ્થનું એક અંગ બનવું જોઇએ એવી એમની માન્યતા હતી અને એ માન્યતાનો પ્રચાર એમણે 'ન્યૂ ઇન્ડિયા' 'કૉન્શ્યન્સ' વગેરે પત્રો દ્વારા કરવા માંડેલો. હિંદે કરેલી રાજદ્વારી પ્રગતિના પ્રમાણમાં અલબત્ત એમના ખ્યાલો જૂનવાણી હતા, છતાં એ ખ્યાલોને એકનિષ્ઠપણે એ વળગી રહેલા.

હિંદને માટે રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિના એ હિમાયતી હતા અને એ ભાવનાને વ્યક્ત કરવા તેમણે ઈ. ૧૯૧૭માં મદ્રાસમાં રાષ્ટ્રીય વિદ્યાપીઠની સ્થાપના કરી રવીન્દ્રનાથ ટાગોરને તેના કુલપતિપદે સ્થાપ્યા અને પોતે તેના આચાર્ય થયા. એમની શિક્ષણભાવના વ્યાપક હતી; અને શાળાકૉલેજોના અભ્યાસક્રમ સચોટ રીતે શીખવવામાં જ શિક્ષણની ઇતિશ્રી ન માનતાં તેમણે શાળાકૉલેજની ચાર દીવાલની બહાર જઈને એક તરફ યુવક પ્રવૃત્તિઓ આરંભી અને બીજી તરફ ઊગતી પ્રજાના શિક્ષક–સમુદાયને ભાવના અને બુદ્ધિની ઉચ્ચતર કક્ષાએ લઈ જવા માટેના પ્રયત્નો શરૂ કર્યા. સ્કાઉટ–આંદોલન સાથે એમને ઘણો નિકટનો સંબંધ હતો. ઇ. ૧૯૨૦માં પ્રસિદ્ધ હિંદી નૃત્યકાર શ્રીમતી રુક્મિણીદેવીની સાથે એ લગ્નગ્રંથીથી જોડાયા અને ૧૯૨૨માં ઇંદોર રાજ્યના વિદ્યાધિકારી બન્યા. તે પછી તેમણે યુરોપ અને અમેરિકાની યાત્રાઓ કરી. ઑસ્ટ્રેલિયાની થીઓસોફિકલ સોસાએટીના જનરલ સેક્રેટરી તરીકે ત્યાં ગયા અને 'ઍડવાન્સ ઑસ્ટ્રેલિયા' નામના લોકપ્રિય પત્રના તંત્રી થયા. ૧૯૨૮માં એ હિંદની થીઓસોફિકલ સોસાએટીના મહામંત્રી થયા ને ડૉ. બેસંટના અવસાન પછી ૧૯૩૪ની સાલથી એ સંસ્થાના એ અધ્યક્ષ થયા. પૂરની ઝડપથી બદલાતા જતા જમાનાના મતભેદોના પ્રચંડ વંટોળને લીધે એ સંસ્થા પ્રત્યેની લોકલાગણીમાં ઓટ આવ્યા છતાં એમણે ચારચાર દાયકાઓ સુધી પોતાની નિષ્ઠા જ્વલંતપણે ટકાવી રાખીને એ સંસ્થાની ઉન્નતિ અર્થેના પ્રયત્નો જેવા ને તેવા ઉત્સાહથી ચાલુ રાખ્યા હતા.

થીઓસોફિકલ સોસાએટી તેમજ શ્રીમતી ઍની બેસંટનું રાજકારણ એ બેની જ્યારે બોલબાલા હતી, એ જમાનો આજે તો ઘણો જૂનવાણી લાગે છે; પરંતુ ડૉ. એરૂંડેલ જેવાના જાગ્રત આત્માઓએ ભારતની પ્રજા, સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રમાં જે મહાન સેવાઓ કરી છે અને એ રીતે પ્રજોત્થાનના કાર્યમાં જે મહાન ફાળો આપ્યો છે તેને કોઇ પણ હિંદી કૃતઘ્ન થયા વગર વિસરી જ ન શકે.

ગંગા–જમનાનાં નીર

હિંદુઓ ગંગા–જમનાને એકલી નદી તરીકે નથી પૂજતા, પણ તેનાથી અધિક રીતે માતા તરીકે પૂજે છે. ગંગા આર્ય જાતિની માતા ગણાઇ છે. તેની બહેન જમનાને પોતાના ઉછંગમાં શ્રી કૃષ્ણને બાળપણમાં ખેલાડવાનું ભાગ્ય સાંપડ્યું છે.

ગંગાજળ અતિ પવિત્ર મનાય છે. તે લાંબા કાળ સુધી બગડતું નથી હોતું એ એની ખાસ વિશિષ્ટતા છે. ભાવિક હિંદુઓ વર્ષો સુધી ગંગાજળને સંઘરી રાખે છે છતાં યે તે શુદ્ધ અને આગાઉના જેવા જ સ્વાદવાળું રહે છે એ અનુભવની બાબત છે.

ગંગાજળની સર્વ દોષનાશક મહત્તા દર્શાવતું આપણું પ્રાચીન સૂત્ર **औषधं जाह्नवीतोयं** ખૂબ જાણીતું છે આમાં ગંગાજળની વિશુદ્ધતા, સ્વાસ્થ્ય વર્ધકતા ને રોગવિદારકતા વગેરે વિશિષ્ટ ગુણધર્મોનું દર્શન થાય છે. ગંગાજળનો આ પ્રભાવવિશેષ એકલી લોકોક્તિ નથી, પણ વૈજ્ઞાનિક તપાસની ચકાસણીએ ચડી તે સત્યરૂપે પુરવાર થયો છે.

ગંગા અને જમનાનાં જળમાં રોગના જંતુઓનો નાશ કરવાની અજબ શક્તિ સમાએલી છે. આગ્રાના વિજ્ઞાન ખાતાના અધિકારી મિ. હેનકેને બનારસ જઈ જ્યાં શહેરની ગંદકી ઠલવાતી હતી ત્યાંથી ગંગાનું પાણી લઈને સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા તપાસ્યું તો તે કોટયાનકોટિ કીટાણુઓથી ખદબદતું દેખાયું. છ કલાક પછી આ પાણીને ફરીથી તપાસ્યું તો બધાં યે જીવાણુઓ મરી ગએલાં નજરે પડયાં! એક મડદાની બગલમાંથી રોગજનક અગણિત જંતુઓ એકઠા કરી તેમણે નદીના પાણીમાં નાખ્યા તો તે પણ છ કલાકમાં નાશ પામ્યા! આ પ્રયોગ તેમણે બીજા સ્થળના શુદ્ધ જળમાં કર્યો તો તેમાં છ કલાક જેટલા સમયમાં તો એ જંતુઓ અનેકગણા વધી ગયા હતા!

કૅનેડાની મૅકગિલ યુનિવર્સિટીની મૅકડોનલ કૉલેજના જંતુશાસ્ત્ર-વિશારદ પ્રિન્સિપાલ ડૉ. એફ. સી. હૅરિસન 'પાણીમાંના જીવાણુઓ' વિષે લખતાં લખે છે કે 'ગંગા-જમનાનાં પાણીમાં કૉલેરાના જંતુઓ ત્રણથી પાંચ કલાકમાં નાશ પામે છે. આ અજબ ઘટનાનો કોઈ સંતોષકારક ખુલાસો આપી શકાતો નથી. આ નદીઓનાં પાણી ગટરોનાં ગંદાં પાણી, મડદાં તથા હજારો માનવીઓની સ્નાનાદિક ક્રિયાઓથી અશુદ્ધ થએલાં હોય છે, છતાં યે હિંદુ લોકો આ જળ નહાવાપીવામાં વાપરે છે. આ જળ કદિ બગડે જ નહિ અને સદા પવિત્ર રહે છે એવી તેમની માન્યતા છે. આ માન્યતાના સાચાપણાને આધુનિક જંતુશાસ્ત્રવિજ્ઞાનના આધારે સાબિત કરવું જોઇએ. આશ્ચર્યની વાત તો એ છે કે યમુનાના પાણીને ઉકાળવાથી તેની જંતુ નાશ કરવાની શક્તિ નાશ પામે છે. વળી આ નદીઓ પાસેના કુવાઓનાં પાણી એવાં હોય છે કે જેમાં કૉલેરાના જંતુઓની સંખ્યા વધી જાય છે.

વિખ્યાત ફ્રેન્ચ ડૉ. ડી. હૅરેલેએ ગંગાજળની રહસ્યમય શક્તિઓ વિષે તપાસ હાથ ધરી છે. તેઓ લખે છે કે 'મરડા ને કૉલેરાથી મરેલાં માનવીઓનાં નદીમાં તણાતાં મુડદાં જોયાં. આવાં મુડદાંઓની થોડા ફૂટ નીચે સંખ્યાબંધ રોગજનક જંતુઓ હોવાં જોઇએ; પણ ત્યાં એક પણ જંતુ જોવામાં ના આવ્યું.' આ પછી ડૉકટરે દરદીઓના મળમાંથી જીવાણુઓ એકઠા કરી કેળવ્યા. પછી તેમને ગંગાજળમાં રાખ્યા. આ બાદ તેમણે સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા જંતુઓ જોયાં તો તેમના અગાધ આશ્ચર્ય સાથે તેમનો સંપૂર્ણ નાશ થએલો નિહાળ્યો!

જીવનનો છેલ્લો શ્વાસ લેતા માનવીની મોક્ષગતિ થાય તે માન્યતાથી તેના કંઠમાં ગંગાજળ રેડવાનો રિવાજ આપણે ત્યાં પ્રચલિત છે. માનવીના મરણ બાદ રોગોત્પાદક જંતુઓ વાતાવરણમાં પ્રસરી અન્ય જનો ઉપર આક્રમણ ના કરે પણ તેમનો રોગીના દેહમાં જ નાશ થાય એ હેતુથી આપણા પ્રાચીન વૈજ્ઞાનિકોએ મરતા માનવીને ગંગાજળ પાવાનો રિવાજ પ્રચલિત કર્યો હોય એમ કેમ ના મનાય?

ગંગાજળ લાંબા વખત સુધી નિર્મળ અને શુદ્ધ રહે છે તે વિષે લખતાં ડૉ. સી. ઇ. નેલસન કહે છે કે 'કલકત્તાથી લંડન જતી સ્ટીમરો હુગલી નદી (કે જે ગંગા નદીનું ગંદા પાણીવાળું મુખ છે તે)માંથી પાણી ભરે છે, તે ઇંગ્લંડ જતાં સુધી તાજું રહે છે; જ્યારે લંડનથી મુંબઇ આવતી આગબોટમાં લંડનથી લીધેલું પાણી બગડી જવાથી રસ્તામાં પોર્ટ સૈયદ, સુએઝ કે એડનથી ફરી ભરવું પડે છે.'

પરાપૂર્વથી આપણે ગંગાજમનાને પવિત્ર, પતિતપાવની અને પુણ્યસલિલા માનતા આવ્યા છીએ. પશ્ચિમના ધુરંધર વૈજ્ઞાનિકો પણ આ નદીઓનાં જળની વિશુદ્ધતા, જંતુનાશકતા ને લાંબા સમય પર્યંત તાજા અને નિર્મળ રહેવાના વિશિષ્ટ ગુણધર્મો માટે આશ્ચર્યસહ પ્રસંશા કરે છે. આ આપણા માટે ગૌરવ લેવા જેવી બીના છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પોરબંદરનો પથ્થર

હિંદુસ્તાનમાં શિલ્પ-સ્થાપત્યની કીર્તિ તેના શિલ્પીઓ અને કારીગરોને જેટલી આભારી છે, તેટલી જ આભારી હિંદુસ્તાન જે તરેહવાર જાતના પથ્થરની ખાણો ધરાવે છે તેને પણ આભારી છે. સાંચીના બૌદ્ધ સ્તૂપોથી માંડીને આજ સુધીનાં હિંદનાં મકાનોનાં શિલ્પની ખીલવણીમાં બાંધકામ માટે જોઈતા તરેહતરેહના પથ્થરની વિપુલતાનો પણ હિસ્સો છે તે વિષે શંકાને સ્થાન નથી.

અકબરે બાંધેલા ફતેહપુર-સિક્રીમાં ભાનરેરનો લાલ પથ્થર વપરાયો હતો. જાણીતો તાજમહાલ મુખ્યત્વે મકરાણાના સફેદ આરસનો બાંધવામાં આવ્યો છે, તોપણ તેમાં જેસલમીરના પીળા આરસનું, સાંભરના રંગબેરંગી અકીકિયા પથ્થરનું, વિંધ્યાચળના કાળા આરસનું, મોરથૂથી રંગના જયપુરી પથ્થરનું, દક્ષિણ તથા ગ્વાલિયરની ખાણોના લાલ આરસનું કામ પણ વચ્ચેવચ્ચે કરવામાં આવેલું છે. આ ઉપરથી જોઈ શકાશે કે ઘણી જાતોના પથ્થરની ખાણો હિંદમાં આવેલી છે.

હિંદના ભૂસ્તરના ત્રણ મોટા વિભાગોને અનુસરી હિંદના ભૂતળના જુદાજુદા વિભાગો પડે છે. આ ત્રણ વિભાગો મકાનોનાં બાંધકામ તથા કારીગરી માટે જ પથ્થરો પૂરા પાડે છે તેમની વચ્ચે વિશાળ અંતર રહેલું છે. હિંદના દક્ષિણ ભાગમાં જ્વાળામુખી પહાડનો હોય એવો કાળો પથ્થર મોટે ભાગે વપરાય છે, મધ્ય ભાગમાં વિંધ્ય પર્વતની તરેહનો સફેદ-ભૂખરો પથ્થર વપરાય છે, ઉત્તરમાં ઊંચી જાતની માટીની વિપુલતા હોઇ મુખ્યત્વે મકાનો માટે ઇંટો વપરાય છે.

હિંદમાં મકાનોનાં બાંધકામ માટે જોઇતી વસ્તુઓની આટલી વિપુલતા હોવા છતાં તેમને જોઇતી વસ્તુઓ પરદેશથી પણ મંગાવાય છે એ નાનુંસૂનું આશ્ચર્ય નથી. ઘણાં વર્ષો સુધી ઈટાલીના આરસ અને ઍબરડીન તથા પીટરહેડના પૉલિશ કરેલા ગ્રેનાઇટ પથ્થરો ઓરડાઓમાં જડવા માટે મંગાવવામાં આવતા હતા. આ હિંદના પથ્થર કરતાં ચડિયાતા નહોતા, પરંતુ વધારે સસ્તા અને કોઇ પણ આકારમાં કાપવા માટે વધુ સગવડભર્યા હતા તેથી જ તેની આયાત થતી હતી.

હિંદે પોતાને ત્યાંની બાંધકામની વસ્તુઓનો પૂરતો ઉપયોગ કર્યો નથી એમ સામાન્ય રીતે કહેવાય છે, પરન્તુ પોરબંદરના પથ્થરના સંબંધમાં તેવું નથી. સફેદ ચૂનાવાળો આ પથ્થર લગભગ આખા પોરબંદર રાજ્યમાંથી મળી શકે છે, પરંતુ હાલ તો બરડા પહાડમાં આદિત્યાણા ખાતેની ખાણોમાંથી જ તે કાઢવામાં આવે છે. માઇલોના માઇલો સુધી આ ખાણો પથરાએલી છે અને તેમાંથી નીકળેલો પથ્થર મુંબઈ, કરાંચી, મદ્રાસ અને કલકત્તા જેવાં દૂરનાં તથા નજીકનાં હિંદભરનાં નગરોનાં મહેલો, મંદિરો તથા જાહેર મકાનોમાં વપરાયો છે. હિંદમાં જ નહિ પણ રંગૂન, કોલંબો ને આફ્રિકાના જુદાજુદા ભાગોમાં પણ એ જઈ પહોંચ્યો છે.

સોએક વર્ષથી પોરબંદરની ખાણોમાંથી પથ્થર કાઢવામાં આવે છે, પરંતુ એ ખાણો ખૂટતી હોય એવું એક પણ ચિહ્ન જોવામાં આવ્યું નથી. આથી પોરબંદર રાજ્યમાં તો દરેક નાનુંમોટું મકાન એ પથ્થરનું જ બંધાય છે. ગરીબો પણ એ પથ્થરનાં બાંધેલાં મકાનોમાં જ રહે છે. પથ્થર વહેરવામાં, ઘડવામાં અને બેસાડવામાં ત્યાં-

ના કડિયા–કારીગરો વર્ષોના અનુભવથી નિષ્ણાત બની ગયા છે. આ પથ્થરો બેસાડવામાં બહુ ચૂનો પણ વાપરવો પડતો નથી. એમ કહેવાય છે કે નવા બાંધેલા મકાન ઉપર એક વરસાદ પડી જાય એટલે પછી પથ્થરોની સાંધો એવી તો જામી જાય છે કે આખું મકાન જાણે એક પથ્થરનું જ બાંધેલું હોય એવું મજબૂત બની જાય છે.

અત્યારે સીમેન્ટનાં મકાનો બાંધવાનો પવન ખૂબ વાઈ રહ્યો છે છતાં પોરબંદરના પથ્થરનું મૂલ્યાંકન ઘટી જાય એમ લાગતું નથી, કારણ કે એ પથ્થર અનેક પ્રકારે ઉપયોગમાં આવે છે. એ પથ્થરનો ચૂનો બને છે. તેની સાથે જોઇતી માટીનું મિશ્રણ કરીને તેને પકવી સીમેન્ટ બનાવી શકાય છે. તે ઉપરાંત કાચ, સાબુ, અને સિલિકેટ ઉદ્યોગોમાં તેનો રસાયનિક પદ્ધતિએ ઉપયોગ થઇ શકે છે. કાચું પોલાદ તૈયાર કરવા માટે પણ તે ઉપયોગમાં લેવાય છે.

આ ખાણોમાં કામ કરનારા માણસોને જરા યે ચિંતા હોતી નથી. પથ્થરની ખાણમાં ઊંચી ધાર પર ચડીને તેઓ ટાંકણું અને હથોડો વાપરી પોતાનું કામ કરતા હોય છે. પથ્થરની રગ પારખીને બરાબર ઠેકાણાસર બે-ત્રણ ઘા કરતાંની સાથે તેઓ પથ્થરની મોટી પાટને છૂટી કરી નાખે છે. આવી પાટને બહાર કાઢી વહેરીને તેનાં જોઈએ તેવડાં ચોસલાં, લાદી કે કકડા કરી શકાય છે. લાકડાની પેઠે આ પોચા પથ્થરને વહેરી શકાય છે એ તેની સૌથી મોટી વિશેષતા છે. (પ્રજાબંધુ) —એચ. આર. સ્ટિમસન

જંતુભક્ષકો–બૅક્ટેરિયોફેજ

રોગોત્પાદક જંતુઓ Bacteria (ઉદ્‌ભિજ્જાણુઓ)થી આપણને કેટલાક પ્રકારની માંદગી આવે છે એ જાણીતી બીના છે. આપણાં આંતરડાંમાં આશરે ૧૨૦ જાતના જંતુઓ પેદા થતા હોય છે. આમાંથી ત્રીસ જાતના જંતુઓ કૉલેરા, ટાઇફૉઈડ, મરડો, ઝાડા વગેરે ભયાનક રોગો પેદા કરનાર હોય છે.

પણ કુદરત ઘણી માયાળુ છે. જ્યારે આવા રોગોત્પાદક જંતુઓ આપણા દેહમાં ફાલતા હોય છે ત્યારે સાથોસાથ, દેહનું રક્ષણ કરનારા કેટલાક જીવાણુઓ (organisms) પણ પેદા થતા હોય છે. તે સૂક્ષ્મદર્શક યંત્ર વતી પણ ના દેખી શકાય એટલા બારીક હોય છે. આ જીવાણુઓ રોગોત્પાદક જંતુઓનું ભક્ષણ કરી, રોગમય દશાને સુધારતા હોય છે. તેમને બૅક્ટેરિયોફેજ યાને જંતુભક્ષકોના નામથી ઓળખવામાં આવે છે. આ જંતુભક્ષકો રોગોત્પાદક જંતુઓનો નાશ કરવા જેટલા શક્તિવંતા હોય તો રોગ થતો નથી; અને રોગગ્રસ્ત માનવીમાં એવા જંતુભક્ષકો વધે તો તે ઝટપટ સાજો થાય છે. પણ જો જંતુભક્ષકો ઉત્પન્ન જ ન થાય અગર તો અશક્ત કે નબળાં હોય તો દરદી મૃત્યુ પામે છે અગર તેનો રોગ લંબાય છે.

જંતુભક્ષકોનું કાર્ય બે રીતે થાય છે. રોગજનક જંતુઓનો નાશ કરીને ને બીજું જંતુવિલાયન દ્વારા માણસને રોગસહિષ્ણુ બનાવીને.

જ્યારે ચેપી રોગનો ઉપદ્રવ વ્યાપ્યો હોય ત્યારે શરૂઆતમાં દરદીઓનાં આંતરડામાં ઓછા જંતુભક્ષકો ઉત્પન્ન થતા હોય છે. આવા દરદીઓનાં મળમૂત્રથી ખરડાએલાં કપડાં જલાશયોમાં ધોવાથી કે દરદીઓની સ્નાનાદિક ક્રિયાથી, તેમના દેહમાં ઉત્પન્ન થયેલાં જંતુભક્ષકો જલાશયોમાં પ્રસરે છે. આવા પાણીનો આગળનો વપરાશ કરતાં તેમના દેહમાં પ્રબળ જંતુભક્ષકો પેદા થતાં રહે છે આથી નરવા માણસો ઉપર રોગોત્પાદક જંતુઓનો હુમલો ન થતાં તેમની શક્તિ નાશ પામવા માંડે છે અને ક્રમશઃ ઉપદ્રવ અંકુશમાં આવી જાય છે.

આ રીતે જલાશયો દ્વારા જંતુભક્ષકોનું સંખ્યાબળ વધે છે ને ઉપદ્રવ અદૃશ્ય થાય છે. અજ્ઞાનના આધારે વિચાર કરતાં હિંદુઓ પરાપૂર્વથી નદીઓને પુણ્યસલિલા, પાપમોચિની ને પવિત્ર માનતા આવ્યા છે તેનું કારણ સમજી શકાય છે. વળી આપણાં ઘરોમાં અવારનવાર છાણથી લીંપવાની પ્રથા વૈજ્ઞાનિક અને સહેતુક લાગે છે. ગાયના છાણથી ઘરની જમીન લીંપવાથી તેમાંના જંતુભક્ષકોનું ઘરમાં સાર્વત્રિક પ્રસરણ થાય છે ને કેટલાક રોગોના આક્રમણમાંથી આપણને રક્ષણ મળે છે. જીવનનો છેલ્લો શ્વાસ લેતા માનવીને ગાયના તાજા છાણથી લીંપેલા ચોકામાં સુવાડવાનો રિવાજ પ્રાચીનકાળથી હિંદુઓમાં પ્રચલિત છે એની પાછળ પણ બૅક્ટેરિયોફેજનું વિજ્ઞાન જ રહેલું છે.

આ જંતુભક્ષકોની શોધ ઇ. ૧૯૧૭માં ફ્રેન્ચ દાક્તર દ'હરેલેએ કરી. તેણે મરડાથી પીડાતા દરદીના ઝાડાને જંતુવિહીન વિશુદ્ધ બનાવી, તેમાં મરડાનો રોગ ઉપજાવનાર જંતુઓ નાખ્યા. તરત જ તેણે મરડાના જંતુઓનું વિલયન થતું નિહાળ્યું. તપાસ કરતાં આ સ્થિતિને જંતુભક્ષક જંતુઓનું કાર્ય લેખવામાં આવ્યું. છેલ્લા દાયકામાં (૧૯૩૫માં) આ વિષય ઉપર ખૂબ શોધખોળો અને પ્રયોગો તથા અખતરાઓ કરવામાં આવ્યા છે ને આજે તો કૉલેરા, ટાઇફૉઈડ તથા મરડા જેવા ચેપી રોગોના ઉપચારમાં જંતુભક્ષકોનું દ્રાવણ યાને બૅક્ટેરીઓફેજ સફળતાપૂર્વક આપવામાં આવે છે.

રોગથી પીડાતા દરદીના ઝાડામાંથી જ તે રોગના બૅક્ટેરિયોફેજ તૈયાર કરવામાં આવે છે અને તેમનું વિશુદ્ધ દ્રાવણ ટ્યૂબોમાં ભરવામાં આવે છે. ઉપર જણાવેલા રોગોમાં દવા તરીકે વિશિષ્ટ રોગોના બૅક્ટેરિયોફેજ અકસીર ઈલાજ તરીકે વાપરવામાં આવે છે.

આ ઉપરાંત બૅક્ટેરિયોફેજનો ઉપયોગ ચેપી રોગના ઉપદ્રવને અટકાવવાના પગલા તરીકે પણ કરવામાં આવે છે. આસામના પબ્લિક હેલ્થ ડિરેક્ટર મૉરિસનને કૉલેરા જેવા ઉપદ્રવ વખતે કૉલેરાના બૅક્ટેરિયોફેજ પીવાના પાણીમાં નાખી રોગને અંકુશમાં લેવાની સફળતા મળી છે. વળી રોગચાળો ચાલતો હોય ત્યારે તે રોગના બૅક્ટેરિયોફેજનું સેવન કરવાથી વ્યક્તિને તે રોગ લાગુ નથી પડતો એવું પણ પુરવાર થયું છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ખેલદિલી

મુંબઈમાં ૧૦૦ કીલોમીટરની સાઈકલિંગની એક હરીફાઇ હતી, જેમાં ઓગણીસ વર્ષના કેફી પ્રિન્ટર નામના એક હરીફે રસાકસીભરી ચાલુ હરીફાઇમાં પોતાની સાઈકલ સીડની કોર્ડર નામના બીજા હરીફને આપી અને સીડની એ હરીફાઇમાં પહેલો આવ્યો એટલું જ નહિ પણ તેણે નવી રેકર્ડ સ્થાપી. આ બનાવમાં એ ખેલદિલ યુવાને જે ભોગ આપ્યો છે તે નોંધપાત્ર છે.

આ હરીફાઇમાં કુલ ૧૪ હરીફ હતા. અરધું અંતર થયું ત્યાં સુધી તો હરીફાઇમાં ખાસ ઝમક નહોતી, પણ ત્યાર પછી પુના વ્હીલર્સવાળા અને ૧૯૪૩ તથા ૧૯૪૪માં પ્રથમ આવેલા સીડની કોર્ડર આગળ નીકળ્યા હતા અને તેની તરત જ પાછળ મુંબાઇ સાઇકલિંગ કલબના કેફી પ્રિન્ટર હતા.

હરીફાઈ પૂરી કરવાને ફક્ત પાંચ કે છ જ માઈલ બાકી હતા અને પ્રિન્ટર તથા કોર્ડર બન્ને જણા લગભગ બીજા હરીફો કરતાં આઠેક માઈલ આગળ હતા એવામાં એ બન્નેની સાઈકલો અથડાઈ, જેને પરિણામે કોર્ડરની સાઈકલ બેસાય એવી જ રહી નહિ ! પણ પ્રિન્ટરે તરત જ પોતાની સાઈકલ કોર્ડરને આપી અને બાકીનું અંતર ઝડપથી કાપી નાખી સમયનો રેકર્ડ કરવા કહ્યુ કોર્ડર આ સાંભળી પહેલાં તો આભો જ બની ગયો ! પણ જ્યારે પ્રિન્ટરે ખૂબ આગ્રહ કર્યો ત્યારે પ્રિન્ટરની સાઈકલ લઇ પોતે બાકીનું અંતર કાપી નાખ્યું. પણ જતાં જતાં બાજુ પર ઊભેલા મોટરસાઈકલવાળા અધિકારીને

કહ્યું કે પાછળ આવતી લૉરીમાંથી પ્રિન્ટર માટે એક સાઇકલ તાકીદે મંગાવો. પરંતુ પ્રિન્ટરે તો આ રીતે પોતે ભોગ આપી પોતાના કરતાં ઉચ્ચતર કોટિના હરીફને પૂરતી તક આપી. (ગુ. સમાચાર)

સૌન્દર્યરાણી ગુજરાતણ

ગુજરાતી છું એટલે નહિ, પણ હિંદના અગુજરાતી પ્રાંતોમાં ઘણો કાળ વસ્યો છું ને ભમ્યો છું એટલે, એક સંસ્કારવાંછુ તરીકે કહી શકું છું કે ભારતભરમાં ગુજરાતણ સમી મસ્તી નારીછબિ ભાગ્યે જ જોવા મળશે. ફૂલવેલ સમી, સાગના સોટા જેવી, નાજુકતાની તસ્વીર સમી, સંસ્કારવંતી, માધુર્ય ઝરતી ગુજરાતણ કેવળ પોતાના દેહને જ શણગારીને—સ્વચ્છ રાખીને શાન્તિ અનુભવતી નથી. ગુજરાતણ તો કવિતા સમી છે. એના પદેપદે નવાનવા ભાવ અને લાલિત્ય છે. એ ભાવ ને એ લાલિત્ય એ ગૃહજીવનની અનેકવિધ ક્રિયાઓમાં વ્યક્ત કરે છે એના આંગણામાં, ફૂલક્યારામાં, દેવમંદિરમાં, રસોઇગૃહમાં, એની છાજલીમાં, એની માંડમાં, એના ઓળીપામાં, ગુજરાતણના જીવનકાવ્યની સૂરાવલિઓ સદા ગુંજતી જ હોય છે.

કહેવાય છે કે યુરોપની સુંદરીઓને શણગારના, સૌંદર્યના ને શોભાના પાઠ ફ્રાંસની કામિનીઓ પાસે શીખવા જવા પડતા. કાલે –કદાચ જાળવી જાણ્યું તો–ગુજરાતણોને આંગણે આર્યાવર્તની ઉર્વશીઓ ને ચિત્રલેખાઓ સૌંદર્ય-શણગારના પાઠ ભણવા આવે તો નવાઇ નહિ. એ આદર્શ ગુજરાતણની શૃંગાર-છબિનું દર્શન તો કરો: પાનીઢક કેશકલાપ, વાંકો સેંથો, ભરાવદાર અંબોડો, લટેલટે ફૂલ કે મોતી, અંબોડે ચંદ્ર જેવો ચાક, ભાલ પ્રદેશમાં પૂર્ણ ચંદ્ર જેવો ચાંદલો, હાથે કલરવ કરતાં ભાતભાતનાં નકશીભર્યાં વલયો, ઘાટીલી આંગળીમાં નાનીશી મુદ્રિકા, આંખમાં છલબલતું આંજણ, દેહ પર વસંતરંગી કમખો, સૂડા મોર કે ફૂલબુટ્ટીવાળો કે સૂતની ઘેરનો કળામય ચણિયો અને ઉપર આસમાની સાળુ. સદા નિર્મળ હાસ્ય કરતી, લજ્જાના બંધનને પોતાના અંગભંગથી સૌન્દર્યમય બનાવતી, ફૂલવાદળી શી ગુજરાતણ કોઈ કવિના કાવ્ય જેવી ચિતારાના ચિત્ર જેવી નયનાનંદ છે.

એને ગરબે રમતી નિહાળવી, હિંડોળે ઝૂલતી જોવી, પનઘટ પર પાણીની હેલે યૌવન હિલોળતી જોવી, ઘંટીએ અને પારણીએ એની કંઠમાધુરી પરખવી, લગ્ને લહેરાં લેતી જોવી, રસથી સભર કો કવિના કાવ્ય કરતાં યે વધુ આહ્લાદક છે. દીવાલો પરના એના ચાકળા, ડામચિયાના ચંદરવા, દ્વાર પરના નકશીભર્યા પડદા, એની મોતીગૂંથી ઇંઢોણી, એના ગાદી તકિયા, એનાં ગાલમસૂરિયાં, એનો ચોફાળ અને ચેલણ, ભાતભાતનાં કલામય ભરતકામથી છાએલાં છે.

કોઈ એમ ન સમજે કે આ નારી હૃદયોને સંસારનાં સદા ગીત જ ગાવાનાં હશે. એના પદેપદે વાસ્તવ જીવનના તીક્ષ્ણ કંટકો પણ વેરાએલા છે; પણ ફૂલવાદળી શી આ નારી એ કાંટાઓમાંથી પણ ગુલાબ ગોતવાની ગમ જાણતી હોય છે.

(શૃંગારિકા) —જયભિખ્ખુ

ફરતી ગમ્મતગાડી

આપણે ત્યાં જેમ ગાડીઓમાં ચીજોના ડબ્બા જોડેલા હોય છે તેમ અમેરિકામાં ફરતા સીનેમા અને નૃત્યગૃહોના ડબ્બાઓ જોડવામાં આવે છે. પણ યુદ્ધાંત પુનર્રચનાની યોજનાઓ વિચારતા રેલ્વે એન્જીનીઅરો હવે પછી પહેલવહેલી સગવડ થયે ફરતાં બાલગૃહો—ગમ્મતગાડી–ના ડબ્બાઓ પણ ટ્રેઈન સાથે જોડવાની યોજના વિચારી રહ્યા છે. એમાં સીનેમા, પિયાનો, રમકડાં ને બીજી એવી નાનાવિધ વસ્તુઓનું સુંદર આયોજન કરેલું હશે કે જેથી મુસાફરી કરતાં ભૂલકાંઓ પોતાની સફર યાદગાર રહી જાય તેવું જોઈ ને જાણી શકશે.

આ માસ (ડિસેમ્બર) ઈતિહાસમાં

તા. ૪ હિંદમાં સતી થવાનો રિવાજ કાયદાથી બંધ થયો, ૧૮૨૯.
તા. ૬ ફિન્લૅન્ડે પોતાનું સ્વાતંત્ર્ય જાહેર કર્યું. ૧૯૧૭
તા. ૧૦ આઠમા એડવર્ડે સામ્રાજ્યની ગાદીનો ત્યાગ કર્યો, ૧૯૩૬.
તા. ૧૨ માર્કોનીનો આટલાંટિક પારનો પહેલો વાયુસંદેશ, ૧૯૦૧.
તા. ૧૬ શોધસફરી આમુન્ડસેને દક્ષિણ ધ્રુવ સર કર્યો, ૧૯૧૧.
તા. ૧૮ સુએઝની નહેર વ્યવહાર માટે ખુલ્લી મુકાઇ, ૧૮૬૯.
તા. ૨૨ કવિવર ટાગોરની વિદ્યાપીઠ 'વિશ્વભારતી'ની સ્થાપના, ૧૯૨૧.
તા. ૨૫ ગુરુત્વાકર્ષણનો શોધક સર આઇઝૅક ન્યૂટન જન્મ્યો, ૧૬૪૨.
તા. ૨૮ મુંબાઈમાં કૉંગ્રેસનું પહેલું અધિવેશન. ૧૮૮૫
તા. ૨૯ ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુનશીનો જન્મ. ૧૮૮૭.
તા. ૩૧ ઈસ્ટઈંડિયા કંપનીને રાણી ઇલીઝાબેથે પૂર્વમાં વેપાર કરવાનો પહેલવહેલો પટો લખી આપ્યો, ૧૬૦૦.

આ માસની વ્યક્તિવિશેષ

પંડિત મદનમોહન માલવીય



પોતાની અભિજાત રાજકીય અને સાંસ્કારિક સેવાઓ વડે 'ભારતભૂષણ'નું બિરુદ પામનાર આપણા વયોવૃદ્ધ સંસ્કારમૂર્તિ અને રાજકીય અગ્રણી મહામના પંડિત મદનમોહન માલવીયજીનો જન્મ ઇ. ૧૮૬૧ની ૨૫મી ડિસેમ્બરે અલ્લાહાબાદમાં, મૂળ માળવામાંથી ઊતરી આવેલા વિદ્વાન બ્રાહ્મણ કુટુંબમાં પંડિત બ્રજનાથને ત્યાં થયો. પ્રથમ સંસ્કૃત પાઠશાળાઓમાં, પછી જિલ્લા સ્કૂલમાં ને છેવટે મૂર કૉલેજમાં શિક્ષણ લઈ ૧૮૮૪માં એ ગ્રૅજ્યુએટ થયા અને ૫૦ રૂપિયાના પગારે સરકારી શાળામાં શિક્ષક થયા. ૧૮૮૭માં રૂપિયા ૨૦૦ના પગારે 'હિંદુસ્તાન'ના ને તે પછી 'ઇન્ડિયન યુનિયન'ના તંત્રી થયા. દરમ્યાન કાયદાનો અભ્યાસ કરતા જઈ એલ્એલ્. બી. થઇ ૧૮૯૧માં હાઇકોર્ટમાં વકીલાત માંડી જેમાં પ્રખર ધારાશાસ્ત્રી તરીકે એમણે નામ કાઢ્યું. પણ એમનો આત્મા એ ધંધામાં બેઠો નહિ. દરમ્યાન, ઘાતક નવા વિચારોના આક્રમણ સામે હિંદની સંસ્કારિતાને રક્ષવા એમણે 'અભ્યુદય' નામનું અઠવાડિક કાઢ્યું અને રાજકીય તથા સાર્વત્રિક અવાજ રજૂ કરતા આજના વિખ્યાત અંગ્રેજી દૈનિક 'લીડર'ની સ્થાપના કરી. ઇ ૧૮૮૬માં તેઓ કૉંગ્રેસમાં જોડાયા. એ જ વર્ષની બેઠકમાં એમના તેજસ્વી ભાષણે સૌનું ધ્યાન ખેંચ્યું. ઇ. ૧૯૦૯ની બેઠકમાં તે ૪૮ વરસની વયે પ્રમુખ થયા, અને ત્યારથી આજ સાઠ વર્ષથી તેઓ માનનીય દેશનેતા તરીકે લેખાતા આવ્યા છે અને કૉંગ્રેસની રાજકીય લડતોમાં મધ્યસ્થ ધારાસભાના સભ્યપદથી માંડીને તે જેલ જવા સુધીની સઘળી સેવાઓ આપી છે. 'સ્વદેશી'ના પુરસ્કર્તા તો છેક ૧૮૯૧માં 'દેશી તિજારત' કંપની સ્થાપવામાં એ અગ્રણી થયા ત્યારના એ છે. અલ્લાહાબાદની અનેક મુખ્ય સ્થાનિક સંસ્થાઓ ઉપરાંત આદર્શ હિંદુત્વ ફરીથી ધબકતું કરવાના એમના જીવનસ્વપ્નની સિદ્ધિ અર્થે એમણે સનાતન ધર્મ મહાસભા સ્થાપી. પણ એમના જીવનકાર્યનો કીર્તિસ્તંભ તો કાશીનું ભારતીય વિશ્વવિદ્યાલય—બનારસ હિંદુ યુનિવર્સિટી. ચુસ્ત સનાતની હોવા છતાં અસ્પૃશ્યતાનિવારણમાં માનનાર એ મહામના માનવતામૂર્તિ આજ ૮૫ વર્ષે પણ આપણા દેશને આશીર્વાદ આપતા હમણાં ફરી કૉંગ્રેસમાં જોડાયા એ આપણું સદ્ભાગ્ય છે.

તેગ અને તેખાર રહે વપરાશે તાજાંતાજાં
જેમ વાપરો તેમ ચઢે તેના પર પાણી ઝાઝાં

ગણુપતલાલ ભાવસાર

વિખ્યાત સ્પૅનિશ કલાકાર પિકાસો પારીસમાં નાઝીઓને હાથ સપડાયો ત્યારે એક ચોકિયાત અમલદારે તેને પૂછ્યું, 'તું જ પેલો નાઝીવિરોધી ચિત્રકાર ને ?

'હા.' પિકાસોએ શાંતિથી જવાબ દીધો. પેલા અમલદારે તરત 'ગેર્નિકા' નામના પિકાસોના વિખ્યાત ચિત્રની છાપ તેની સામે ધરી જેમાં, સ્પૅનિશ આંતરવિગ્રહ વખતે નાઝીવિમાનોએ વાળેલા સત્યાનાશનું આલેખન હતું. અને પૂછ્યું 'આ તેં નથી કર્યું ?'

'ના જી;' જવાબ મળ્યો, 'એ આપે કર્યું છે!'

અનેકાર્થી શબ્દ : **ઘૂઘરો**=ધાતુ કે લાકડા વગેરેના પોલા ગોળામાં કાંકરા જેવી વસ્તુ ભરીને કરેલું રમકડું; એક મિઠાઈ; ઘૂઘરીઓનો ઝુમખો; દાળ પાડવા માટે પલાળીને સૂકવેલું કઠોળ; ચૂનો બનાવવા માટે પકવેલા મરડિયા.

કહેવતનો ફેર પડી : 'વાણિયા મૂછ નીચી, તો કે' સાડી સાત વાર નીચી ' પોતાની સામેના ઘરમાં રહેતા વાણિયાને રોજ સવારે દાતણ કરી, મોં ધોઈ, મૂછો આમળીને ઊંચી ચડાવતો જોઈ એક પઠાણે એંટથી તેને આવી બેઅદબી કરવા માટે ધમકાવ્યો. વાણિયાએ સ્વમાનથી તેનો વિરોધ કરતાં પઠાણે લડવાનું આવાહન આપ્યું તે વાણિયાએ ઝીલી લીધું, ને રોજ પાડોશમાં ગપ્પાં ચલાવવા માંડ્યાં કે આજ મેં આટલા આરબ ભાડે રાખ્યા છે, ને આજ મેં આટલા મકરાણી તેડાવ્યા છે. પઠાણે તે સામે સાચેસાચ માણસો ભાડે રાખતા જઈ પોતાનું દળ વધારવા માંડ્યું. તેનું ખર્ચ છેવટે એટલું વધી ગયું કે તેનાં ઘરબાર વેચાઈ ગયાં. અંતે જ્યારે પઠાણે અકળાઈને લડાઈની માગણી કરી ત્યારે વાણિયો લટપટ કરતો નમી પડ્યો કે 'તમારા જેવા મોટા સરદાર સામે લડવાનું મારું શું ગજું ?' આથી ફુલાઈ પઠાણે કહ્યું કે 'તો પછી તારી મૂછ નીચી કરી દે.' વાણિયાએ કહ્યું, 'એક વાર નહિ, સાડી સાત વાર નીચી.' એમ કહીને મૂછ નીચી કરી નાખી અને પઠાણ ભૂખ ભેગો થઇ ગયો. બીજાઓની ઇર્ષા કરી ખોટી એંટ રાખનારને પાઠ શીખવવાના ચાતુર્ય માટેની આ કહેવત, વખત વર્તીને નમ્રતા ધારણ કરી પોતાનું કામ કાઢી લેવાના વ્યવહારચાતુર્ય માટે પણ વપરાય છે.



ગુપ્ત વંશના સાડા ત્રણસો વર્ષના રાજ્યકાળના સિક્કાઓ બધા મોટે ભાગે સોનાના જ હતા ને પ્રતીકોનાં રૂપોની વિવિધતા તથા મૌલિકતાની દૃષ્ટિએ તેમણે હિંદી સિક્કામાં નોખી જ ભાત પાડી છે. સમુદ્રગુપ્તનો પુત્ર ચન્દ્રગુપ્ત બીજો 'વિક્રમાદિત્ય' તેના પિતાના જેટલો જ પ્રતાપી થયો અને પિતાના સામ્રાજ્યને તેણે વિશેષ વિસ્તાર્યું તેના રાજ્યકાળના વિવિધ સિક્કાઓમાં અશ્વારૂઢી, સિંહવિક્રમી, છત્રધર, બાણાવલિ વગેરે અનેક પ્રકારની છાપમાંથી છેલ્લા પ્રકારનો નમૂનો ઉપર આપ્યો છે. તેમાં એક બાજુએ રાજા ભાથામાંથી બાણ કાઢતો દર્શાવ્યો છે. એના જમણા હાથ આગળ સમુદ્રગુપ્તના સિક્કાઓના જેવો ગરુડધ્વજ છે, જેમાં ધ્વજદંડના મથાળે બેઠેલા ગરુડનું આલેખન છે. ડાબા હાથ નીચે 'ચન્દ્ર' એવો શબ્દ ને ગોળાકારે 'દેવશ્રી મહારાજાધિરાજ શ્રી ચન્દ્રગુપ્ત' એમ લખેલું છે. પાછલી બાજુ કમલારૂઢ લક્ષ્મી છે જેના ડાબા હાથમાં કમળ ને જમણા હાથમાં પાશ છે.

ગણિત ગમ્મત : કોઈપણ બે સંખ્યા લો. તેમના વર્ગોનો સરવાળો કરો. તેમાં તે જ બે સંખ્યાના ગુણાકારના બમણા કરી ઉમેરો. પછી જે આવે તેનું વર્ગમૂળ કાઢશો તો તમે લીધેલી જ બે સંખ્યાનો સરવાળો આવી રહેશે ઉદાહરણ: ૩ અને ૫; ૯+૨૫+(૫×૩×૨)=૬૪. તેનું વર્ગમૂળ ૮ એટલે ૩+૫.

—મ. ના. બત્રી

માર્ગમાં કશા પણ વળાંક વિના સીધેસીધી ૩૩૦ માઇલ દોડ્યે જતી ટ્રાન્સ ઑસ્ટ્રેલિયન રેલવે જગતમાં એ પ્રકારની લાંબામાં લાંબી રેલવે છે. ઑસ્ટ્રેલિયાના નરબાર મેદાનમાં થઇને જતી એ રેલના માર્ગમાં કશાં મામગામડાં, ખાઇટેકરા કે ઝાડપાન સુદ્ધાં નથી આવતાં. સૂકા સપાટ મેદાન પર દોડી જાય છે. અને એ મેદાન પણ એવું બળઝળવું છે કે ગમે તેટલો વરસાદ પડે તો પણ સઘળા પાણીને વાદળીની માફક શોષી લે છે!



જે ગ્લાસ કે વાસણમાં પ્રવાહી રેડવા માટેની છજી કે ખાંચ ન હોય તેમાંથી કોઇ સાંકડા મોંની શીશીમાં ધાર પાડવી મુશ્કેલ બને છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દવા હલાવવાનો કાચનો સળિયો, પ્યાલા પર કિનારને અડીને રાખીને રેડવાથી સીધી ધાર થશે.

ઢોરોના છાણમાં થતા કીડાઓ તેમજ તેમના પેટમાં ઉપદ્રવ કરતા જંતુઓના નાશ માટે તેના ખાણમાં રોજ ચાર ગ્રામ ઝિંક સ્ટીઍરેઇટ (જસત અને સ્ટીએરિક ઍસિડનો ક્ષાર) નાખવાથી એ જંતુઓ નાશ પામે છે.

આકાશમાં થતી વીજળી હવા સાથે ભળી જઈ નાઇટ્રોજન પેદા કરે છે. આ નાઇટ્રોજન વનસ્પતિઓ માટે ઘણો લાભકારક છે. એથી ખેતરોમાં પાક સારો થાય છે.

ચાલુ મહાયુદ્ધમાં લડેલા પોતાના લશ્કરના સ્મરણમાં યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકા ત્રણ સેન્ટની કીમતની ખાખી રંગની ટિકિટો કાઢવાનું છે, જેના ઉપર પારીસની વિજયકમાન નીચેથી પસાર થતા સેંકડો અમેરિકન સૈનિકો, અને માથે આકાશમાં ઊડતાં છ એરોપ્લેનોનું આલેખન હશે.



આ યુદ્ધમાં સેવા આપી છુટાં થએલાં અમેરિકન નાગરિકો માટે દેશ તરફથી માનચિહ્નતરીકે ઉપર આપેલું સોનાનું બટન તૈયાર કરવામાં આવ્યું છે ને ૧,૩૦,૦૦,૦૦૦ (એક કરોડ ને ત્રીસ લાખ) સ્ત્રી-પુરુષો એ પહેરશે.



અંધ ગાયક (ઇચિંગ) ચિત્રકાર · રમેન્દ્રનાથ ચક્રવર્તી



મોહનમૂર્તિ ચિત્રકાર · સૌ. ભદ્રા દેસાઈ